# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

14 MAY-2024 TUESDAY

વર્ષ-13 । અંક-179 । વિક્રમ સંવત-2080 । વૈશાખ સુદ-07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

'12 કલાક ગંદા પાણીમાં...' મનીષા કોઈરાલાએ હીરામંડી માટે કર્યું...





પેજ-09

ઈજાના ભય વચ્ચે મેસ્સીએ પૂરી મેચ રમી, ઈન્ટર મિયામીને 3-2થી જીત


હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 40.00 | 29.00 |
| વડોદરા | 41.00 | 29.00 |
| સુરત | 39.00 | 29.00 |




પેજ 5

ભારતીય રેલવેએ મુસાફરોને આપી ખુશખબરી સાબરમતી...





પેજ 10

પીઓકેમાં કાશ્મીરીઓએ મોરચો ખોલી દેતા શાહબાઝ...


શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 72776.13 | ▲ | 111.66 |
| નિફ્ટી | 22104.05 | ▲ | 48.85 |
| સોનું | 71,876.00 | ▼ | 851.00 |
| ચાંદી | 84,800.00 | ▼ | 110.00 |

# મુંબઈમાં વરસાદ સાથે 60 કિમીની ઝડપે પવન ફૂંકાયો

## ઘાટકોપરમાં હોર્ડિંગ પડવાથી 3નાં મોત

### દુર્ઘટનામાં 59 લોકોને થઈ ઈજા, 3ના મોત, મૃતકોને 5-5 લાખ સહાયની જાહેરાત

(એજન્સી) મુંબઇ । તા. 13

સોમવારે 13મી મેના રોજ બપોરે 3 વાગ્યે મુંબઈમાં હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો. ધૂળની ડમરીઓ બાદ વરસાદ પણ શરૂ થયો હતો. જોરદાર પવન અને વાવાઝોડાને કારણે દિવસ દરમિયાન રાત જેવું દૃશ્ય દેખાવા લાગ્યું હતું. અંધારું થઈ ગયું, જેના કારણે ઘાટકોપરમાં બિલબોર્ડ પડી જવાથી 3 લોકોનાં મોત થયાં હતાં અને 59 લોકો ઘાયલ થયા હતા. NDRFના જણાવ્યા અનુસાર, બિલબોર્ડ પડી જવાને કારણે ફસાયેલા 67 લોકોને બચાવી લેવાયા છે. હાલ બચાવકાર્ય ચાલી રહ્યું છે. એ જ સમયે હવામાનમાં ફેરફારની અસર મુંબઈ એરપોર્ટના સંચાલન પર પડી હતી. ઘણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ ડાઇવર્ટ કરવામાં આવી હતી, જ્યારે કેટલીક રી-શિડ્યૂલ કરવામાં આવી હતી. મેટ્રો અને લોકલ રેલ સેવાઓને પણ અસર થઈ હતી. જોકે બે કલાક બાદ સેવાઓ ફરી શરૂ થઈ હતી.



### અનેક ફ્લાઇટ્સ ડાઇવર્ટ કરાઈ

મહારાષ્ટ્રમાં ખરાબ વાતાવરણના કારણે મુંબઈ એરપોર્ટ પર લેન્ડ થનારી તમામ ફ્લાઈટ સુરત ડાયવર્ટ કરાઈ છે. પાંચથી છ ફ્લાઈટ સુરત એરપોર્ટ ખાતે ટાયવર્ટ કરાઈ છે. વડાલા ઈસ્ટ એન્ટોપ હિલ ખાતે બરકત અલી નાકા નજીક પાલખ તૂટી પડવાની મોટી ઘટના બની છે. જોકે તેમાં કોઈ નુકસાનના સમાચાર સામે આવ્યા નથી.

## હમાર કાશી-હમાર મોદી... ડમરુ, શરણાઈ, શંખનાદથી PMનું સ્વાગત કરાયું

# વારાણસીમાંવડાપ્રધાનમોદીનોભવ્યાતિભવ્ય રોડ-શો, કાશી વિશ્વનાથમાં કરી પૂજા-અર્ચના

(એજન્સી) વારાણસી । તા. 13

વારાણસીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રોડ શો ચાલી રહ્યો છે. રથ પર પીએમની સાથે સીએમ યોગી આદિત્યનાથ અને યુપી બીજેપીના પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરી પણ હાજર છે. પીએમ બાબા વિશ્વનાથ મંદિર પહોંચ્યા છે. મોદીનો રોડ શો અઢી કલાકમાં BHUથી કાશી વિશ્વનાથ મંદિર પહોંચ્યો હતો. પીએમએ મદન મોહન માલવિયાની પ્રતિમાને પુષ્પાંજલિ આપીને રોડ શોની શરૂઆત કરી હતી.

મોદીના સ્વાગત માટે રસ્તામાં 100 પ્લેટફોર્મ બનાવવામાં આવ્યા છે. લોકો સ્ટેજ પર ચઢીને હર હર મોદીના નારા લગાવી રહ્યા છે. ડમરુ વગાડી, શહનાઈ વગાડી અને શંખનાદ વડે મોદીનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે. મોદી અને યોગી હાથ જોડીને લોકોનું અભિવાદન કરી રહ્યાં છે. પીએમનો રોડ શો જોવા માટે મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા છે. રસ્તાની બંને બાજુ પગ મૂકવાની જગ્યા નથી.






### મુસ્લિમ મહિલાઓએ કહ્યું- મોદી અમારા ભાઈ છે

મુસ્લિમ મહિલાઓએ કહ્યું- મોદી અમારા ભાઈ છે. અમે મોદીને જોવા માટે આખી રાત ઊંઘ્યા નથી. મેં મોદીને સ્કાર્ફ પણ ભેટમાં આપ્યો. અમારી વચ્ચે કોઈ ભેદભાવ નથી. અમે મુસ્લિમ મહિલાઓ ઈચ્છીએ છીએ કે મોદી ફરીથી પીએમ બને. રોડ શો દરમિયાન બંગાળી સમાજની મહિલાઓએ બંગાળી ગીતો ગાઈને પીએમનું સ્વાગત કર્યું.

### ▪ વડાપ્રધાન મોદી આજે ઉમેદવારી ફોર્મ ભરશે

ભાજપ સૂત્રોના જણાવ્યા મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે ઉમેદવારી ફોર્મ ભરે તે પહેલા ગંગા નદીમાં ડુબકી લગાવશે. અત્રે એ યાદ રહે કે, વડાપ્રધાન મોદી ત્રીજી વખત વારાણસી બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. આ બેઠક માટે લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કામાં પહેલી જૂને મતદાન યોજાશે.

### ▪ વડાપ્રધાન ત્રીજી વખત કાળભૈરવ મંદિરે દર્શન કરશે

વડાપ્રધાન મોદી ઉમેદવારી ફોર્મ ભર્યા પહેલા સવારે અસ્સી ઘાટ જશે અને લગભગ 10.00 કલાકે કાળભૈરવ મંદિરે દર્શન કરશે. ત્યારબાદ પોણા અગિયાર વાગે NDA નેતાઓ સાથે બેઠક કરશે અને પછી 11.40 કલાકે ઉમેદવારી ફોર્મ ભરશે. ત્યારબાદ તેઓ ઝારખંડ જવા રવાના થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉમેદવારી ફોર્મ ભર્યા પહેલા કાશીના કોતવાલા બાબા કાળભૈરવના મંદિરમાં દર્શન કરશે અને પૂજા-અર્ચના પણ કરશે.

### ▪ મહિલાઓએ ભજન ગાઈને વડાપ્રધાન મોદીનું સ્વાગત કર્યું

દરમિયાન આજે વારાણસીમાં વડાપ્રધાન મોદીનો યોજાયેલા રોડ-શો દરમિયાન રસ્તાઓ રંગબેરંગી ફુલોથી સજાવાયા હતા. આ રોડ શો બીએચયુ ગેટથી વિશ્વનાથ કોરિડો સુધી યોજાયો હતો. જ્યાં જ્યાંથી વડાપ્રધાન મોદી પસાર થતા ત્યાં ત્યાં મોદી-મોદીના નારા સાંભળવા મળ્યા હતા. વડાપ્રધાને સૌકોઈની અભિવાદન કર્યું હતું.


**અમદાવાદ સહિત રાજ્યભરમાં ભારે પવન સાથે વરસાદ, ધૂળની ડમરીઓ ઉડી, અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી .... વિસ્તૃત સમાચાર માટે વાંચો પાના નં. 12 પર**


## Quick Read

### કેરળના 2500 મંદિરોમાં કરેણના 'જીવલેણ' ફૂલો ચઢાવવા પર રોક, સરકારે કેમ નિર્ણય લેવો પડ્યો

પુડુચેરી | કેરળ સરકાર દ્વારા નિયંત્રિત બે મંદિર ટ્રસ્ટોએ રાજ્યના મંદિરોમાં ઓલિન્ડર (કરેણ)ના ફુલ ચઢાવવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ બંને બોર્ડ રાજ્યમાં 2,500થી વધુ મંદિરોનું સંચાલન કરે છે. પરંતુ કરેણના ફુલ પર શા માટે પ્રતિબંધ મૂકવો પડ્યો? ચાલો જણાવીએ ગત 30 એપ્રિલે કેરળમાં 24 વર્ષીય નર્સ સૂર્યા સુરેન્દ્રનનું શંકાસ્પદ રીતે મૃત્યુ થયું હતું. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, સુરેન્દ્રનનું મૃત્યુ ઓલેન્ડર(કરેણ)ના ઝેરના કારણે થયું હતું. રિપોર્ટ પ્રમાણે સુરેન્દ્રન બ્રિટનમાં નોકરી લાગી હતી.

### બિહારના પૂર્વ ડેપ્યુટી CM સુશીલ કુમાર મોદીનું નિધન: કેન્સરની બિમારીથી પીડિત હતા

નવી દિલ્હી | ભાજપના નેતા અને બિહારના પૂર્વ ડેપ્યુટી સીએમ સુશીલ મોદીનું દિલ્હી AIIMSમાં નિધન થયું. તેઓ ગળાના કેન્સરથી પીડિત હતા. આ વર્ષે 3 એપ્રિલના રોજ તેમણે સોશિયલ મીડિયા પર માહિતી આપી હતી કે તે કેન્સરથી પીડિત છે. તેમણે લખ્યું હતું કે- હું છેલ્લા 6 મહિનાથી કેન્સર સાથે સંઘર્ષ કરી રહ્યો છું. હવે મને લાગ્યું કે લોકોને કહેવાનો સમય આવી ગયો છે. હું લોકસભાની ચૂંટણીમાં કંઈ કરી શકીશ નહીં.

### 'સાચી આઝાદી તો 2014 પછી મળી..' કંગનાએ ફરી વિવાદિત નિવેદન આપ્યું

ધર્મશાલા | બોલિવૂડ અભિનેત્રી અને હિમાચલ પ્રદેશની મંડી લોકસભા સીટથી ભારતીય જનતા પાર્ટી (BJP)ની ઉમેદવાર કંગના રણૌતે હવે હિન્દુ રાષ્ટ્રને લઈને મોટું નિવેદન આપ્યું છે. કુલ્લુમાં ચૂંટણી પ્રચાર દરમિયાન કંગનાએ કહ્યું હતું કે જ્યારે 1947માં ધર્મના આધારે પાકિસ્તાનની રચના કરવામાં આવી હતી, તો ત્યારે જ ભારતને હિન્દુ રાષ્ટ્ર કેમ જાહેર કરવામાં આવ્યું ન હતું? આપણા પૂર્વજોએ મુઘલોની ગુલામી, પછી અંગ્રેજોની ગુલામી અને પછી કોંગ્રેસનું આ કુશાસન જોયું છે.

### ટૂંક જ સમયમાં લગ્ન કરશે રાહુલ ગાંધી, રાયબરેલીની ચૂંટણી સભામાં મંચથી કરી જાહેરાત

રાયબરેલી | કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાયબરેલીમાં રેલી કરી. તેમની સાથે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ હાજર હતા. આ દરમિયાન સભાથી રાહુલ ગાંધી લગ્નને લઈને સવાલ પૂછાયા, જેના પર તેમણે જણાવ્યું કે તેઓ ક્યારે લગ્ન કરશે. ચૂંટણી રેલી દરમિયાન એક બાળકે રાહુલ ગાંધીથી તેમના લગ્નને લઈને સવાલ કરાયો હતો. આ સવાલનો જવાબ આપતા રાહુલ ગાંધીએ કહ્યું કે, હવે લાગે છે કે ટૂંક સમયમાં જ કરવા પડશે.

# 10 રાજ્યમાં ચોથા તબક્કાનું 96 બેઠક પર મતદાન પૂર્ણ : 62.56% મતદાન

## સૌથી વધુ પ. બંગાળમાં 75.72% અને સૌથી ઓછું જમ્મુ-કાશમીરમાં 35.97% મતદાન

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં સોમવારે 9 રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરની 96 બેઠક પર મતદાન સમાપ્ત થયું. 62.56% મતદાન થયું હતું. સૌથી વધુ મતદાન પશ્ચિમ બંગાળમાં 75.72% અને જમ્મુ-કાશ્મીરમાં સૌથી ઓછું 35.97% મતદાન થયું. આ ઉપરાંત આંધ્રપ્રદેશની 175 વિધાનસભા સીટો અને ઓડિશાની 28 વિધાનસભા સીટો પર પણ મતદાન થયું હતું. બિહારના મુંગેરમાં મતદાન પહેલાં એક પોલિંગ એજન્ટનું હાર્ટ-એટેકથી મોત થયું હતું. મુંગેરમાં જ કેટલાક લોકોએ વોટિંગ દરમિયાન સ્લિપ ન આપવા પર સુરક્ષાકર્મીઓ પર પથ્થરમારો કર્યો હતો. પોલીસે લાઠીચાર્જ કરી બે યુવકને કસ્ટડીમાં લીધા હતા. મહારાષ્ટ્રના બીડમાં એક ન્યૂઝ ચેનલના પત્રકારનું હાર્ટ-એટેકથી મોત થયું છે.



### મતદાન દરમિયાન બુરખો હટાવીને મહિલાઓના ચહેરાની ઓળખ કરાઈ

હૈદરાબાદની લોકસભા બેઠક પર ઓવૈસી અને ભાજપના ફાયરબ્રાન્ડ મહિલા ઉમેદવાર માધવી લતા ચૂંટણી લડી રહી છે. આ બેઠક વધુ ચર્ચામાં છે. જોકે અહીં તાજેતરમાં એક એવો વિવાદ સામે આવ્યો કે મતદાન વખતે બુરખો પહેરીને આવેલી મહિલાઓના ચહેરાની ઓળખ કરવા માટે તેમના ચહેરા પરથી બુરખા હટાવાયા હતા. લોકોને વાંધો ઊઠાવ્યો હતો.

### મતદાન દરમિયાન 3 લોકોનાં મોત

ચૂંટણી વચ્ચે પશ્ચિમ બંગાળ, બિહાર અને મહારાષ્ટ્રમાં અલગ-અલગ કારણોસર ત્રણ લોકોનાં મોત થયા છે. પશ્ચિમ બંગાળના બોલપુરમાં મતદાનના એક દિવસ પહેલાં TMC કાર્યકરની હત્યા કરવામાં આવી હતી. TMCએ સીપીઆઈ(એમ) સમર્થકો પર બોમ્બવિસ્ફોટનો આરોપ લગાવ્યો છે. દુર્ગાપુરમાં ભાજપ અને TMC સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું છે.

### આંધ્રમાં ધારાસભ્ય-મતદારે એકબીજાને થપ્પડ મારી, કોંગ્રેસના ઉમેદવારના ભાઈએ એક વ્યક્તિને લાત મારી

આંધ્રપ્રદેશના ગુંટુરથી YSR કોંગ્રેસના ધારાસભ્ય અન્નબથુની શિવકુમારે એક બૂથ પર એક મતદારને થપ્પડ મારી હતી. જવાબમાં મતદારે પણ તેમને થપ્પડ મારી હતી. આ પછી ધારાસભ્યના સમર્થકોએ તે વ્યક્તિને માર માર્યો હતો. લાઈનમાં ન આવવા માટે આ વ્યક્તિએ ધારાસભ્યને અટકાવ્યા, જેના કારણે વિવાદ થયો હતો.

### દેશની રિટેલ મોંઘવારી એપ્રિલમાં 11 માસના તળિયે 4.83 ટકા

#### પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

દેશની રિટેલ મોંઘવારી એપ્રિલ માસમાં 11 માસના તળિયે પહોંચી છે. પેટ્રોલ-ડીઝલ સહિત ઈંધણના ભાવોમાં ઘટાડાના પગલે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) ફુગાવો એપ્રિલમાં 4.83 ટકા નોંધાયો છે. જે માર્ચમાં 4.85 ટકા હતો. અર્થશાસ્ત્રીઓના 4.80 ટકા અંદાજ સામે વધ્યો છે. ખાદ્ય ચીજોના ભાવમાં વધારો નોંધાયો હોવા છતાં રિટેલ મોંઘવારી સ્થિર રહી છે. જેની પાછળનું કારણ પેટ્રોલ-ડીઝલ સહિત ઈંધણના ભાવોમાં ઘટાડો છે. ઈંધણ અને વીજનો મોંઘવારી દર ઘટી એપ્રિલમાં 4.24 ટકા નોંધાતા રિટેલ ફુગાવો સતત આઠમા મહિને આરબીઆઈની 2-6 ટકાની મર્યાદા હેઠળ નોંધાયો છે. એપ્રિલમાં ખાદ્ય ચીજોનો ફુગાવો વધી 8.70 ટકા થયો છે.

### દિલ્હી પોલીસને ફોન આવતાં અનેક દાવા

# હું સ્વાતિ માલિવાલ બોલું છું,CM હાઉસમાં મારી સાથે...



(એજન્સી) નવી દિલ્હી । તા. 13

દિલ્હી પોલીસને આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલિવાલના નામથી એક ફોન આવ્યો હતો. જેમાં સ્વાતિ માલિવાલે સાથે મારપીટ થયાનો દાવો કર્યો હતો. અહેવાલો અનુસાર, પીસીઆરને આ ફોન દિલ્હી સીએમ હાઉસથી આવ્યો છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. જો કે, આ મામલે સ્વાતિ માલિવાલનું કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. તેમણે કહ્યું કે AAP સાંસદ સ્વાતિ માલીવાલ સાથે સીએમ કેજરીવાલના પીએ વિભવ કુમારે મારપીટ કરી.

### કેજરીવાલના પીએ પર મારપીટ કર્યાનો આરોપ

દિલ્હી પોલીસને સોમવારે (13મી મે) સવારે લગભગ 9 વાગે સીએમ હાઉસમાંથી બે વખત પીસીઆરને ફોન આવ્યો હતો, ફોન કરનાર પોતાને સ્વાતિ માલિવાલ બતાવ્યા હતા. તેમણે કહ્યું કે,'હું સ્વાતિ માલિવાલ બોલું છું, સીએમ હાઉસમાં મારી સાથે મારપીટ થઈ છે', ફોન કરનારે સીએમ કેજરીવાલના પીએ પર મારપીટ કર્યાનો આરોપ લગાવ્યો હતો. જ્યારે પોલીસ સીએમ હાઉસ પહોંચી ત્યારે સ્વાતિ માલિવાલ ત્યાં ન હતા.

### ભાજપના નેતાએ આપી પ્રતિક્રિયા

ભાજપના નેતા કપિલ મિશ્રાએ આ મામલે પ્રતિક્રિયા આપી છે. તેમણે 'X'પોસ્ટ કરીને લખ્યું કે, 'આજે સવારે સ્વાતિ માલિવાલને કેજરીવાલના ઘરે પોલીસ કેમ બોલાવવી પડી? શું કેજરીવાલના પીએ બિભવે સ્વાતિ માલિવાલ સાથે મારપીટ કરી છે? શું મુખ્યમંત્રી કાર્યાલય કોઈ સ્પષ્ટતા આપશે? ભગવાન કરે સીએમ હાઉસમાં મહિલા રાજ્યસભા સાંસદ સાથે મારપીટ થયાના સમાચાર ખોટા સાબિત થાય.'

# ...તો હું પાંચમી જૂને જેલમાંથી બહાર આવી જઈશ : કોર્પોરેટરોને કેજરીવાલનું સંબોધન

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

દિલ્હીની લિકર પોલિસીમાં કથિત મની લોન્ડ્રિંગના કેસમાં વચગાળાના જામીન પર બહાર આવેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે (CM Arvind Kejriwal) આજે આમ આદમી પાર્ટીના કોર્પોરેટરોને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, 'જો ચૂંટણી પરીણામો જાહેર થયા બાદ INDIA ગઠબંધન સત્તામાં આવશે તો હું પાંચ જૂને તિહાર જેલમાંથી બહાર આવી જઈશ.



### મારા પર CCTVથી નજર, PMOને પણ ફીડ ઉપલબ્ધ કરાવાઈ

કેજરીવાલે કોર્પોરેટરોને સંબોધતા આક્ષેપ કર્યો કે, 'તિહાર જેલમાં ન્યાયિક કસ્ટડી દરમિયાન મને તોડવાનો અને અપમાનિત કરવાનો પ્રયાસ કરાયો હતો. મને જેલમાં જે સેલમાં રખાયો હતો, તેમાં બે સીસીટીવી કેમેરા લગાવાયા હતા અને મારી ગતિવિધિઓ પર 13 અધિકારીઓ દ્વારા દેખરેખ રખાતી હતી.

### મારી ધરપકડ બાદ ભાજપે મને તોડવાના લાખો પ્રયાસો કર્યા

દિલ્હીના મુખ્યમંત્રીએ કહ્યું કે, 'મારી ધરપકડ કરાયા બાદ ભાજપે મને તોડવાના લાખો પ્રયાસો કર્યા છે, પરંતુ આમ આદમી પાર્ટી તૂટવાના બદલે વધુ મજબૂત અને એક થઈ રહી છે. મારા ઈન્ડિયા ગઠબંધનના સાથી પક્ષો અને મિત્રોનું મને આમંત્રણ મળ્યું છે કે, તમે અહીં આવીને પણ પ્રચાર કરો. હું આગામી 21 દિવસમાં જ્યાં પણ શક્ય હશે ત્યાં જઈશ અને ભાજપને હરાવવા પ્રચાર કરીશ.

### ગઢચિરોલીમાં અથડામણમાં ત્રણ નક્સલવાદીઓ ઠાર

(એજન્સી) ગઢચિરોલી । તા. 13

મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાના ભામરાગઢ જંગલમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણમાં ત્રણ નક્સલવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા છે. ઠાર કરવામાં આવેલા નક્સલવાદીઓમાં બે મહિલાઓ પણ સામેલ છે. પોલીસે એક પુરુષ અને બે મહિલા નક્સલવાદીઓના મૃતદેહ કબજે કર્યા છે. ગઢચિરોલી મહારાષ્ટ્રના નક્સલ પ્રભાવિત વિસ્તારોમાંનો એક છે. લોકસભા ચૂંટણી 2024ના પ્રથમ તબક્કામાં અહીં મતદાન થયું છે. ગોળીબાર બંધ થયા બાદ સુરક્ષા દળોએ સ્થળ પરથી એક AK-47 રાઈફલ, એક કાર્બાઈન ગન અને એક ઈન્સાસ રાઈફલ જપ્ત કરી છે.

# અપહરણ કેસમાં JDS નેતા એચ.ડી. રેવન્નાને મોટી રાહત થઈ, કોર્ટે આપ્યા શરતી જામીન



(એજન્સી) બેંગ્લોર । તા. 13

અપહરણના કેસમાં ફસાયેલા કર્ણાટકના જેડીએસ નેતા એચ.ડી. રેવન્નાને પબ્લિક રેપ્રેજેન્ટિવ કોર્ટે મોટી રાહત આપી છે. કોર્ટે શરતી જામીન આપવા સાથે આદેશ આપ્યો છે કે, તેમણે એસઆઈટીની તપાસમાં સહયોગ કરવો જોઈએ અને પુરાવાઓ સાથે છેડછાડ ન કરવી જોઈએ. તેમને પાંચ લાખ રૂપિયાના બોન્ડ પર જામીન મળ્યા છે. રેવન્નાએ કોર્ટમાં બે જામીનદાર પણ રજુ કરવા પડ્યા હતા.

### રેવન્નાના વકીલે કોર્ટમાં શું કહ્યું ?

એચ.ડી.રેવન્નાના વકીલ સી.વી.નાગેશે કોર્ટમાં દલીલ કરી હતી કે, 'તે (પીડિતા) મારા (એચ.ડી.રેવન્ના) ઘરે 10 વર્ષથી વધુ સમય સુધી નોકરાણીનું અને રસોઈનું કામ કરતી હતી. તેમને ઘરે આવવાના સંદેશ મોકલો તે અપહરણ નથી. તે માત્ર નોકરાણી અથવા રસોઈ બનાવનારી નથી, તે મારી સંબંધી પણ છે.' નાગેશે કોર્ટમાં તર્ક આપ્યો હતો કે, રેવન્નાના કેસમાં 364Aનો ઉલ્લેખ કરાયો છે. રેવન્નાએ ધન અથવા શક્તિનો દુરુપયોગ કરીને કોઈપણ ધમકી આપી નથી. આ બાબતને સાબિત કરવા માટે કોઈપણ પુરાવા નથી.

### મહિલાની જાતીય શોષણનો વીડિયો વાયરલ

રાજુ એચડી નામના એક વ્યક્તિએ બીજી જૂને કેઆર નગર પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી. તેણે ફરિયાદમાં કહ્યું હતું કે, તેની માતાએ એચ.ડી.રેવન્નાના ઘરે અને ફાર્મહાઉસમાં છ વર્ષ કામ કર્યું હતું, જોકે તેનો પરિવાર ત્રણ વર્ષ પહેલા કામ છોડીને પોતાના ગામમાં હાલ મજૂરી કરી રહ્યો છે. થોડા દિવસ પહેલા તેનો એક પરિચિત સતીશ ઘરે આવ્યો હતો અને મહિલાને લઈને જતો રહ્યો હતો. થોડા દિવસ બાદ પરત લઈને આવી ગયો હતો. ત્યારબાદ 29 એપ્રિલે સતીશ ફરી ઘરે આવ્યો અને માતાને બળજબરીથી ઘરે લઈ ગયો હતો, સતીશ કહેતો હતો કે, પોલીસ શોધી રહી હોવાથી રેવન્નાએ તેને બોલાવી છે. પછી પહેલી મેએ તેનો એક મિત્ર તેની પાસે આવ્યો અને કહ્યું કે, તેની માતાનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

# સાવજ ગીર અને સાચા પ્રકૃતિ પ્રેમી ભીખુભાઈ બાટાવાલા દેવલોક પામ્યા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



સાવજ, ગીર અને પ્રકૃતિને સમપિત એવા આદરણીય શ્રી ભીખુભાઈ બાટાવાલા દેવલોક પામ્યા છે. પ્રકૃતિના જતનની ભેખ ધરનાર તે ઓ સમગ્ર જીવન પ્રકૃતિને સમપિત કર્યું તો, મૃત્યુ પર્યંત માનવ શરીર નું દાન કર્યું ખાંભા વીર શહીદ સ્વ.અમિતભાઈ જેઠવાના પિતા ખાંભાના વરિષ્ઠ પત્રકાર લાયન નેચર કલબ ના સ્થાપક, પ્રમુખ. પર્યાવરણપ્રેમી, નીડર, આર.ટી.આઈ એક્ટિવિસ્ટ સ્પષ્ટ વક્તા ચકલી ને બચાવવા માટે લાખો ચકલી ના માળા નું વિતરણ કરનાર વન્યજીવ જંગલ તેમજ પ્રકૃતિના જતન માટે સતત કાર્યરત વૃધ્ધ હોવા છતાં મનથી યુવાન વયોવૃદ્ધ માનવ આજના જુવાનીયા ને સલમાને તેમજ યુવાનો જે કામનો કરી શકે તેવું કામ કરી બતાવતાં તેઓના નેતૃત્વમાં ૬૦૦૦ હજાર કરતાં પણ વધુ સભ્યો ની ફોજ કાર્યરત છે. તેમજ ભારત સરકાર દ્વારા ૨૦૦૫ માં માહિતી નો અધિકાર કાયદો અમલમાં આવ્યો ત્યારથી સ્વ ભીખુભાઈ એ R.T.I ક્ષેત્રે કાર્યરત હતા તે પણ રજીસ્ટ્રેશન સંસ્થા છે. આ સંસ્થા માં પ્રમુખ તરીકે કાર્યરત હતા તેઓ દ્વારા એક્ટિવિસ્ટોની પંસદગી કરી કાયદાના જાણકારો ની ટીમ બનાવી આ સંસ્થાની સ્થાપના કરીને R.T.I. એક્ટિવિસ્ટ એસોસિયેશન બનાવીને ગુજરાત માં જિલ્લે જિલ્લે તાલુકા તાલુકે જાહેર કાર્યક્રમો ચલાવી લોકોને આ કાયદા વિશે જાગૃત કરવાનું મહાકાર્ય શરૂ કરી માહિતીનો અધિકાર કાયદાની ઉપયોગીતા વિશે લોકો ને સમજાવી અનેક ભ્રષ્ટાચારીઓને ભોભીતર કરી નાખ્યાં છે. અને અનેક લાંચિયા ભ્રષ્ટ અધિકારી કર્મચારીઓને મળતી ગાંધી છાપ નોટ નીચે ચાલતી પ્રવૃતિઓ બંધ કરવા માટે સચ્ચાઈ ની કલમ થી ભ્રષ્ટાચારીઓ ધ્રુજી ઉઠે તેવા કલમના કસબી હતા પ્રકૃતિ પ્રેમી જંગલ બચાવો અંધશ્રદ્ધા નિવારણ ના કેમ્પો કરવા વૃક્ષો રોપણ કાર્યક્રમો કરવા વન્યપ્રાણી માટે સતત લખતા અને ગેરકાયદેસર ખનન અટકાવવા ખનીજ ચોરી અટકાવવી કોઈ પણ પ્રકારનાં ગેરકાનૂની કામોબંધ કરાવવા નિડરતા પૂર્વક કાર્યરત હતા જેમના જુવાન જોધ દિકરાને અમદાવાદ હાઈકોર્ટની સામે હત્યા કરવામાં આવી હતી તે ખનન માફિયાઓ સામે વૃધ્ધ હોવા છતાં સખત સંગ્રામે સડી જેલ હવાલે કરેલ તેઓ હંમેશા ન્યાય તંત્ર માં વિશ્વાસ ધરાવતા વ્યક્તિ હતા અને ભ્રષ્ટાચાર ની સામે લડનાર ખાંભા ના આ વિરલ જેવો એ પ્રકૃતિ અને વન્ય સંપદા ના ના રક્ષણ માટે જીવન ખર્ચી પ્રાણ ની આહુતિ આપી આજે ખાંભા અને આસપાસ ના લોકો જે શુદ્ધ વાતાવરણ માં શ્વાસ લઈ રહિયા છે જે રળીયામણાં ડુંગરો જોઈને જે આનંદ થાય છે તે આ વિરલ પુરુષ ની દેન છે કે જેણે ગેરકાયદેસર ચાલતા ભડિયા. ગેરકાયદેસર ચાલતી ખાણો બંધ કરાવી ભૂ માફિયા ઓની સામે સતત લડત આપી પ્રકૃતિ નું રક્ષણ કરેલ આવા પ્રકૃતિ ના રક્ષકો જ્યારે આ સભ્ય સમાજ વચ્ચેથી અણધારી વિદાય લેતા હોય છે ત્યારે પ્રકૃતિ પણ એક ક્ષણ સ્તભ થઈ જતી હોય છે.

વસુંધરા પણ રોતિ હોય છે પ્રકૃતિ અને વન્ય સંપદા ના રક્ષણ માટે લડનાર આવા વિરલ પુરુષ ક્યારેક અને ક્યાંક ક્યાંક જ જન્મ લેતા હોય ભીખુભાઈ જેઠવા (બાટા વાળા ) ના દુ:ખદ અવસાન સમાચાર થી ખૂબ દુ:ખ ની લાગણી અનુભવુ છું તેઓની વિદાયથી સમગ્ર આર.ટી.આઈ. એક્ટિવિસ્ટ માં શોક નું મોજું ફરિ વળ્યું છે.

# ડાંગ જિલ્લામાં બીજા દિવસે ગાજવીજ સાથે કમોસમી વરસાદ અને બરફનાં કરા પડતા ખેડૂતોની ચિંતામાં વધારો

સુશીલ પવાર | ડાંગ



હાલમાં સમગ્ર ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે.ડાંગ જિલ્લામાં ઋતુચક્રનાં મૌસમે ભરઉનાળે ત્રિવેણી સંગમ રચતા લોકો પણ વિમાસણમાં મુકાયા છે.ત્યારે ગતરોજ સાપુતારા,આહવા ,વઘઈ,શામગહાન સહિત આસપાસનાં વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. સાથે જોરદાર વાવાઝોડાની સાથે બરફનાં કરા પડતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો.આ સ્થિતિમાં જગતનો તાત એવા ખેડૂતોની ચિંતામાં વધારો થવા પામ્યો હતો. તેમજ આજરોજ સોમવારે તાપી - ડાંગ જિલ્લાનાં સરહદીય વિસ્તાર સહિત વઘઈ પંથકમાં પણ બરફના કરા અને વાવાઝોડા સાથે કમોસમી વરસાદ વરસ્યો હોવાની વિગતો મળી રહી છે.ડાંગ જિલ્લામાં સતત બે દિવસથી ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે.ત્યારે સતત બીજા દિવસે પણ સમગ્ર ડાંગ જિલ્લામાં ગાજવીજ તથા કાળા ડીબાંગ વાદળો જોવા મળ્યા હતા.જે બાદ અચાનક વાતાવરણમાં પલટો આવતા અમુક ઠેકાણે કમોસમી વરસાદ વરસ્યો હતો.ડાંગ જિલ્લાનાં સાપુતારા,આહવા ,શામગહાન,સહિતના આસપાસના વિસ્તારોમાં સોમવારે બપોરબાદ વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ.તેમજ તાપી અને ડાંગ જિલ્લાનાં સરહદીય વિસ્તારમાં તથા વઘઇ પંથકમાં બરફના કરા અને વાવાઝોડા સાથે ભારે વરસાદ વરસ્યો હતો.સમગ્ર ડાંગ જિલ્લામાં અને તાપી જિલ્લાના સરહદીય વિસ્તારમાં કાળા ડિબાંગ વાદળો સાથે કમોસમી વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.ત્યારે સતત બીજા દિવસે ગરમીથી લોકોને રાહત મળી હતી. તેમજ ભર ઉનાળે ચોમાસા જેવી ઋતુની પ્રતીતિ થઈ હતી.જોકે સતત બે દિવસથી ડાંગ જિલ્લાનાં વાતાવરણમાં પલટો આવવાને કારણે જગતનો તાત એવા ખેડૂતોના પાકને નુકસાનની ભીતિ સર્જાઈ છે. તેવામાં ડાંગ જિલ્લામાં સતત વાતાવરણ પલટો આવતા અને કમોસમી વરસાદની સ્થિતિ યથાવત રહેતા ડાંગી ખેડૂતોની ચિંતામાં વધારો જોવા મળી રહ્યો છે.

# ભર ઉનાળે અષાઢી માહોલ ગાજવીજ સાથે વરસાદી માહોલ

## ■ વરસાદી વૈભવ વચ્ચે અમરેલી તેમજ આજુબાજુના વિસ્તારમાં વરસાદ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી નામતીરાલાની નદીમાં પૂર આવ્યું અનેક વિસ્તારોમાં ધુમસ્ય વાતાવરણ સાથે વરસાદી માહોલ પર્યટકોને પ્રકૃતિનો અણમોલ નજારો. કમોસમી વરસાદથી કહી ખુશી કહી ગમ નો માહોલ. આંબાવાડી, ડુંગળીની ખેતી કરતા ખેડૂતોના પાકને નુકશાન થવાની ભીતી. તો બીજી બાજુ સાગરખેડૂ માં મુંજવણ સુકવવા માં આવેલ મચ્છી પલ્લી જાય તો લાખો રૂપિયા નુકસાન થવાનો ભય કાળઝાળ ગરમીમાં રાહત પરંતુ ખેડૂતોનો ઊભો પાકા પલ્લી જવાથી નુકસાન

જિલ્લામાં અનેક જગ્યાએ કાળા ડીબાંગ વાદળો સાથે ગાજવીજ સાથે કમોસમી ધોધમાર વરસાદ. અમરેલી લીના મતિરાળા કરા સાથે બેફામ વરસાદ ક્યાંક પૂર તો ક્યાંક કરા સાથે ધોધમાર વરસાદ ચાલુ.

# જમણપુર ગામે ચામુંડા માતાજીનો એક ચંડી હવન યોજાયો



નિતીન ઠાકર | ચાણસ્મા

હારીજ તા.ના જમણપુર ગામે ભરતકુમાર જોષી પરિવાર દ્વારા વૈશાખ સુદ-૪ ના દિવસે કુળદેવી ચામુંડા માતાજી નો એક ચંડી હવન યોજ્યો હતો પં બકા મહારાજ દ્વારા યજ્ઞ વિધિ સંપન્ન કરાવાઈ હતી

# રાજપીપળાના વિસ્તારોમાં વરસાદ પડતાં સર્વત્ર ઠંડક

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં આજે બપોર બાદ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું જોકે વરસાદ ની આગાહી મુજબ રાજપીપળા સહિત નાંદોદ તાલુકાના અનેક ગામોમાં વરસાદ પડ્યો હતો જેના કારણે આકરી ગરમી થી તોબા પોકારી ઉઠેલા લોકો એ ઠંડક નો અનુભવ લીધો હતો ત્યારે જાણવા મળ્યા મુજબ નાંદોદ તાલુકાના ભુછાડ ગામમાં એક ઝાડ ઉપર વીજળી પડતા ઝાડ માં આગ લાગી હતી. નાંદોદ તાલુકાના રાજપીપળા સાથે કરજણ ડેમ સાઈટ તરફ આવેલા જુનારાજ, બારખડી, જીતગઢ, સુંદરપુરા સહિત અનેક ગામો માં વરસાદ પડ્યો હોવાથી આકરી ગરમી સામે ઠંડક જરૂર થઈ હતી પરંતુ ખેડૂતો ના ઊભા પાક ને આ કમોસમી વરસાદ ના કારણે નુકશાન થશે તેવી ચિંતા સતાવી રહી હતી માટે કહી ખુશી કહી ગમ જેવી ખેડૂતો ની સ્થિતિ જોવા મળી હતી.આમ ઉનાળા ની આકરી ગરમી વચ્ચે વરસાદ પડતા ખેડૂતો ચિંતા માં મુકાયા છે. ભુછાડ ગામમાં ઝાડ પર વીજળી પડતાં ઝાડ માં આગ લાગી હતી સદનસીબે કોઈ ને ઈજા થઈ નથી. રાજપીપળા માં વરસાદ પડતાં પહેલાં જ મામૂલી પવન માં વારંવાર લાઈટો ની આવન જાવન થતા લોકો અકળાઈ ઉઠ્યા હતા વીજ કંપની દ્વારા અવાર નવાર મેન્ટેનન્સ ની કામગીરી કરવામાં આવતી હોવા છતાં મામૂલી પવન માં લાઈટો જવી એ કામગીરી પર સવાલ ઉભા કરે છે.

**ભૂછાડ ગામમાં ઝાડ પર વીજળી પડતાં આગ લાગી**

# ચાણસ્માના રણાસણ ગામે શ્રી પરમાત્મા ધામ આશ્રમનું ભુમીપુજન કરવામાં આવ્યું

નિતીન ઠાકર | ચાણસ્મા



ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે આવેલ ઝીલીયા રોડ પર માતા પિતા નું ભક્તિ ધામ એટલે શ્રી પરમાત્મા ધામ આશ્રમ નું આજરોજ રવિવારના દિવસે બપોરે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે પૂર્વ ગૃહ મંત્રી રજનીભાઈ પટેલ સહિત ભાજપના આગેવાનો તેમજ સાધુ-સંતોની વિશેષ ઉપસ્થિત રહી હતી.

ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે નવ નિર્માણ પામનાર શ્રી પરમાત્મા ધામ આશ્રમ નું આજરોજ શનિવારના દિવસે બપોરના 2:00 વાગે શાસ્ત્રી જયંતીભાઈ આચાર્યના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે સાધુ-સંતો સહિત પરમાત્મા ગામ આશ્રમના પૂજ્ય સંત શ્રી પ્રભુ પરમાનંદ જી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા સાંજે 5:00 વાગ્યા ના અરસામાં ડીજેના તાલ સાથે આશ્રમ થી રણાસણ ગામની અંદર વિવિધ મંડળોની મહિલાઓ દ્વારા ડીજેના તાલ સાથે ભક્તિ સભર ગુણગાન ગાતા ગાતા રણાસણ ગામે પહોંચ્યા હતા જ્યાં સાધુ સંતોનું ભવ્ય સામાયું કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ રાત્રી દરમિયાન સંતોના આશીર્વચન તથા ભજન સત્સંગનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે પૂર્વ મંત્રી રજનીભાઈ પટેલ, એસ.કે પટેલ, ઉપેન્દ્રભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ,દીપમાલાબેન પટેલ, જયંતીભાઈ પટેલ પૂર્વ સરપંચ રણાસણ, પ્રવીણભાઈ પટેલ ,કનુભાઈ પટેલ રસોઈયા, ગાડાલાલ પટેલ સહિતના આગેવાનો તેમજ રણાસણ ગામના લોકો દ્વારા ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ભરુચથી નર્મદા જિલ્લો અલગ થયાના 26 વર્ષનો સમય વિતી ગયા બાદ પણ કેટલીક સુવિધા મળી નથી

## ■ ફૂડ & ડ્રગ કચેરી ભરૂચ માં છે એ જ અધિકારીઓ નર્મદા નું સંચાલન કરે છે, નર્મદા માં ક્યારે આ કચેરી ખુલશે..?

ભરત શાહ | રાજપીપળા



નર્મદા જિલ્લામાં ઘણી કચેરીઓ ખુલ્લી મુકાઇ નથી ત્યારે ભરૂચ થી નર્મદા જિલ્લો છૂટો પડ્યો તેને લગભગ 26 વર્ષ વિતી ગયા બાદ પણ જિલ્લામાં પૂરી સગવડ નથી કરાઈ જેમાં ખાસ કરીને જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ સહિત ની કેટલીક કચેરીઓ ખુલ્લી મૂકાઈ નથી માટે ભરૂચ ના અધિકારીઓ નર્મદા નું સંચાલન કરે છે. સાથે સાથે નર્મદા જિલ્લામાં જે જે કચેરીઓ ચાલુ છે એ પૈકી કેટલીક કચેરી માં ઈન્ચાર્જ ના ભરોસે ચાલુ છે જેમાં અન્ય જિલ્લા સાથે નર્મદા નો ચાર્જ સંભાળતા અધિકારીઓ અઠવાડિયા માં એક કે બે દિવસ અહીંયા આવે છે અને અમુક અધિકારીઓ તો પંદર દિવસે પણ આ તરફ ફરકતા હોય તો લોકો ના કામ ટલ્લે ચઢે છે.ત્યારે નર્મદા જિલ્લો અલગ થયાના 26 વર્ષ બાદ પણ આ જિલ્લામાં આવી સ્થિતિ હોય જિલ્લાના ચાર તાલુકા હતા જેમાં ગરુડેશ્વર તાલુકા અલગ કર્યા ને વર્ષો વીતી ગયા પરંતુ ત્યાં પણ તાલુકા કક્ષા ની કેટલીક સુવિધા મળી નથી તો શું વોટ બેન્ક ઉભી કરવા પાંચ તાલુકા કએવામાં આવ્યા હતા..? રાજકીય નેતાઓ કે મંત્રીઓ આ મુદ્દે યોગ્ય કરે તેવી લોકમાંગ છે.

ઉલ્લેખનીય છે કે જિલ્લો અલગ થયા બાદ પણ રાજપીપળા એસટી ડેપોની બધું જ સંચાલન ભરૂચ ડિવિઝન ડેપો દ્વારા કરવામાં આવે છે, તો રાજપીપળા માં બેઠેલા ડેપો મેનેજર શું ફક્ત બસો ના રૂટ માટે જ મૂકવા માં આવ્યા છે. આમ નર્મદા જિલ્લો અલગ કર્યા ના 26 વર્ષ બાદ પણ આ જિલ્લા ને સ્વતંત્રતા મળી નથી તેવું જણાઈ રહ્યું છે.

# એક્સ બોયફ્રેન્ડ દ્વારા હેરાનગતિ કરાઈ

રાજપીપળા : અંકલેશ્વરમાં યુવતીનો કોલ આવેલ જણાવે છે કે, મારા એક્સ બોયફ્રેન્ડ દ્વારા હેરાનગતિ કરાઈ છે, મારા કામકાજના સ્થળ પર આવીને ધમાલ કરી, મને તેમજ મારા સાથી કર્મચારી સાથે મારા મારી કરેલ છે, તેથી એક્સ ને સમજાવવા મને 181 હેલ્પલાઈનની મદદ જોઈએ છે. 181 ટીમ ઘટના સ્થળે પહોંચી હતી.

# કમોસમી વરસાદની આગાહીને પગલે ખેતી નિયામકની કચેરીનો ખેડૂતોને તકેદારીનાં પગલા લેવા અનુરોધ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

હવામાન ખાતા દ્વારા આગામી તા. ૧૬ મે, ૨૦૨૪ સુધી ગુજરાતના બનાસકાંઠા, સાંબરકાઠા, નવસારી, વલસાડ, અરવલ્લી, દાહોદ, મહિસાગર, ડાંગ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, સુરત, અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ, રાજકોટ, સુરેદ્રનગર અને બોટાદ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. વાદળછાયા વાતાવરણ અને વરસાદને ધ્યાને લઈને ખેડૂતો દ્વારા સ્વાભાવિક રીતે પાકના રક્ષણ માટેના કેટલાક ઉચિત પગલાં લેવામાં આવતા હોય છે, તેમ છતાં ખેતી નિયામકની કચેરી દ્વારા રાજ્યના ખેડૂતોને તકેદારીનાં પગલા લેવા સંદેશો આપવામાં આવ્યો છે. વરસાદના સમયે પાકરક્ષણ માટે તકેદારીના પગલાઓ અંગે ખેતી નિયામકની કચેરી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, કમોસમી વરસાદમાં થતા પાક નુકશાનથી બચવા માટે ખેડૂતોએ ખેત ઉત્પાદિત પાક અને ખેતરમાં કાપણી કરેલા પાક જો ખુલ્લામાં પડ્યા હોય તો, સૌપ્રથમ તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડી લેવા અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે પાકને ઢાંકી દેવો હિતાવહ છે. આ ઉપરાંત ઢગલાની ફરતી બાજુ માટીનો પાળો બનાવી દેવો, જેથી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકી શકે. વધુમાં જણાવ્યા પ્રમાણે, વરસાદના સમયે પાકમાં જંતુનાશક દવાઓ અને ખાતરનો ઉપયોગ ટાળવો જોઈએ. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ પણ સાવચેતીના પગલા ધ્યાને લઈ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉન કે બંધ જગ્યામાં સુરક્ષિત રાખવો. આ ઉપરાંત APMCમાં અનાજ અને ખેતપેદાશોને વરસાદથી સુરક્ષિત રાખવા તેમજ APMCમાં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવી.


## ઉત્તર મધ્ય રેલવે

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નંબર :- 24/31 તારીખ :- 10-05-2024

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**

ભારતના રાષ્ટ્રપતિ વતી, મુખ્ય ચીફ મટિરિયલ મેનેજર, નોર્થ સેન્ટ્રલ રેલવે, પ્રયાગરાજ (AN ISO 9001:2015 પ્રમાણિત એકમ) નીચેના ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડરોને આમંત્રણ આપે છે.

| ક્ર સં | ટેન્ડર નંબર | સંક્ષિપ્ત વિવરણ | જથ્થો | ટેન્ડર ખુલવાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | 80244112 | ATVM માટે પ્રી પ્રિન્ટેડ થર્મલ પેપર UTS ટિકિટ રોલ. | 40200 ટી રોલ | 06.06.2024 |
| 2 | 30241654એ | ઈન્જેક્શન મોલ્ડેડ થર્મોપ્લાસ્ટિક પોલિએસ્ટર ઈલાસ્ટોમર. | 1056 નંગ | 04.06.2024 |
| 3 | 90222364એ | પીલ્ડ બારનું કદ 40 મીમી વ્યાસ × 3730 મીમી લાંબુ. | 226 એમટી | 05.06.2024 |
| 4 | 38242698 | અસેમ્બલી પ્રાઈમરી બ્રેક | 270 નંગ | 06.06.2024 |
| 5 | 90222363એ | પીલ્ડ બારનું કદ 36 મીમી વ્યાસ × 6590 મીમી લાંબુ. | 62.47 એમટી | 10.06.2024 |
| 6 | 90242366 | છાલવાળી પટ્ટીનું કદ 40 મીમી વ્યાસ × 3890 મીમી લાંબુ. | 180.23 એમટી | 10.06.2024 |
| 7 | 38242762એ | સ્નબર સ્પ્રિંગ. | 3500 નંગ | 10.06.2024 |
| 8 | 38242613 (ઈ-આરએ) | નકલ | 12943 નંગ | 10.06.2024 |
| 9 | 64231093બી | હાઈડ્રોલિક ડમી પ્લેસર | 150 નંગ | 05.06.2024 |
| 10 | 64231091બી | હાઈડ્રોલિક ડમી પ્લેસર | 500 નંગ | 05.06.2024 |
| 11 | 64245107 | હાઈડ્રોલિક ડબલ પંપ | 75 નંગ | 17.06.2024 |
| 12 | 64245074એ | કટીંગ ચેઈન કેપ | 460 નંગ | 05.06.2024 |
| 13 | 64245116 | હાઈડ્રોલિક હોસ પાઈપ | 1800 એમટીઆર | 11.06.2024 |
| 14 | 38241250 | શંક વસ્ત્રો પ્લેટ | 14700 નંગ | 03.06.2024 |
| 15 | 38241783 | હાઈ ટેન્સાઈલ ટ્રાન્ઝિશન સીબી કપ્લર | 41 નંગ | 11.06.2024 |

નોંધ: ઉપરોક્ત તમામ ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડરોની સંપૂર્ણ વિગતો IREPS વેબસાઈટ https://www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડરોમાં કોઈપણ ફેરફાર/શુદ્ધિપત્ર માટે કૃપા કરીને આ વેબસાઈટની નિયમિત મુલાકાત લો. અખબારમાં કોઈ અલગ શુદ્ધિપત્ર અને/અથવા ફેરફારો પ્રકાશિત કરવામાં આવશે નહીં. 840/24 (P)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @CPRONCR



## ઉત્તર મધ્ય રેલવે

**ઈ-ટેન્ડર સૂચના**

ટેન્ડર નોટિસ નં: 230-ઈલેક્ટ્રીક/ટીઆરડી/પીઆરવાયજે/ઈ-ટેન્ડર નોટિસ/2024/525 તા.: 10-05-2024
ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી વરિષ્ઠ વિભાગીય વિદ્યુત ઈજનેર /TRD/nc રેલ્વે/પ્રયાગરાજ નીચેના ઈ-ટેન્ડરને આમંત્રિત કરે છે, ટેન્ડરની વિગતો નીચે મુજબ છે

| ટેન્ડર નંબર | જાહેરાત કિંમત | બિડ અનામત |
|---|---|---|
| 230-TRD-WC-915-2024 | રૂ: 7146078.00 | રૂ: 142900.00 |

**કાર્યનું વર્ણન** પ્રયાગરાજ ડિવિઝનના પંડિત દીન દયાલ ઉપાધ્યાય જંકશન - ગાઝિયાબાદ વચ્ચેના વિભાગો વચ્ચે OHE અને ઓવરલાઈન સ્ટ્રક્ચર્સ વચ્ચે ઓછી ક્લિયરન્સ ધરાવતી સંયુક્ત ઉચ્ચ વોલ્ટેજ અપમાનિત કોટિંગની સપ્લાય અને એપ્લિકેશન.
**પૂર્ણ કરવાની અવધિ :** 06 મહિના **બિડિંગ સિસ્ટમ :**( સિંગલ પૈકેટ) **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :-** 03-06-2024 & 14:00 કલાક **ટેન્ડર ખુલવાની તારીખ અને સમય :-** 03-06-2024 અને 15:00 કલાક

| ટેન્ડર નંબર | જાહેરાત કિંમત | બિડ અનામત |
|---|---|---|
| 230-TRD-WC-916-2024 | રૂ:- 2258668.16 | રૂ: 261300.00 |

**કાર્યનું વર્ણન** પ્રયાગરાજ વિભાગમાં ફાફુંડ, ઈટાવા, ટુંડલા, હાથરસ, અલીગઢ, ખુર્જા અને દાદરી ડેપોના અધિકારક્ષેત્રમાં 25KVOHE ની વિશ્વસનીયતા માટે વિવિધ સ્થળોએ કાટવાળું કેન્ટીલીવર બદલવું (IInd call)
**પૂર્ણ કરવાની અવધિ :** 12 મહિના **બિડિંગ સિસ્ટમ :**( સિંગલ પૈકેટ) **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :** 03-06-2024 & 14:00 કલાક **ટેન્ડર ખુલવાની તારીખ અને સમય :** 03-06-2024 અને 15:00 કલાક

**નોંધ :-** 1. ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજો સાથેની સંપૂર્ણ માહિતી ટેન્ડર ખોલવાની તારીખના 21 દિવસ પહેલા વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ રહેશે. 2. ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ ડિજિટલ હસ્તાક્ષર સાથે IREPS વેબસાઈટ પર પોતાની નોંધણી કરાવવી જરૂરી છે. 3. કોઈપણ મુશ્કેલીના કિસ્સામાં IREPS ની વેબસાઈટ પર ઉપલબ્ધ હેલ્પડેસ્કનો સંપર્ક કરી શકાય છે.
843/24 FA

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in


# નરખડી ગામની નર્મદા નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન થતું અટકાવવા ગ્રામજનો એ કલેકટર ને આપ્યું આવેદન

ભરત શાહ | રાજપીપળા



નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નરખડી ગામની નર્મદા નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન થતું અટકાવવા ગ્રામજનો એ નર્મદા કલેકટર ને આવેદનપત્ર આપી રજૂઆત કરી છે. નાંદોદ તાલુકાના કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ પ્રકાશભાઈ વસાવા ની આગેવાની હેઠળ ગ્રામજનો એ આપેલા આ આવેદનમાં જણાવ્યા મુજબ નાંદોદ તાલુકાના નરખડી ગામમાં આવેલી નર્મદા નદી ના બ્રિજ નીચે અમુક માથાભારે અસામાજિક તત્વો ખનન માફીયાઓ દ્વારા બિન અધિકૃત રીતે રેતી ખનન કરતા હોય, આ મુદ્દે વારંવાર રજુઆત કરવા છતાં સરકારી માલ,મિલકત તથા રોયલ્ટી ની ચોરી કરવા છતાં કોઈજ પગલાં લેવાતાં નથી વધુમાં જે તે જગ્યા પર સરકાર તરફથી લિઝ ફાળવી નથી તેમ છતાં ત્યાં રેતી ખનન કરવામાં આવી રહ્યું છે, માટે તેને રોકવા માટે કાયદેસર કાર્યવાહી કરવા આવેદન દ્વારા રજુઆત કરવામાં આવી છે.

# રાજુલા નાગરિક બેન્ક પરિવાર દ્વારા ઉમદા કાર્ય

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા નાગરિક બેંક પરિવાર દ્વારા રાજુલા શહેરમાં ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા અને ખરીદી કરવા આવતા લોકોને અને હાલ ખૂબ જ ગરમી અને તાપ પડી રહ્યો હોય ત્યારે આવા સમયે પાણીની વ્યવસ્થા હોવી જરૂરી હોય ત્યારે રાજુલા નાગરિક બેંક પરિવાર દ્વારા રાજુલા પોલીસ સ્ટેશન પાસે એક પાણીનું પરબ શરૂ કરવામાં આવ્યું ત્યારે આવતા જતા તમામ લોકો ને ઠંડુ પાણી મળી રહે તે હેતુથી રાજુલા નાગરિક બેંક દ્વારા આ ઉમદા કાર્ય કરવામાં આવ્યું જોકે ઉનાળા માં પાણીના પરબ ઘણા લોકો શરૂ કરે છે જેમાં ખાસ કરીને વિવિધ સંસ્થાઓ દ્વારા પણ આવા પરબ શરૂ કરવામાં આવતા હોય છે.

# અમરેલીના જશવંતગઢ ગામે કિશાન ઓઇલ મીલમાં અચાનક આગ ભભુકી ઉઠતાં અફડાતફડી મચી



અશોક મણવર | અમરેલી

અમરેલી તાલુકાના જશવંતગઢ ગામે આવેલ કિશાન ઓઈલ મીલમાં અચાનક આગ ભભુકી ઉઠતાં અફડાતફડી મચી ગઈ છે ત્યારે ઘટનાની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમને થતા ફાયર ઓફિસર એચ.સી. ગઢવીના માર્ગ દર્શન હેઠળ ફાયર એન્ડ ઈમરજન્સી ટીમ તાત્કાલિક ઘટના સ્થળે 2 વોટર બાઉઝર સાથે પહોંચી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો છે ત્યારે સદનસીબે આગ ભભુકી ઉઠતાં કોઈ મોટી દુર્ઘટના ન સર્જાતા તંત્રએ હાશકારો લીધો આગ ભભુકી ઉઠતાં ફાયર સ્ટાફ હિંમતભાઈ બાંભણિયા, પ્રવીણભાઈ ચૌહાણ, સાગરભાઈ પુરોહિત,કરણ ગઢવી,સાનિયા નિલેશભાઈ, ધર્મેશ જુવાદરીયા,યોગેશ કણસાગરા સહિત ફાયર ઈમરજન્સી ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયેલા અને આગ પર કાબુ મેળવ્યો. કાબુ મેળવવામાં આવ્યો સદનચીબે કોઈ મોટી દુર્ઘટના ન સર્જાતાં તંત્રએ હાશકારો લીધો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### જોનપુર અને મછલીશહર લોકસભા બેઠક પર BJPનો પ્રચાર કરશે

# સુરત ભાજપની ટીમનું યુપી તરફ પ્રયાણ:ગુજરાતમાં ચૂંટણી પૂર્ણ થતાં 25 ગાડીના કાફલા સાથે કાર્યકર્તાઓ રવાના

સુરત તા 13

દેશમાં કોઈપણ રાજ્યમાં ચૂંટણી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ સુરતથી મેસેજ આપવાનો પ્રયાસ કરવામાં આવતો હોય છે. એટલું જ નહીં પરંતુ સુરતથી કાર્યકર્તાઓની ફોજ અલગ અલગ જિલ્લાઓમાં અને રાજ્યોમાં ઉતારી દેવામાં આવતી હોય છે. ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પૂર્ણ થઈ ગયા બાદ હવે ઉત્તર પ્રદેશમાં યોજાનાર લોકસભા ચૂંટણીમાં પ્રચાર માટે ભાજપના કાર્યકર્તાઓએ યુપી તરફ પ્રયાણ કર્યું છે. 25 ગાડીના કાફલા સાથે ભાજપના કાર્યકર્તાઓ ઉત્તર પ્રદેશ રવાના થયા છે. આ કાર્યકર્તાઓ જોનપુર અને મછલીશહર લોકસભા બેઠક પર ભાજપનો પ્રચાર કરશે. યુપીમાં સુરત સંગઠનના કાર્યકર્તાઓ કામે લાગશે ુજરાતની લોકસભાની ચૂંટણી પૂર્ણ થઈ ગયા બાદ હવે ઉત્તર પ્રદેશમાં ખરાખરીનો જંગ શરૂ થયો છે. દેશનું સૌથી મોટું રાજ્ય હોવાને કારણે અહીં સૌથી વધુ લોકસભા બેઠકો છે. ગત વખતની ચૂંટણીની જેમ જ આ વખતે પણ લોકસભામાં પરિણામ ભાજપ તરફેણમાં આવે તેના માટે સંગઠનાત્મક રીતે કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. જે લોકસભા વિસ્તારના લોકો સુરતમાં રહેતા હોય તે લોકસભામાં કાર્યકર્તાઓને પ્રચાર પ્રસાર માટે મોકલવામાં આવી રહ્યા છે.

સુરતમાં રહેતા યુપીવાસીઓ પાસે જઈ પ્રચાર ચાલુ અલગ અલગ લોકસભા બેઠક પ્રમાણે વાહનો અહીંથી પ્રસ્થાન કરી રહ્યાં છે. ગત ચૂંટણીમાં પણ ગુજરાતમાં થઈ



રહેલા વિકાસ અને મોદી મોડલને લઈને ઉત્તર પ્રદેશમાં ખૂબ પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો. તેનું સારું પરિણામ પણ જોવા મળ્યું હતું. સુરતના ઉધના, પાંડેસરા, ગોડાદરા, પર્વત પાટિયા જેવા વિસ્તારમાં યુપીવાસીઓની સંખ્યા લાખોમાં છે. ઉત્તર પ્રદેશમાં અલગ અલગ તબક્કામાં મતદાન થવાનું છે ત્યારે લોકસભા બેઠકો મુજબ રણનીતિ નક્કી કરવામાં આવી રહી છે.

જોનપુર અને મછલીશહર લોકસભા બેઠક પર કરશે પ્રચાર ભાજપના પૂર્વ કોર્પોરેટર યજુવેન્દ્ર દુબેએ જણાવ્યું હતું કે, ઉત્તર પ્રદેશમાં ચાલી રહેલા લોકસભા ચૂંટણીના પ્રચાર પ્રસારમાં હવે સુરતની ટીમ પણ કામ કરશે. ગુજરાતની ચૂંટણી પૂર્ણ થઈ ગયા બાદ સુરતમાં વસતા યુપીવાસીઓ હવે જે જે લોકસભા અને વિધાનસભા વિસ્તારોમાંથી સુરતમાં સ્થાયી થયા છે તેઓ ત્યાં જઈને પ્રચાર કરશે. અમારી ટીમ અંદાજે 25 જેટલી ફોરવ્હીલ ગાડીઓ લઈને રવાના થઈ છે. હજી અલગ અલગ લોકસભા બેઠકો પર કાર્યકર્તાઓને મોકલાશે વધુમાં જણાવ્યું હતું કે, જોનપુર લોકસભા બેઠક ઉપર મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રી કૃપાશંકરસિંહ ચૂંટણી લડી રહ્યા છે. તેને બરાબર લગોલગ આવેલી મછલીશહર લોકસભા બેઠક ઉપર પી.વી. સરોજ ચૂંટણી લડી રહ્યા છે. બંને લોકસભા બેઠક ઉપર સુરતના કાર્યકર્તાઓ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને જિતાડવા માટે પ્રયાસ કરશે. આવનાર દિવસોમાં હજી અલગ અલગ લોકસભા બેઠકો ઉપર પણ આ જ રીતે આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રમાણે તબક્કામાં મતદાન હશે તેના પહેલાં અલગ અલગ લોકસભાની ટીમ ઉત્તર પ્રદેશમાં જઈને પ્રચાર કરશે.

## ન્યૂઝ કોર્નર


### સિહોરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે જુગાર રમતા 2 જુગારીઓ ઝડપાયા, એક ફરાર

ભાવનગર જિલ્લાના સિહોર પોલીસ સ્ટેશનના જવાનોએ વિસ્તારમાં પેટ્રોલીંગ હતા તે દરમિયાન રાજીવનગરથી ગુંદાળા જવાના કાચા રસ્તે સ્ટ્રીટ લાઈટના અંજવાળે સરાજાહેર તિનપત્તિનો હાર-જીતનો જુગાર રમતા બે શખ્સોઓ ઝડપાયા જ્યારે એક શખ્સ પોલીસ જોઈ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. સમગ્ર બનાવ અંગે સિહોર પોલીસ મથકે થી જાણવા મળતી વિગતો અનુસાર ગતરાત્રીના સિહોર પોલીસ મથકના જવાનો વિવિધ વિસ્તારોમાં પેટ્રોલીંગમા હોય એ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, રાજીવનગરથી ગુંદાળા જવાના કાચા રસ્તે સ્ટ્રીટ લાઈટના અંજવાળે ત્રણ શખ્સો પૈસા-પાનાં વડે તિનપત્તિનો હાર-જીતનો જુગાર રમે છે જે હકીકત આધારે ટીમે બાતમી છૂટેલા વ્યક્તિનું નામ સંજય મોહનભાઈ ડાભી જણાવ્યું હતું. નાસી છૂટેલાને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા હતા.

### શહેર જિલ્લામાંથી 500થી વધુ હજયાત્રીઓ હજયાત્રાએ જશે

આ વર્ષે હજ -2024માં હજ માટે પવિત્ર મક્કા મદીના શરીફ જવા માટે ભારત દેશમાંથી હજ કમિટી ઓફ ઈન્ડીયા દ્વારા કુલ 1,40,000 તેજ રીતે ગુજરાત રાજ્યમાંથી અંદાજે 15,000 અને ભાવનગર શહેર યાત્રીઓ હજ યાત્રાઓ હજ યાત્રાએ જશે આ ઉપરાંત ખાનગી ટુર્સ અને ટ્રાવેલ્સ દ્વારા પણ ઘણા હજયાત્રીઓ હજયાત્રાએ જશે. હજ માટે જવા ગુજરાતના હાજીઓ માટે અમદાવાદથી આગામી તા.26/5ના પ્રથમ ફ્લાઈટ રવાના થશે. આ હજયાત્રીઓને આજે ભાવનગરની સરકારી સર ટી. હોસ્પિટલ ખાતે હજયાત્રીઓને ભારત સરકાર દ્વારા રસી આપવામાં આવી હતી. હજ કમીટી ઓફ ઈન્ડીયા દ્વારા જણાવવામાં આવેલ છે કે દરેક હજ યાત્રીકોને આ રસી લેવી ફરજીયાત છે અને તેનું સર્ટીફીકેટ મેળવવુ પણ ફરજીયાત છે. આજે તા.12/5ને રવિવારે સર ટી હોસ્પિટલ ખાતે યોજાયો હતો.

# 3 સ્થળે બ્લાસ્ટની ધમકી, 2 હજાર લોકોને રાતભર પોલીસે ચેક કરી આરોપીને પકડ્યો



સુરત તા 13

'મેને સુરત શહેર મે તીન જગા પે બોમ્બ પ્લાન્ટ કીયા હૈ, જો 11.55 કો ફટેગા, શહેર કો બચા શકતે હૈ તો બચાલો', કહી પોલીસના કંટ્રોલરૂમમાં હિન્દીભાષામાં ફોન કરી 50 સેકન્ડ વાત કરી ધમકી આપી શખ્સે ફોન કરી ભય ફેલાવ્યો હતો. જે નંબરથી ફોન આવ્યો તેની ટેક્નિકલ સર્વેલન્સ આધારે તપાસ કરી હતી અને નંબરનું લોકેશન ચેક કરતા ઉધના હરીનગરનું મળ્યું હતું. આથી કંટ્રોલરૂમથી મોડીરાતે ઉધના પીઆઈ એસ.એન.દેસાઈને જાણ કરાઈ હતી. સાથે SOG અને ક્રાઈમબ્રાંચનો સ્ટાફ દોડી આવ્યો હતો. જુદી જુદી 10 ટીમ બનાવી 100 પોલીસકર્મીઓએ શનિવારે રાત્રે 10 વાગ્યેથી ઉધનાના હરીનગરમાં 500થી વધુ ખોલી અને ઘરોમાં 2 હજાર માણસોનું ચેકિંગ કર્યું હતું જેમાં આરોપીના એક મિત્રને પોલીસે પકડી લીધો હતો.

જોકે, તેને આરોપીનું નામ જાણતો ન હતો. અને આરોપી એક ખોલીમાં ઊંઘતો હતો ત્યાંથી પોલીસે તેને દબોચી લીધો હતો. 5 કલાકમાં આરોપી અશોક ફતેબહાદુર સીંગ(35) (રહે,બીઆરસી નહેર વિસ્તાર, ઉધના, મૂળ રહે, મંગરીગામ, યુપી) સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. આરોપી ટ્રાન્સપોર્ટમાં મજૂરી કરે છે અને છેલ્લા 5 વર્ષથી સુરતમાં રહે છે. પત્ની-બાળકો વતનમાં રહે છે. ધમકી આપવા 15 દિવસ પૂર્વે નવું સીમ ખરીદ્યુ હતું બોમ્બની ધમકી આપનાર અશોક સીંગ રોજ મોબાઈલમાં ભોજપુરી અને સાઉથની ફિલ્મો જોતો હતો.

આ ફિલ્મમાં બોમ્બનો સીન શનિવારે જોયો હતો. આરોપી ખોફ ફેલાવવા માંગતો હતો. આથી તેણે બોમ્બની ધમકી પોતાના મોબાઈલથી આપી હતી. હાલમાં પોલીસે તેનો મોબાઈલ કબજે કરી લીધો છે. આરોપીએ 15 દિવસ પહેલા નવો સીમકાર્ડ લીધો હતો. આરોપી ઉધનામાં 10 બાય 10 ફૂટની ખોલીમાં એકલો રહે છે. 7 વર્ષ પહેલા પણ 72 લાખના ગાંજાનો ફેક કોલ કર્યો હતો બોમ્બની ધમકી આપી ભય ફેલાવનાર આરોપી અશોકકુમાર સીંગએ 7 વર્ષ પહેલા પાંડેસરામાં રહેતો હતો ત્યારે પણ કંટ્રોલરૂમને કોલ કરી 72 લાખનો ગાંજો ભરેલી ટ્રક અહીં ઉભી છે

તેવો ખોટો કોલ કર્યો હતો. બાદ મોબાઈલ બંધ કરી મુંબઈ ભાગી ગયો હતો. જોકે, ત્યારે ફરિયાદ થઈ ન હતી. આરોપી ક્રાઈમ પેટ્રોલ સિરીયલ મોબાઈલમાં જોતો હતો અને બોમ્બની પોલીસને ધમકી આપી હતી. આરોપી ખોફ ફેલાવવા માંગતો હતો.

આથી તેણે બોમ્બની ધમકી પોતાના મોબાઈલથી આપી હતી. હાલમાં પોલીસે તેનો મોબાઈલ કબજે કરી લીધો છે. આરોપીએ 15 દિવસ પહેલા નવો સીમકાર્ડ લીધો હતો. આરોપી ઉધનામાં 10 બાય 10 ફૂટની ખોલીમાં એકલો રહે છે. 7 વર્ષ પહેલા પણ 72 લાખના ગાંજાનો ફેક કોલ કર્યો હતો બોમ્બની ધમકી આપી ભય ફેલાવનાર આરોપી અશોકકુમાર સીંગએ 7 વર્ષ પહેલા પાંડેસરામાં રહેતો હતો.

### આગામી દિવસોમાં 298 સિગ્નલો શરૂ કરાશે

# ઊંધા ચશ્મા : 25 જંક્શનો પર 85 સીસીટીવી ઊંધા લગાવી દેવાયા



સુરત તા 13

ઊંધા લાગેલા કેમેરામાં માત્ર પાછળની નંબર પ્લેટ દેખાય છે, વાહન કોણ ચલાવે છે તે દેખાતું જ નથી સીસીટીવીથી ટ્રાફિકના નિયમો અમલી બનાવાતા પહેલા પોલીસે કરેલી તપાસમાં ઉંધું ચિત્ર દેખાયું પાલિકાએ શહેરમાં મેઈન રોડ અને ટ્રાફિક જંક્શનના 25 પોઈન્ટો પર 85 કેમેરા લગાવ્યા છે. આ જેની તપાસમાં ચિત્ર ઉંધું દેખાયું છે. આ 25 જંક્શનો પર સીસીટીવી જ ઊંધા લગાવી દેવાયા છે.વળી આ કેમેરામાંથી ફોર વ્હીલ કે ટુ વ્હીલર પસાર થાય તો તેની પાછળની નંબર પ્લેટ માત્ર દેખાતી હોય છે. બાકી વાહન કોણ ચલાવે છે અને તેમાં કેટલા લોકો બેઠાં છે. તે સ્પષ્ટ થતું નથી. રેડ લાઈટ વાયોલેશનવાળા કેમેરા ખાસ કરીને શહેરના ત્રણ રસ્તા અને ચાર રસ્તા જ્યા ટ્રાફિક સિગ્નલ હોય ત્યાં એક પોલ પર સીસી કેમેરા ફીટ કરાયા છે. ઓવરસ્પીડ વાયોલેશનના કેમેરા મેઈન રોડ પર અમુક અંતરે ફીટ કરાયા છે. તેમાં પણ 4 કેમેરા છે. જોકે, આ 4 કેમેરા એક જ દિશામાં લગાડાયા છે. ખરેખર તો પાલિકાએ વાહનો જે દિશામાંથી આવતા હોય તેની સામેની દિશામાં કેમેરા લગાવવાની જરૂર હતી. જેથી ગાડીમાં વ્યક્તિનો ચહેરો જોઈ શકાય, કેટલા લોકો બેઠા છે તે પણ જામી શકાય. ટ્રાફિક સેલના કાર્યપાલક ઈજનેર માનસંગ ચૌધરીએ જણાવ્યું કે, નાઈટમાં વ્હીકલની હેડ લાઈટ પડતી હોવાને નિર્ણય લેવાયો હતો. અમદાવાદમાં પણ બેક સાઈડ કેમેરાની સિસ્ટમ છે.રાહુલ રાજ મોલ, ચાર રસ્તા પીપલોદ SVNIT ચાર રસ્તા SVNIT ગેટ નં. 2 VIP રોડ, વેસુ ડુમસ એરપોર્ટ ઈસ્કોન મોલ પાલ RTO સહિતના જંક્શનો પર પાલિકાએ ઊંધા કેમેરા લગાવી ફેરવવા અમે પાલિકા સાથે મિટિંગ કરી હતી. આ ફેરફાર કરવાથી નંબર, ગાડી કોણ ચલાવે અને કેટલા લોકો બેઠા છે તે તમામ માહિતી જાણી શકાશે.

# પાલિકાના અટલાદરા સ્ટોરમાં શોર્ટ સર્કિટથી આગ, 2 વાહન ખાખ થયાં

વડોદરા તા 13

અટલાદરા સ્થિત કોર્પોરેશનના સ્ટોર રૂમમાં શનિવારે મોડી રાત્રે આગ લાગી હતી. જેમાં કોર્પોરેશને જપ્ત કરેલાં વાહનો પૈકી 4 વ્હીલર અને થ્રી વ્હીલર ટેમ્પો સળગી ગયાં હતાં. બનાવની જાણ થતાં દોડી ગયેલા લાશ્કરોએ આગ પર કાબૂ મેળવ્યો હતો. વહેલી સવાર સુધી ફાયરબ્રિગેડે કામગીરી કરી હતી. ઘટના અંગે સ્ટોર સુપરિન્ટેન્ડેન્ટ અનિરુદ્ધસિંહ ચુડાસમાએ કહ્યું કે, વિવિધ જગ્યાએથી દબાણ કરાયેલાં લારી-ગલ્લા, વાહન કબજે કરી અટલાદરા સ્ટોરમાં મૂક્યાં હતાં. જેની 3 મહિના અગાઉ હરાજી કરાઈ હતી. સ્ટોરમાં 1275 જેટલાં લારી-ગલ્લા અને વાહન હતાં. જોકે હરાજીમાં સામાન ખરીદનાર કોન્ટ્રાક્ટર 3 દિવસ અગાઉ સામાન ભરી ગયો હતો. જોકે 4 વ્હીલર કાર અને થ્રી વ્હીલર ટેમ્પો લઈ જવાનાં બાકી હતાં. શનિવારે રાત્રે 3 વાગ્યાના અરસામાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતી. સિક્યુરિટીએ જાણ કરતાં લાશ્કરોએ પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો.

## વડોદરા નજીક મહીસાગર નદીમાં ડૂબી જતાં બે યુવકના મોત, 5 મિત્રો નાહવા ગયા હતા

વડોદરા તા 13

વડોદરા શહેર નજીક આવેલા કોટના બીચ ખાતે મહીસાગર નદીમાં 2 યુવકો ડૂબી જતાં બંનેના મોત થયા છે. ઘટનાની જાણ થતાં નંદેસરી પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને બંને યુવકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ મોકલી આપ્યા હતા. 5 મિત્રો મહીસાગર નદીમાં નાહવા ગયા હતા વડોદરાના તાંદલજા વિસ્તારમાં રહેતા 5 મિત્રો કોટના બીચ સ્થિત મહીસાગર નદીમાં નાહવા ગયા હતા. જ્યાં પાંચેય મિત્રો બપોરે નદીમાં નાહવા પડ્યા હતા. જે પૈકી 2 મિત્રો જેનુલ ઈબ્રાહિમ પટેલ (ઉ. 20) અને શોહેબ ઈરફાન પઠાણ (ઉ. 19) મહીસાગર નદીના ઊંડા પાણીમાં અચાનક જ ડૂબવા લાગ્યા હતા. જેથી તેઓએ બૂમાબૂમ કરી મૂકી હતી. જેથી સ્થાનિક તરવૈયાઓ પહોંચી ગયા હતા અને તેઓને બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. સ્થાનિક તરવૈયાઓએ તેઓને બહાર કાઢવા રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. બંને યુવકના મૃતદેહ નદીમાંથી બહાર કાઢ્યા ભારે જહેમત બાદ સ્થાનિક તરવૈયાઓએ બંને યુવકોના મૃતદેહ મહીસાગર નદીમાંથી બહાર કાઢ્યા હતા. ઘટનાની જાણ થતાં નંદેસરી પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી.

## સંગઠન અને ચૂંટાયેલી પાંખ વચ્ચે અસંતોષ:ભાજપ સંગઠનથી કાર્યકરોમાં નારાજગી હોદ્દેદારે પોસ્ટ મૂકીને બળાપો ઠાલવ્યો

વડોદરા તા 13

શહેર ભાજપમાં જૂથબંધી ચરમ સીમાએ છે. ચૂંટણી બાદ સંગઠનના માળખામાં ફેરફારની થવાની વાતો વચ્ચે સંગઠન અને ચૂંટાયેલી પાંખ વચ્ચે અસંતોષ વધ્યો છે. સંગઠનની કામગીરીથી કાર્યકરોમાં નારાજગી છે. ભાજપ યુવા મોરચાના કારોબારી સભ્યે સોશિયલ મીડિયા પર ભાજપનો કાર્યકર્તા ઊભો કરતાં 10 વર્ષ લાગે છે અને તેને તોડવામાં માત્ર 5 મિનિટ લાગે તેવી પોસ્ટ મૂકી અસંતોષ દર્શાવ્યો છે.પોસ્ટ અંગે ભાજપ યુવા મોરચાના કારોબારી સભ્ય આકાશ પટેલે કહ્યું કે, કાર્યકરોની અવગણના થઈ રહી છે.

ભાજપ કાર્યાલયનું ઉદ્ઘાટન થવાનું હોય અને અમને મીડિયાના માધ્યમથી જાણ થાય. અધૂરું બાંધકામ છે છતાં માત્ર તકતી પર નામ આવે એટલે એકાએક ઊભું કરવામાં આવે. માત્ર ગણતરીના લોકો જ નિર્ણય લે તે યોગ્ય નથી. એક તરફ સ્ત્રી સશક્તિકરણની વાતો કરવાની અને બીજી તરફ ઉમેદવાર જાહેર થયા પછી ભાજપ યુવા મોરચાના કારોબારી સભ્યે સોશિયલ મીડિયા પર ભાજપનો કાર્યકર્તા ઊભો કરતાં 10 વર્ષ લાગે છે અને તેને તોડવામાં માત્ર 5 મિનિટ લાગે તેવી પોસ્ટ મૂકી અસંતોષ દર્શાવ્યો છે.પોસ્ટ અંગે ભાજપ યુવા મોરચાના કારોબારી સભ્ય આકાશ પટેલે કહ્યું કે, કાર્યકરોની અવગણના થઈ રહી છે. વિરોધ કરવાનો? પહેલાં જ વિરોધ કરવો જોઈએ. લોબિંગ ચલાવવા નામ જાહેર થયા પછી ઉમેદવાર સામે વિરોધ કરવો કેટલો યોગ્ય કહેવાય.

## સુરત અને રાજુલા વચ્ચે એસટીના નાઈટ રૂટનો પ્રારંભ

સુરત તા 13

સુરત એસટી ડેપો દ્વારા રાજુલા સુધીનો નાઈટ રૂટ શરૂ કરવામાં આવ્યો છે. પરંતુ રાજુલા, જાફરાબાદ અને ખાંભાના ગ્રામ્ય વિસ્તારમાં લોકોને એસટીની સુવિધા મળતી નથી. ત્રણેય તાલુકામાંથી મોટી સંખ્યામાં લોકો સુરત કામધંધા અર્થે વસવાટ કરે છે. ત્યારે સુરત-રાજુલા વચ્ચે એસટી રૂટ શરૂ કરવામાં આવતા મુસાફરોને રાહત મળશે. રાજુલા તાલુકા પંચાયતના પ્રમુખ છાયાબેન પુરોહિતે જણાવ્યું હતું કે 15 જેટલા ગ્રામ્ય વિસ્તાર એસટીની સુવિધા વિહોણા છે. રાજુલા-એભલવડ નાઈટ રૂટ શરૂ કરવા માટે એસટી તંત્રને રજૂઆત કરી હતી. પરંતુ તેમની સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. પણ સુરત ડેપો દ્વારા સુરત-રાજુલા વચ્ચે એસટીની નાઈટ બસ શરૂ કરવામાં આવી હતી. પરંતુ રાજુલાના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે એસટી બસ મળતી નથી. તેમજ રોજગારી અર્થે જતા લોકોને પણ અપડાઉન કરવામાં મુશ્કેલી પડે છે. રાજુલા એસટી ડેપોમાં લાંબા અંતરના રૂટ શરૂ કરવાની વાત તો દુર રહી પરંતુ ગ્રામ્ય વિસ્તારના રૂટ પણ બંધ કરી દેવામાં આવે છે. રાજુલા-એભલવડ, રાજુલા- બાબરીયાધાર નાઈટ, જાફરાબાદ- વારાસ્વરૂપ-ભાકોદર નાઈટ, રાજુલા-ભાક્ષી મંદિર નાઈટ વર્ષોથી એસટી રૂટ શરૂ હતા. તે તેમામ બંધ કરી દેવામાં આવ્યા છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### હરિયાળીના નામે 5 વર્ષમાં રૂા.143 કરોડનો ખર્ચ, છતાં 19માંથી 7 વોર્ડમાં 10% પણ લીલોતરી નહીં

વડોદરામાં વિકાસની સમાંતરે હરિયાળા વૃક્ષોનો કચ્ચરઘાણ નીકળી રહ્યો છે. બીજી તરફ બે વર્ષ અગાઉના એક સેટેલાઈટ સરવેમાંથી એક ચોંકાવનારી હકીકત બહાર આવી છે કે, 12 વર્ષ પહેલાં રાજ્યના નંબર-2 હરિયાળા શહેરના 19માંથી 7 વોર્ડ એટલે કે ત્રીજા ભાગથી વધુ વોર્ડ એવા છે, જેમાં 10 ટકા લીલોતરી પણ નથી. આ વોર્ડમાં વોર્ડ નં.7, 14, 15, 11 અને વોર્ડ નં.1 તથા 2નો સમાવેશ થાય છે. વડોદરાના આ સાતેય વોર્ડમાં 7.5 લાખ જેટલા લોકો રહે છે.

### AMNS ટાઉનશીપમાં 20 ગાર્ડની હાજરીમાં ત્રાટકેલા તસ્કરો 20 લાખની મત્તા ચોરી ગયા

હજીરાની AMNS કંપનીની અંદર આવેલી ટાઉનશીપમાં AMNS ઈન્ટરનેશનલ સ્કુલના સંગીતના શિક્ષક પરિવાર સાથે દુબઈ ફરવા ગયા અને ચોરોએ તેમના ઘરના તાળાં તોડી રોકડની ચોરી કરી હતી. ઉપરાંત અન્ય 4 બંધ ઘરોના તાળાં તોડી ચોરોએ રોકડ અને સોનાના દાગીના મળી લાખોની ચોરી કરી છે. આ ટાઉનશીપમાં એક શીફ્ટમાં 20 સિક્યુરિટી ગાર્ડ તૈનાત હોય છે. પરમિશન વગર કોઈને એન્ટ્રી પણ નથી છતાં ચોરી થાય તે એક ગંભીર બાબત છે. ઓફિસરો હાલમાં સ્કુલમાં વેકેશન હોવાથી પરિવાર સાથે વતનમાં ગયા છે.

### કેરીના પાક પર જોખમની શક્યતાથી ખેડૂતોમાં ચિંતા

# દ. ગુજરાત, વડોદરા, પંચમહાલમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

દાહોદ તા 13

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ માટે ગુજરાત રાજ્યના વાતાવરણ અંગે આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી 5 દિવસ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. અમદાવાદ શહેરમાં ગતરોજ રાજ્યનું સૌથી મહત્તમ તાપમાન નોંધાયું હતું. અરબ સાગરમાં સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે આજે દક્ષિણ ગુજરાત, વડોદરા, પંચમહાલમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. આથી કેરીના પાક પર જોખમની શક્યતા હોવાથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે.હજુ પણ આગામી 2-3 દિવસ માટે અમદાવાદવાસીઓને ગરમીનો પ્રકોપ સહન કરવો પડશે. ત્યારબાદ 14 અને 15 મેના અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં હળવા વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. જેથી, મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.બપોર બાદ દાહોદમાં વાતાવરણ પલટાયું હવામાન વિભાગની આગાહીને પગલે આજે બપોરના સમયે દાહોદમાં ભારે પવન અને વાવાઝોડા સાથે આકાશ વાદળોથી ઘેરાયેલુ જોવા મળ્યું હતું, આકાશમાં વરસાદી વાદળો સાથે શહેર સહિત ગ્રામ્ય પંથકમા ધીમીધારે વરસાદ વરસ્યો હતો. ક્યાંક મધ્યમ તો ક્યાંક વરસાદના અમીછાંટણા થયા હતા. વરસાદ વરસતા શહેરના રસ્તાઓ પલળી ગયા હતા. લીમડી નગર સહિત આસપાસના વિસ્તારમાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. હાલમાં દેશના અનેક રાજ્યમાં વાતાવરણ પ્રતિકૂળ સર્જાયું છે.

### કઠોરના મૌલવી સહિત ત્રણેય આરોપીઓ સોશિયલ મીડિયા થકી એકબીજાના સંપર્કમાં હતા

# એનઆઇએ પૂછપરછ કરશે:હિન્દુ નેતાઓને ધમકી આપવામાં વધુ એકની મહારાષ્ટ્રથી ધરપકડ

સુરત તા 13

ઉપદેશ રાણા સહિત હિન્દુ નેતાઓને ધમકી આપવા મામલે વધુ એકને ક્રાઈમબ્રાંચે મહારાષ્ટ્રના નાંદેડથી પકડી પાડયો છે. પકડાયેલા શખ્સનું નામ શકીલ સત્તાર શેખ ઉર્ફે રઝા(19)(રહે,મહેબૂબનગર નારસી, નાંદેડ, મહારાષ્ટ્ર) છે. આરોપી મૌલવી મહંમદ સોહેલ અબુબકર ટીમોલ અને બિહારના મુજફ્ફરપુરનો મોહંમદ અલી સાથે શકીલ શેખ સોશિયલ મીડિયાથી સંપર્કમાં હતો.

સનાતન સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉપદેશ રાણાને પણ શકીલ શેખે ધમકી આપી હતી. મૌલવીએ સોસીયલ મીડિયા પર કોમેન્ટ કરી હતી. જે કોમેન્ટમાં શકીલ શેખે મેસેજ કર્યો હતો. જે મેસેજ આધારે મૌલવી અને મોહંમદ અલીના સંપર્કમાં આવ્યો હતો.પછી એકબીજાનો મોબાઈલ નંબર આપી વોટસએપ ગૃપ બનાવ્યું હતું. અત્યાર સુધીમાં ક્રાઈમબ્રાંચે મૌલવી સહિત 3ની ધરપકડ કરી છે.

બોગસ ડોક્યુમેન્ટથી નેપાળી નાગરિકત્વ મેળવી



પાકિસ્તાન ગયો હોવાની આશંકા કઠોરના મૌલ્વીનો સાગરિત એવો બિહારના મુજફ્ફરપુરના મોહંમદ અલીએ

બોગસ ડોક્યુમેન્ટો બનાવી તેના આધારે નેપાળની નાગરિકતા મેળવી લીધી હતી.

મોહંમદ અલીએ નેપાળી નાગરિકત્વ મેળવી તે પાકિસ્તાન પણ ગયો હોવાની આશંકા ક્રાઈમબ્રાંચને લાગી રહી છે. મોહંમદ અલીના મોબાઈલમાંથી 40થી વધુ મોબાઈલ નંબરો પાકિસ્તાનના મળી આવ્યા છે. પછી એકબીજાનો મોબાઈલ નંબર આપી વોટસએપ ગૃપ બનાવ્યું હતું. અત્યાર સુધીમાં ક્રાઈમબ્રાંચે મૌલવી સહિત 3ની ધરપકડ કરી છે હાલમાં ક્રાઈમબ્રાંચે તેની પાસેથી નેપાળના કેટલાક ડોક્યુમેન્ટો અને આધારકાર્ડ પણ કબજે કર્યા છે. આરોપી મોહંમદ અલીના પિતાની નેપાળમાં કાપડની દુકાન છે. ક્રાઈમબ્રાંચે મોહંમદ અલીને કોર્ટમાં રજૂ કરતા 12 દિવસના પોલીસ રિમાન્ડ આપ્યા છે. આવતીકાલે મોહંમદ અલીની પૂછપરછ કરવા માટે સેન્ટ્રલ આઈબી, એનઆઈએ, રો, એટીએસ સહિતની સુરક્ષા એજન્સીઓ સુરત આવશે.

# નડિયાદ બારકોશિયા વિસ્તારમાં ઝાડા ઉલટીના કેસમાં વધારો



નડિયાદ | નડિયાદ શહેરના બારકોશિયા વિસ્તારની સોસાયટીઓમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ઝાડા ઉલટીના દર્દીઓ વધી રહ્યા છે. હાલમાં દર્દીઓ શહેરની જુદી જુદી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. આ રોગચાળાને પગલે સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ત્યારે આ રોગચાળો વકરે તે પહેલા આરોગ્યતંત્ર દ્વારા અટકાયતી પગલા લેવા લાગણી જ વ્યાપી છે. હાલ ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. તેની સાથે સાથે લગ્નની પણ સીઝન ચાલી રહી છે. ત્યારે નડિયાદ શહેરનો બારકોશિયા વિસ્તારમાં છેલ્લા થોડા દિવસોથી ઝાડા ઉલટીના દર્દીઓ વધી રહ્યા છે. બારકોસિયા વિસ્તારમાં આવેલ સુહાનાસોસાયટી, ગીનપાક,રાહીન પાક, અફઝલપાક સહિતની સોસાયટીઓમાં રહેતા ૨૦ થી ૨૫ જેટલા લોકોને ઝાડા ઉલટી થતા સોસાયટીના રહીશોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા ઝાડા ઉલટીના રોગચાળાને ડામવા પાણીનું કલોરીનેશન તેમજ ડોર ટુ ડોર સર્વે કરાવવામાં આવે તે જરૂરી છે.

### પોલીસને મળેલી ગુપ્ત માહિતીના આધારે એક મકાનમાં ઓચિંતો છાપો માર્યો

## આણંદના ઉમરીનગર વિસ્તારમાંથી રૂપિયા 2.30 લાખની કિંમતના ગાંજા સાથે 2 શખ્સો ઝડપાયા

(એજન્સી) આણંદ | તા.13



આણંદ શહેર પોલીસે મળેલ ગુપ્ત બાતમીના આધારે ગઈકાલ મધ્ય રાત્રિના સુમારે શહેરના પૂર્વ વિસ્તારના ઉમરીનગર ખાતે એક રહેણાંક મકાનમાં ઓચિંતો છાપો મારી બે શખ્સોને ૨૧.૮૨૦ કિ.ગ્રા. ગાંજાના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડયા હતા. પોલીસે કુલ્લે રૂા.૨.૩૯ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ શખ્સો વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉર્ફે બાબાકીધૂમ ભીખાભાઈ ખલીફા નામનો શખ્સ આણંદ ઉમરીનગર કબ્રસ્તાન પાસેના મીના પાર્કમાં મકાન ભાડે રાખી ચોરી છૂપીથી ગાંજાનું વેચાણ કરતો હોવાની ગુપ્ત બાતમી આણંદ શહેર પોલીસને મળી હતી. મળેલ બાતમીના આધારે પોલીસની ટીમે ગઈકાલ મધ્ય રાત્રિના સુમારે મીના પાર્ક-૨ સોસાયટીમાં આવેલ બાતમીવાળા મકાન ખાતે ઓચિંતો છાપો માર્યો હતો. પોલીસે રહેણાંક મકાનમાંથી મળી આવેલ શખ્સના નામ ઠામ અંગે પૂછતા ઈશાક ઉર્ફે બાબાકીધૂમ ભીખાભાઈ ખલીફા હોવાનું જણાવ્યું હતું અને આ મકાન આરીફભાઈ અહેમદભાઈ વહોરા પાસેથી ભાડે રાખી પોતે તથા દિકરો ઈમરાન રહેતા હોવાનું તેણે ઉમેર્યું હતું. દરમ્યાન મકાનમાંથી અન્ય એક શખ્સ પણ મળી આવ્યો હતો. જેના નામ ઠામ અંગે પૂછતા તે સોયેબ ઉર્ફે પપ્પુ મહેબુબ ચાંદ મિરાસી (મૂળ રહે. જંબુસર) હોવાનું જણાવ્યું હતું. છેલ્લા દોઢેક મહિનાથી તે ઈશાક સાથે રહી કામ કરતો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે રહેણાંક મકાનમાં તપાસ કરતા એક રૂમમાંથી એક કાપડનો થેલો તથા મીણીયાની કોથળી મળી આવી હતી. પોલીસે બંનેમાં તપાસ કરતા અંદર વનસ્પતિજન્ય ગાંજા જેવો શંકાસ્પદ પદાર્થ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાયું હતું. જેથી પોલીસે તુરત જ એફએસએલની ટીમને જાણ કરતા એફએસએલની ટીમ નારકોટીક્સ કીટ સાથે આવી પહોંચી હતી અને તપાસ કરતા મળી આવેલ જથ્થો ગાંજો હોવાનું ખુલવા પામ્યું હતું. પોલીસે બંને થેલામાંના માદક પદાર્થ ગાંજાનું વજન કરતા કુલ ૨૧.૮૨૦ કિ.ગ્રા. જેટલું થયું હતું જેની અંદાજિત કિં.રૂા.૨૧૮૨૦૦ જેટલી થવા જાય છે. પોલીસે ગાંજાનો જથ્થો કબજે લઈ ઈશાક ઉર્ફે બાબાકીધૂમ ખલીફા તથા સોયેબ ઉર્ફે પપ્પુ મિરાસીને ઝડપી પાડી ગાંજો, વજનકાંટો, મોબાઈલ ફોન તથા રોકડ મળી કુલ્લે રૂા.૨૩૭૯૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે ઈશાક ખલીફાની વધુ પૂછપરછ કરતા તે તથા તેનો દિકરો ઈમરાન ખલીફા સાથે મળી ગાંજાનું વેચાણ કરતા હોવાનું અને આ ધંધામાં સોયેબ ઉર્ફે પપ્પુ ગાંજાનો જથ્થો સાચવવા તથા લાવવા-લઈ જવાનું કામ કરતો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે ઈમરાન ખલીફાને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## સાવરકુંડલામાં ખમણ ઢોકળાના પૈસા માગતા કુહાડીથી હુમલો

અમરેલી | તા. 13

સાવરકુંડલા એક શખ્સ એક ખમણ ઢોકળાના વેપારી પાસેથી અગાઉ બે વાર ઢોકળાનું ઉધાર પારસલ લઈ ગયા બાદ પૈસા ચૂકવેલ ન હતા.ગઈ કાલે ફરીવાર ખમણ ઢોકળા લેવા આવતા વેપારીએ પૈસા માંગતા વેપારી ઉપર કુહાડી વડે જીવલેણ હુમલા કર્યાની ઘટનાથી ભારે ચકચાર મચી ગયેલ હતી. પ્રાપ્ત વિગત મુજબ સાવર કુંડલા ના હાથસણી રોડ ઉપર આસોપાલવ સોસાયટીમાં રહેતા અને ખમણ ઢોકળાનો વેપાર કરતા વિષ્ણુભાઈ લાભશંકરભાઈ ભરાડ ગઈકાલે પંચવટી સોસાયટી પાસે ખમણ ઢોકળા વેંચી રહેલ હતા ત્યારે આજ વિસ્તારમાં રહેતો વાસીફ લલિયા નામનો શખ્સ ઢોકળાનું પારસલ લેવા આવેલ હતો.પરંતુ આ શખ્સ અગાઉ બે વાર ઉધાર પારસલ લઈ ગયેલ હોવાથી આગળના અને હાલનો તેના બાકી પૈસા માગતા ઉશ્કેરાઈને વેપારીનો કાઠલો પકડી મોઢા પર ઝાપટ મારી ગાળો આપી હતી. બાદમાં હમણાં આવું છું, તેમ કહી બાઈક લઈ જતો રહેલ હતો.

### માતર તાલુકાના લીંબાસી રોડ ઉપર

## ખાડામાં બાઇક પટકાઇ, પાછળથી આવતી આઇશર ફરી વળતા યુવકનું મોત નિપજ્યું

(એજન્સી) નડિયાદ | તા.13




માતર તાલુકાના લીંબાસી રોડ ઉપર ખાડો આવતા મોટરસાયકલ પાછળ બેઠેલ યુવક પડી ગયો હતો. આ યુવક પર આઈસર ગાડી ફરી વળતાં તેનું ગંભીર ઈજા થતા મોત નિપજ્યુ હતુ. આ બનાવ સંદર્ભે લીંબાસી પોલીસે આઈસર ચાલક સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. માતર તાલુકાના ગાયત્રીનગર તાબે મરાલામાં રહેતા વીરલ રમેશભાઈ બેલદાર રવિવાર સવારે મોટરસાયકલ લઈને લીંબાસી માલાવાડા ચોકડી પર થી શાકભાજી લઈ પરત ઘરે જતા હતા. આ દરમિયાન પડોશમાં રહેતા નિલેશભાઈ મેલાભાઈ ભોઈ ચાલતા જતા હોય તેમને મોટર સાયકલ પર બેસાડી તેઓ લીંબાસી રોડ ઉપરથી પસાર થતા હતા. ત્યારે ઓટો પાર્ટ્સની દુકાન સામે આગળ જતી સીએનજી ગેસ વાહનને ઓવરટેક કરી આઈસર ગાડી આગળ નીકળવા જતી હતી ત્યારે રોડ પર પડેલા ખાડામાં મોટર સાયકલ પડતા બાઈક પર બેઠેલ નિલેશભાઈ ભોઈ નમીને રોડ ઉપર પડી ગયા હતા. જેથી પાછળથી આવેલ આઈસર ગાડીના ટાયર નિલેશભાઈ ભોઈ (ઉંમર વર્ષ ૩૪ ) ઉપર ટાયર ફરી વળતાં માથામાં તેમજ શરીર પર ગંભીર ઈજા થતાં તેનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતુ. આ અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક નાસી ગયો હતો. આ બનાવ સંદર્ભે વિરલ રમેશભાઈ બેલદાર ઓડએ લીંબાસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર મિનિ બસમાં આગ લાગી

નડિયાદ | તા.13

અમદાવાદ વડોદરા એક્સપ્રેસ હાઈવે પરથી રવિવારે સવારે નડિયાદ નજીકથી પસાર થતી મીની બસમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. આ બનાવની જાણ થતા ચાલકે મીની બસને સાઈડ પર ઉભી રાખી મુસાફરોને ઉતારી દેતા મોટી જાનહાની સર્જાતી નિવારી શકાઈ હતી. સુરતથી એક મીની બસમાં પરિવારજનો અમદાવાદ સામાજીક પ્રસંગમાં જઈ રહ્યા હતા. આ મીની બસ વડોદરાથી અમદાવાદ તરફ જતી હતી ત્યારે નડિયાદ નજીક મીની બસમાં અચાનક ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. જેથી બસના ડ્રાઈવરે સમય સૂચકતા વાપરી સાઈડમાં બસ ઉભી રાખી મુસાફરોને નીચે ઉતારી દીધા હતા. આ આગની ઘટનાને પગલે થોડા સમય માટે હાઈવે પરનો વાહન વ્યવહાર થંભી ગયો હતો. આ બનાવની જાણ થતા નડિયાદ ફાયર બ્રિગેડની ટીમ ફાયર ફાઈટર સાથે તુરંત જ બનાવના સ્થળે દોડી આવી પાણીનો મારો ચલાવતા આગ કાબુમાં આવી હતી. પરંતુ આગની લપેટમાં આવી ગયેલ મીની બસ જોત જોતામાં સળગી ઉઠી હતી. આ આગ શોર્ટ સકટને કારણે લાગી હોવાનું અનુમાન છે.

### બંને પક્ષના વ્યક્તિઓને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા

## તળાજા પંથકના જૂના શોભાવડ ગામે બે જૂથ વચ્ચે સશ ધીંગાણું

(એજન્સી) ભાવનગર | તા. 13

તળાજા પંથકના જૂના શોભાવડ ગામે ટ્રેક્ટરમાં ગીતો વગાડવા બાબતે બે પક્ષ વચ્ચે બોલા ચાલી થઈ હતી.આ મામલો બિચકતા બે પક્ષ હથિયારો સાથે આમને-સામને આવી જતા સશ અથડામણ થઈ હતી. જેમાં બંને પક્ષના વ્યક્તિઓને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર બનાવ અંગે બંને પક્ષે સામસામી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. બનાવ અંગે જૂના શોભાવડના ૧૧ અને જૂની કામરોલના ૧૧ સહિત કુલ ૨૨ શખ્સ વિરૂદ્ધ હત્યાની કોશિષ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી તળાજા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર તળાજા પંથકના જૂની કામરોળ ગામે રહેતા હરપાલસિંહ પ્રવિણસિંહ સરવૈયાએ તળાજા પોલીસ મથકમાં તળાજા પંથકના જૂના શોભાવડ ગામના દર્શનભાઈ, અંકિતભાઈ, સંતોષભાઈ, ગોપાલભાઈ, અનિલભાઈ, ધનાભાઈ, દેવાભાઈ, વિપુલભાઈ, ગોબરભાઈ જીણાભાઈ ચોસલા, હિમ્મતભાઈ જેસાભાઈ, જીણાભાઈ ટેમ્પાવાળા સહિત ૧૧ વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, ફરિયાદી હરપાલસિંહ તથા તેમના ભાગીયા શક્તિભાઈ બંન્ને ટ્રેક્ટર લઈને શોભાવડ ગામે કડબ નાખવા માટે ગયા હતા. અને ત્યાંથી પરત આવતા હતા તે વેળાએ બીલાલભાઈની દુકાન પાસે પાન માવો ખાવા ઉભા રહ્યા હતા. તે વખતે શોભાવડ ગામના દર્શનભાઈ તથા અંકિતભાઈએ શક્તિભાઈને ટ્રેક્ટરમાં ગીતો નહીં વગાડવાનુ કહી ગાળ આપી થપાટો મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા દરમિયાનમાં હરપાલસિંહ વચ્ચે પડતા દર્શન તથા અંકિતએ ગાળો આપવા લાગ્યા હતા. હરપાલસિંહે ગાળો આપવાની ના પડતા દર્શન ઘરમાંથી લાકડી વડે વાસામાં તથા ડાબા હાથ જમણા પગના ભાગે માર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. અને શક્તિભાઈએ હરપાલસિંહના ભાઈ સિદ્ધરાજસિંહને ફોન કરી બનાવની વાત કરતા સિદ્ધરાજસિંહ તથા દશરથસિંહ સહદેવસિંહ તથા પૃથ્વીરાજસિંહ મહેન્દ્રસિંહ તથા ચેતનસિંહ પ્રદ્યુમ્નસિંહ તથા મયુરસિંહ પ્રદ્યુમ્નસિંહ તથા કુલદિપસિંહ ઘોઘુભા તથા યુવરાજસિંહ તથા કાનભા મહેન્દ્રસિંહ તથા લકીરાજસિંહ નોંધુભા એમ બધા અલગ-અલગ મોટર સાયકલ લઈને સ્થળ પર આવી ગયા હતા. અને દર્શનભાઈ અને અંકીતભાઈએ પણ તેના નાતના માણસોને અવાજ દઈ બોલાવતા સંતોષભાઈ, ગોપાલભાઈ, અનિલભાઈ, ધનાભાઈ, દેવાભાઈ, વિપુલભાઈ આમ નામ દઈ સાદ પાડી બોલાવતા ત્યાં શેરીમાંથી આઠથી દસ શખ્સો હાથમાં લાકડીઓ તથા પાઈપો તથા ધારીયા, તલવાર જેવા હથીયારો લઈ આવી જતા જેમાં એક ગોબરભાઈ જીણાભાઈ ચોસલા તથા હિંમતભાઈ જેસાભાઈ, જીણાભાઈ ટેમ્પાવાળા પણ તેના હાથમા લાકડી તથા પાઈપો લઈ આવી જતા હરપાલસિંહ સહિતના શખ્સો ત્યાથી ભાગવા લાગ્યા હતા.

### પોલીસે જુગાર રમવાના સાધનો, તેમજ રોકડ રૂ. 4,500 કબજે કર્યા

## નડિયાદ તેમજ વડથલમાં જુગાર રમતા 8 જુગારીયા ઝડપાયા

(એજન્સી) નડિયાદ | તા. 13

નડિયાદ પશ્ચિમ પોલીસે ચંપા તલાવડી વિસ્તારમાંથી પત્તા પાનાનો જુગાર રમતા પાંચ ઈસમોને રૂ.૫,૪૩૦ રોકડ સાથે ઝડપી પાડયા હતા. જ્યારે મહુધા પોલીસે વડથલ તળાવ ઉપર જુગાર રમતા ત્રણ ઈસમોને રૂ.૪,૫૦૦ સાથે ઝડપી પાડયા હતા. આ બનાવ સંદર્ભે જે તે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. નડિયાદ પશ્ચિમ પોલીસ શનિવારે સાંજે પેટ્રોલીંગમાં નીકળી હતી. આ દરમિયાન બાતમી મળેલ કે નડિયાદ ચંપા તલાવડી વિસ્તારમાં પ્રવીણભાઈ રમણભાઈ ઠાકોર તેના ઘર આગળ કેટલાક લોકોને બોલાવી જુગાર રમાડે છે જેથી પોલીસે રેડ પાડતા પત્તા પાનાનો જુગાર રમતાં પ્રવીણભાઈ રમણભાઈ ઠાકોર, અશોકભાઈ બળદેવભાઈ, ફિરોજભાઈ હબીબભાઈ શેરિયા, હિતેશભાઈ કનુભાઈ ઠાકોર તેમજ મહેબુબભાઈ વહોરાને પત્તા પાના, જુગાર રમવાના સાધનો તેમજ રોકડા રૂ.૫,૪૩૦ સાથે ઝડપી પાડયા હતા. આ બનાવ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે બીજા બનાવમાં મહુધા પોલીસ શનિવારે સાંજે પેટ્રોલીંગમાં નીકળી હતી. આ દરમિયાન બાતમી મળેલ કે વડથલ સીમમાં પોલટ્રી ફાર્મ નજીક તળાવ ઉપર કેટલાક લોકો જુગાર રમે છે જેથી પોલીસે રેડ પાડતા પત્તા પાનાનો જુગાર રમતાં રિયાજુદીન જહિરુદીન કાજી અરબાઝખાન મુનાવરખાન પઠાણ તેમજ તાહિરખાન મજીદ ખાન પઠાણને ઝડપી પાડયા હતા. પોલીસે સ્થળ ઉપરથી જુગાર રમવાના સાધનો, પત્તા પાના તેમજ રોકડ રૂ. ૪,૫૦૦ કબજે કર્યા હતા. આ બનાવ અંગે મહુધા પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### બાકી વાહન માલિકોને નોટિસ આપી ટેક્સ ભરવા તાકીદ કરાઈ

## 19.24 કરોડ ટેક્સ ન ભરાતા 4073 વાહન બ્લેકલિસ્ટ કરાયા

(એજન્સી) નડિયાદ | તા. 13



નાણાકીય વર્ષ 2023-24માં નડિયાદ આરટીઓ કચેરી દ્વારા 5491 વાહન માલિક પાસેથી કુલ રૂ 8.52 કરોડનો ટેક્સ વસુલ કર્યો હતો. ત્યારે રૂા. 19.24 કરોડ ટેક્સ ન ભરાતા 4073 વાહનને બ્લેક લિસ્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત 296 વાહન માલિકો નોટિસ આપવામાં આવી છે. ત્યારે 3 વાહન માલિકો સામે ટેક્સ વસુલ કરવાની કાર્યવાહી કરી વાહન પર બોજો દાખલ કરવામાં આવ્યો છે. નડિયાદ આરટીઓ કચેરી દ્વારા નાણાકીય વર્ષ-2023-24ના વર્ષની વાહન માલિક પાસે ટેક્સ વસૂલાત કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં કચેરી દ્વારા 5491 વાહનના રૂ 8. 52 કરોડનો ટેક્સ વસુલ્યો હતો. ત્યારે બાકી રહેલા 4073 વાહન માલિકોને રૂ 19. 24 કરોડનો ટેક્સ બાકી રહ્યો હતો. આ બાદ કચેરી દ્વારા બાકી વાહન માલિકો સામે કાર્યવાહી હાથ ધરી છે. જેમાં બાકી વાહન ધારકો ના વાહનો બ્લેક લિસ્ટ જાહેર કર્યા છે. જેથી બાકી ટેક્સ વાળા વાહન માલિક કોઈ અન્ય વ્યક્તિને પોતાના વાહન વેચાણ કરી શકે નહીં. આ ઉપરાંત આરટીઓ કચેરી દ્વારા 4073 બાકી વાહન માલિકો માંથી આશરે 296 જેટલા વાહન ચાલકોને નોટિસ આપી બાકી ટેક્ષ ભરપાઈ કરવા સૂચન કર્યું છે. ત્યારે આરટીઓ વિભાગ દ્વારા બાકી વાહન માલિક પાસેથી ટેક્સ વસુલવા માટે સંબંધિત તાલુકા મામલતદાર, ચીફ ઓફિસર, સીટી સર્વે ઓફિસ પાસે થી બાકીદારોની મિલકત સંબંધી માહિતી માંગવામાં આવી છે. જે માહિતી આવ્યા બાદ આરટીઓ કચેરી ખાતે નાયબ મામલતદાર દ્વારા બાકી વાહન માલિકીની મિલકત પર બોજો નાખવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે 3 વાહન માલિકો સામે કાર્યવાહી કરી બોજો દાખલ કરવામાં આવ્યો છે. ચાલુ નાણાકીય વર્ષમાં જે વાહન માલિકો દ્વારા ટેક્ષ ભરપાઈ કર્યો ન હોય તેવા વાહનોને બ્લેકલિસ્ટ કરવામાં આવે છે. જે બાદ આ વાહન માલિક કોઈ અન્ય વાહન માલિકને પોતાના વાહનો વેચી શકતા નથી, આ ઉપરાંત કેટલાક કિસ્સામાં વેચાણ કરેલ વાહન ના પૈસા મૂળ માલિકને ન મળ્યા હોય તેવા વાહનો પણ બ્લેક લિસ્ટ કરવા અરજી કરે છે, ત્યારે કોઈ વાહનની ચોરી થઈ હોય તેવા વાહન માલિક દ્વારા પણ કચેરી ખાતે પોતાનું વાહન બ્લેક લિસ્ટ કરવા અરજી કરે છે. જે અન્વયે કચેરી દ્વારા પોર્ટલ ઉપર જે તે વાહનને બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી કરે છે. જેના કારણે તે વાહન કોઈ પણ સ્થળ પર અન્ય વ્યક્તિને વેચાણ થઈ શકતું નથી.

## આણંદના વાસદ ગામે તસ્કરો ત્રાટક્યા રૂપિયા 1.60 લાખની મત્તા ચોરી ફરાર


આણંદ | આણંદ તાલુકાના વાસદ ગામે ગઈકાલ મધ્ય રાત્રિના સુમારે ત્રાટકેલ તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી મકાનમાંથી સોના-ચાંદીના દાગીના લેપટોપ અને રોકડ મળી કુલ્લે રૂા.૧.૬૦ લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે વાસદ પોલીસે અજાણ્યા તસ્કરો વિરુધ્ધ ઘરફોડ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વાસદ ગામે સાશ્વત રેસીડેન્સીમાં રહેતા દશરથભાઈ ચેતનભાઈ પુરોહિત પાણીનો આર.ઓ. પ્લાન્ટ થકી પાણીનો વેપાર કરી ગુજરાન ચલાવે છે. તેઓના મોટાભાઈ રમેશભાઈ પુરોહિત વાસદની મગનવાડી સોસાયટીમાં પરિવાર સાથે રહે છે. ગત તા.૯મી મેના રોજ રમેશભાઈ તથા પરિવારજનો રાજસ્થાન ખાતે વતનમાં ગયા હતા. દરમ્યાન ગત તા.૧૧મી મેના રોજ રાત્રીના સુમારે અજાણ્યા તસ્કરોએ રમેશભાઈના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી કબાટમાં મુકેલ સરસામાન વેરવિખેર કરી નાંખી અંદરથી સોના ચાંદીના દાગીના, એક લેપટોપ તથા રોકડા રૂા.૪૦ હજાર મળી કુલ્લે રૂા.૧૬૦ લાખની મતા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બીજા દિવસે સવારના સુમારે પાડોશીએ રમેશભાઈના મકાનના દરવાજાનું તાળું તુટેલું જોતા તેઓએ દશરથભાઈને ફોન કરી જાણ કરી હતી. જેથી દશરથભાઈ સહિતના પરિવારજનો ત્યાં પહોંચ્યા હતા અને તપાસ કરતા મકાનમાં ચોરી થઈ હોવાનું માલૂમ પડયું હતું.

## ઉમરેઠમાં કૂતરાઓએ એકાએક બાળક પર બચકા ભરી હુમલો કર્યો



આણંદ | ઉમરેઠની એક પોળમાં રખડતા કૂતરાઓએ એક બાળકની પાછળ પડી નીચે પાડી દઈ ઈજાઓ પહોંચાડી હોવાનો એક વિડીયો વાઈરલ થવા પામ્યો છે. ત્યારે આ અંગે પાલિકાના જવાબદાર અધિકારીઓ દ્વારા કૂતરાઓની વસ્તી નિયંત્રણના પગલા લેવામાં આવશે કે કેમ તેવું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે. ઉમરેઠ નગરપાલિકાના મધ્યે કાકાની પોળમાં રખડતા ત્રણેક કૂતરાઓએ એક બાળકને નીચે પાડી દઈ ઈજાઓ પહોંચાડી હોવાનો વિડીયો વાઈરલ થવા પામ્યો છે. આ પહેલાં પણ ઉમરેઠના કેટલાય નાગરિકોને રખડતા કૂતરાઓ કરડવાના બનાવો બનેલા છે. આ પ્રશ્ન છેલ્લા દસેક વર્ષથી ઉમરેઠમાં છે પરંતુ નગરપાલિકાના સત્તાવાળાઓને સિનિયર સિટીઝન બાળકોના ગંભીર પ્રશ્નને નજર અંદાજ કરી રહેલ છે. રખડતા ઢોર અને કુતરાથી છેલ્લા ઘણા સમયમાં ઘણા નાગરિકોને ઈજાઓ થયેલી પણ છે ત્યારે ખસીકરણની ગ્રાન્ટ વાપરવામાં આવે છે તો તે જાય છે ક્યાં! શું ખસીકરણની ગ્રાન્ટનો ગેરઉપયોગ થઈ રહ્યો છે એવા સવાલો ઉમરેઠના નગરજનોમાં લોકમુખે ચર્ચાઈ રહ્યાં છે !

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો.



**વૃષભ (બ,વ,ઉ)**

ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે.



**મિથુન (ક,છ,ઘ)**

ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે.



**કર્ક (ડ,હ)**

આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો.



**સિંહ (મ,ટ)**

આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય.



**કન્યા (પ,ઠ,ણ)**

આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.



**તુલા (ર,ત)**

આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છો.



**વૃશ્ચિક (ન,ય)**

આજે તમારો મૂડ બગાડી શકે છે અને તમે ગુસ્સે થઈ શકો છો. વિશિષ્ટ ધૈર્ય રાખો કારણકે ઉતાવળમાં કરવામાં આવેલા કામથી નુકસાન થઈ શકે છે. તમારા સુખમાં વધારો થશે.



**ધન (ભ,ધ,ફ)**

તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે.



**મકર (ખ,જ)**

આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.



**કુંભ (ગ,શ,સ)**

ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી.

## ન્યૂઝ ટ્રેક

### 5મી વખત બોનસ શેર આપવા જઈ રહી છે આ સરકારી કંપની

મુંબઈ | Bonus Stock : સરકારી કંપની BPCL લિમિટેડે 5મી વખત બોનસ શેર આપવાની જાહેરાત કરી છે. કંપનીએ બોનસની સાથે ડિવિડન્ડ આપવાનો નિર્ણય કર્યો છે. BPCL દ્વારા બોનસ શેર અને ડિવિડન્ડની જાહેરાતની અસર શેરની કામગીરી પર સ્પષ્ટ દેખાઈ રહી છે. શુક્રવારે આ કંપનીના શેરના ભાવમાં 4 ટકાથી વધુનો વધારો નોંધાયો હતો. કંપનીએ 9 મેના રોજ મળેલી બોર્ડ મીટિંગમાં જાહેરાત કરી હતી કે 10 રૂપિયાની ફેસ વેલ્યુ સાથે એક શેર પર 1 શેરનું બોનસ આપવામાં આવશે. કંપનીએ બોનસ શેર માટેની રેકોર્ડ તારીખ શનિવાર, 22 જૂન, 2024 નક્કી કરી છે. આ દિવસે કંપનીએ બોનસ શેર સાથે ડિવિડન્ડની જાહેરાત કરી હતી. કંપનીએ કહ્યું હતું કે, 10 રૂપિયાની ફેસ વેલ્યુવાળા શેર પર 21 રૂપિયાનું ડિવિડન્ડ આપવામાં આવશે.

### Income Tax ભરવા માટે આ 3 ફોર્મ બહાર પાડવામાં આવ્યા

મુંબઈ | આવકવેરા વિભાગે નાણાકીય વર્ષ 2023-24 (AY 2024-25) માટે ITR ફાઈલ કરવા જતા કરદાતાઓ માટે ITR-3 ની ઑફલાઈન, ઑનલાઈન અને Excel યુટિલિટીઓ બહાર પાડી છે. જે વ્યક્તિઓને ITR-3 ફાઈલ કરવાની જરૂર છે. તેઓ આ વર્ષે રિટર્ન ફાઈલ કરવા માટે હવે ઑફલાઈન (જાવા), ઑનલાઈન અથવા એક્સેલ આધારિત યુટિલિટીનો ઉપયોગ કરી શકે છે. અમે તમને જણાવી દઈએ કે ઈ-ફાઈલિંગ ITR પોર્ટલ પર 'ડાઉનલોડ' વિભાગ હેઠળ આ ત્રણેય યુટિલિટીઝ હવે ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ છે. ઓનલાઈન યુટિલિટીનો ઉપયોગ કરતા કરદાતાઓને ITR ફોર્મમાં પહેલાથી ભરેલ ડેટા આપમેળે બતાવવામાં આવશે.

### જિંદાલ સ્ટીલ એન્ડ પાવર કંપની Demerge કરશે Power બિઝનેસ ?

મુંબઈ | જિંદાલ સ્ટીલ એન્ડ પાવર લિમિટેડ એ ભારતની અગ્રણી સ્ટીલ ઉત્પાદકોમાંની એક છે, જે માઈન્સ અને વીજ ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં મોટો ફાળો ધરાવે છે. જે ઓ.પી જિંદાલ ગ્રુપનો એક ભાગ છે. જિંદાલ સ્ટીલ એન્ડ પાવર કંપનીના પાવર બિઝનેસને ડિમર્જ કરવા અંગે કંપનીના અધિકારીઓએ તેમના 2 નવેમ્બર, 2020ના અર્નિંગ કોલમાં માહિતી આપી છે. કંપનીના અધિકારીઓએ અર્નિંગ કોલમાં પાવર બિઝનેસને ડિમર્જ કરવા અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી, પરંતુ જો ભવિષ્યમાં તક મળશે તો તેઓ આ દિશામાં કામ કરશે. Jindal Steel & Power Ltdના શેરની વાત કરીએ તો, 10 મે 2024ના રોજ માર્કેટ બંધ થયું ત્યારે 1 ટકાના ઘટાડા સાથે રૂ.931 પર બંધ થયો હતો.

### નાણાકીય વર્ષ 2023-24માં ભારત દ્વારા ચીન પાસેથી સામાનની આયાતમાં 3.24 ટકાનો વધારો થયો છે

# ભારતનો ખાસ મિત્ર અમેરિકા કે ચીન? જુઓ વેપારમાં કોણ આગળ, આ આંકડાએ સૌને ચોંકાવ્યા

(એજન્સી) મુંબઈ | તા.13

ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર (Indian Economy)છે અને આ સાથે વિશ્વના તમામ દેશો સાથે તેનો વેપાર વધી રહ્યો છે. વ્યાપારમાં ભાગીદારીના મામલે અત્યાર સુધી યુએસ સૌથી મોટો બિઝનેસ પાર્ટનરશિપ રહ્યો છે, પરંતુ નાણાકીય વર્ષ 2023-24માં આ ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. હકીકતમાં ગયા વર્ષે અમેરિકા નહીં, પરંતુ ડ્રેગન (ચીન) ભારતનું સૌથી મોટું બિઝનેસ પાર્ટનર બન્યું હતું. ઈકોનોમિક થિંક ટેન્ક GTRI ના આંકડા પ્રમાણે બંને દેશો વચ્ચે 118.4 બિલિયન ડોલરનો વેપાર થયો છે, જ્યારે અમેરિકા આ મામલે બીજા નંબર પર છે. GTRI દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે નાણાકીય વર્ષ 2023-24માં ભારત અને ચીન વચ્ચે આયાત-નિકાસ 118.4 અરબ ડોલર રહ્યો હતો. જેમા ગયા નાણાકીય વર્ષ દરમિયાન ચીનમાં ભારતની નિકાસ વાર્ષિક ધોરણે જોઈએ તો 8.7 ટકાથી વધીને 16.67 અબજ ડોલર પર પહોંચી ગયો છે. જો આપણે ચીનમાં નિકાસ કરવામાં આવતી ચીજવસ્તુઓની



યાદી જોઈએ તો તેમાં સૌથી વધુ આયર્ન ઓર, સુતરના દોરા, કપડાં, મેડઅપ્સ, હેન્ડલૂમ, મસાલા, ફળો અને શાકભાજી, પ્લાસ્ટિક અને લિનોલિયમનો સમાવેશ થાય છે. રિપોર્ટ પ્રમાણે ચીન પાસેથી ભારતે કરેલી આયાતની (India's Import From China)વાત કરીએ તો તેમાં પણ વધારો થયો છે. નાણાકીય વર્ષ 2023-24માં ભારત દ્વારા ચીન પાસેથી સામાનની આયાતમાં 3.24 ટકાનો વધારો થયો છે અને તે $101.7 બિલિયનના સ્તરે પહોંચી ગઈ છે. ચીનથી ભારતમાં આવતાં સામાનમાં મુખ્યત્વે ઈલેક્ટ્રોનિક સામાન, પરમાણુ રિએક્ટર, બોઈલર, ઓર્ગેનિક કેમિકલ, પ્લાસ્ટિકનો સામાન, ખાતર, ઓટોમોબાઈલ સામાન, કેમિકલ પ્રોડેક્ટસ, આયર્ન તથા સ્ટીલ, લોખંડ અને સ્ટીલનો સામાન અને એલ્યુમિનિયમનો સમાવેશ થાય છે. આર્થિક થિંક ટેન્ક GTRIના ડેટા મુજબ ભારત અને ચીન વચ્ચેનો વેપાર 118.4 અરબ ડોલર રહ્યો છે, જ્યારે નાણાકીય વર્ષ 2023-24માં ભારત અને અમેરિકા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર 118.3 અરબ ડોલર રહ્યો છે અને આ આંકડા સાથે અમેરિકા પ્રથમ નંબરથી ખસીને બીજા સ્થાને સરકી ગયો છે. નાણાકીય વર્ષ 2020-21 હોય કે, નાણાકીય વર્ષ 2022-23 અમેરિકા ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર બની રહ્યું. ગયા નાણાકીય વર્ષે ભારતની અમેરિકામાં નિકાસ 1.32 ટકા ઘટીને $77.5 બિલિયન પર આવી ગયો હતો, જ્યારે આયાત લગભગ 20 ટકા ઘટીને $40.1 બિલિયન પર આવી ગયો હતો. GTRIના આંકડા પ્રમાણે નાણાકીય વર્ષ 2019 થી 2024 દરમિયાન ભારતના ટોચના-15 વેપાર ભાગીદારોમાં વ્યાપારમાં ખાસો ફેરફાર જોવા મળ્યો હતો. તેની અસર આયાત અને નિકાસ બંને આંકડા પર જોવા મળી છે. જ્યારે આ પાંચ વર્ષ દરમિયાન ચીનમાં નિકાસમાં 0.6 ટકાનો થોડો ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે ચીનમાંથી આયાતમાં વધારો જોવા મળ્યો છે, જે $16.75 બિલિયનથી ઘટીને $16.66 બિલિયન પર પહોંચી ગયો છે.

# ATMમાંથી રૂપિયા ઉપાડનારાઓને "FREE"માં 10 લાખનો ઈન્સ્યોરન્સ..!

(એજન્સી) મુંબઈ | તા. 13

આજનો યુગ ડિજિટલ થઈ ગયો છે. લોકો રોકડ કરતાં UPIનો વધુ ઉપયોગ કરી રહ્યા છે, પરંતુ કેટલીકવાર ATMમાંથી રોકડ ઉપાડવાની આદત ફાયદાકારક સાબિત થાય છે. તમને જાણીને નવાઈ લાગશે કે બેંકો ડેબિટ કાર્ડ પર ફ્રી ઈન્સ્યોરન્સની સુવિધા આપતી નથી. વિવિધ બેંકો ATM કાર્ડ પર દાવા તરીકે અલગ-અલગ રકમો આપે છે. આજની અહેવાલમાં અમે તમને આ વિશે વિગતવાર માહિતી આપવાના છીએ. જેમ જેમ બેંક ગ્રાહકને ડેબિટ અથવા ATM કાર્ડ જારી કરે છે, ગ્રાહકને અકસ્માત અથવા અકાળે મૃત્યુ સામે વીમો મળે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની વેબસાઈટ અનુસાર, પર્સનલ એક્સિડેન્ટલ ઈન્સ્યોરન્સ (મૃત્યુ) નોન એર બીમા ડેબિટ કાર્ડ ધારકને અકાળ મૃત્યુ સામે કવર પૂરું પાડે છે. વીમા કવચ વિવિધ કાર્ડ્સ પર આધારિત છે. જો કોઈની પાસે SBI ગોલ્ડ (માસ્ટરકાર્ડ અથવા વિઝા) કાર્ડ છે, તો તેને 2,00,000 રૂપિયાનું કવર મળે છે. બેંકના જણાવ્યા અનુસાર, આ વીમા કવર ત્યારે કાર્યરત થઈ જાય છે જ્યારે અકસ્માતની તારીખથી છેલ્લા 90 દિવસ દરમિયાન કોઈપણ ATM, POS, E-COM પર કાર્ડનો એકવાર ઉપયોગ કરવામાં આવ્યો હોય. જો કે, તેના વિશે માહિતીના અભાવને કારણે, માત્ર થોડા લોકો જ આ વીમાનો દાવો કરી શકે છે. સામાન્ય રીતે, જો કોઈ વ્યક્તિ ઓછામાં ઓછા 45 દિવસથી કોઈપણ સરકારી અથવા બિન-સરકારી બેંકના ATMનો ઉપયોગ કરે છે, તો તે કાર્ડ સાથે આપવામાં આવતી વીમા સેવા માટે હકદાર બને છે. તેથી, નિષ્ણાતો સલાહ આપે છે કે 45 દિવસમાં એકવાર ATMનો ઉપયોગ કરવો જોઈએ. જોકે, અલગ-અલગ બેંકોએ આ માટે અલગ-અલગ સમયગાળો નક્કી કર્યો છે. બેંકો ગ્રાહકોને ઘણા પ્રકારના ડેબિટ કાર્ડ જારી કરે છે. ATM કાર્ડ પર ઉપલબ્ધ વીમાની રકમ તેની શ્રેણી અનુસાર નક્કી કરવામાં આવે છે.

# લોકસભા ચૂંટણીમાં શેરબજારમાં શા માટે વોલેટાલિટી જોવા મળે છે?

(એજન્સી) નવી દિલ્હી | તા. 13


હાલ દેશમાં લોકસભા ચૂંટણી ચાલી રહી છે. ત્યારે લોકસભા ચૂંટણી અને શેરબજારમાં પરસ્પર ઊંડો સંબંધ છે. જેવી ચૂંટણીની જાહેરાત થાય તો બજારમાં આને લઈ પ્રતિક્રિયા જોવા મળે છે. જેના લીધે માર્કેટમાં ભારે વોલેટાલિટી આવતી હોય છે. આ વર્ષે પણ કંઈક આવું જ છે. બજારમાં ઉતાર-ચઢાવ આવતો રહે છે. વિદેશી રોકાણકાર ભારતીય બજારમાંથી પૈસા બહાર કાઢી રહ્યા છે. આનાથી બજારમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. જ્યારે સ્થાનિક રોકાણકાર બજારને ટેકો કરી રહ્યા છે. આમ છતાં ભયનો માહોલ બજારમાં છે. જો તમે પણ માર્કેટ રોકાણકાર છો તે જાણી લો કે લોકસભા ચૂંટણી થઈ તે દરમ્યાન બજારમાં આવું જ દ્રશ્ય છે. ગત કેટલીક ચૂંટણીમાં બજારનો મૂડ કેવો રહેવાનો છે. વર્ષ 2014 માં, લોકસભાની ચૂંટણી 7 એપ્રિલથી 12 મે વચ્ચે નવ તબક્કામાં યોજાઈ હતી અને તેના પરિણામો 16 મેના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. ચૂંટણીની શરૂઆત પહેલા શેરબજારમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો. નિફ્ટી 10 ફેબ્રુઆરીએ 6,041 પોઈન્ટ પર હતો, જે 7 એપ્રિલ સુધીમાં 6,776 પોઈન્ટ પર પહોંચ્યો હતો. આ સમયગાળા દરમિયાન સેન્સેક્સ 20,414 પોઈન્ટથી વધીને 22,628 પોઈન્ટ થયો હતો. આગામી ત્રણ સપ્તાહમાં, 7 એપ્રિલથી 28 એપ્રિલ સુધી, નિફ્ટી 200 પોઈન્ટની મર્યાદિત રેન્જમાં અને સેન્સેક્સ 500 પોઈન્ટની અંદર રહ્યો. 28 એપ્રિલથી 19 મે દરમિયાન બજારમાં ફરી એકવાર જોરદાર ઉછાળો જોવા મળ્યો. નિફ્ટી 7,367 પોઈન્ટ પર પહોંચ્યો હતો. આ સમયગાળા દરમિયાન સેન્સેક્સ પણ 24,693 પોઈન્ટ પર પહોંચ્યો હતો. લોકસભા ચૂંટણી 2019 સાત તબક્કામાં યોજાઈ હતી. પ્રથમ તબક્કાનું મતદાન 11 એપ્રિલે જ્યારે સાતમા તબક્કાનું મતદાન 19 મેના રોજ થયું હતું. તેના પરિણામો 23 મેના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. ચૂંટણી શરૂ થતાં પહેલા બજારમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. નિફ્ટી 18 ફેબ્રુઆરીના 10,738 પોઈન્ટથી વધીને 15 એપ્રિલના રોજ 11,752 પોઈન્ટ થઈ ગયો હતો. આ જ સમયગાળામાં સેન્સેક્સ પણ 35,820 પોઈન્ટથી વધીને 39,140 પોઈન્ટ પર પહોંચ્યો હતો. મતદાનના સમયગાળા દરમિયાન, 15 એપ્રિલથી 6 મે સુધીના આગામી ત્રણ અઠવાડિયા માટે બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો.

# વિદેશી રોકાણકારોએ માત્ર 10 દિવસમાં માર્કેટથી આટલા કરોડ ઉપાડી લીધા

(એજન્સી) ગુરૂગ્રામ | તા.13

દેશમાં લોકસભા ચૂંટણીના પરિણામોને લઈ નફો રળવા આતૂર વિદેશી રોકાણકારો ભારતીય શેરબજારમાંથી પૈસા કાઢી રહ્યા છે. મળતી માહિતી અનુસાર, ચૂંટણી પરિણામ સ્પષ્ટ થવા સુધી એફપીઆઈ એલર્ટનું વલણ અપનાવી શકે છે. પરંતુ પરિણામ અનુકૂળ રહે અને રાજકીય સ્થિરતાની સ્થિતિમાં તે ભારતીય બજારોમાં મોટું રોકાણ કરી શકે છે. એવું મનાઈ રહ્યું છે કે સામાન્ય ચૂંટણી પછી ભારતીય કંપનીઓને મજબૂત નાણાકીય પરિણોને લીધે એફપીઆઈ ભારતીય બજારમાં રોકાણ વધારશે. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (FPIs)એ વર્તમાન મે મહિનાના પ્રથમ 10 દિવસમાં ભારતીય શેરબજારોમાંથી રૂ. 17,000 કરોડથી વધુ રકમ પાછી ખેંચી લીધી છે. એપ્રિલ મહિનાની શરૂઆતમાં, ભારતની મોરેશિયસ સાથેની કરવેરા સંધિમાં ફેરફાર અને અમેરિકામાં બોન્ડ યીલ્ડમાં થયેલા વધારાને કારણે, FPIsએ સ્ટોક્સમાંથી રૂ. 8,700 કરોડનો ચોખ્ખો ઉપાડ કર્યો હતો. આ રીતે, ચાલુ મહિનાના પ્રથમ 10 દિવસમાં જ FPIs એપ્રિલ કરતાં વધુ પાછી ખેંચી ચૂક્યા છે. અગાઉ, FPIsએ માર્ચમાં શેર્સમાં રૂ. 35,098 કરોડ અને ફેબ્રુઆરીમાં રૂ. 1,539 કરોડનું ચોખ્ખું રોકાણ કર્યું હતું. ડિપોઝિટરી ડેટા અનુસાર, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ આ મહિને અત્યાર સુધીમાં (10 મે સુધી) સ્ટોકમાંથી રૂ. 17,083 કરોડ ઉપાડી લીધા છે. મળતી માહિતી અનુસાર, FPIs દ્વારા આક્રમક વેચાણના ઘણા કારણો છે.

# આ અઠવાડિયામાં સોનાની આગળ ચાંદી નીકળી, હવે સોનાનો વારો



(એજન્સી) નવી દિલ્હી | તા. 13

મે મહિનાના આ અઠવાડિયામાં છઠ્ઠી મેથી 12 મે સોનામાં રોકાણ કરનારને સારો એવો ફાયદો મળતો રહ્યો. અઠવાડિયાની શરૂઆતમાં સોનાના ભાવ વધતા જોવા મળ્યા. ત્યારબાદ આમાં ઘટાડો આવ્યો. ફરી પાછો ઘટાજો આવ્યો. રોકાણકારોને સૌથી વધુ ખુશી અખાત્રીજના દિવસે મળી હતી. જ્યારે આમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો હતો. જ્યારે ચાંદીમાં રોકાણ કરનારને અઠવાડિયામાં ચાંદી જ ચાંદી રહી હતી. ચાંદીમાં સપ્તાહમાં એક દિવસ ઘટાડો આવ્યો હતો. બાકીના દિવસે ચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. આ અઠવાડિયાની શરૂઆત સોનાની કિંમતમાં વધારા સાથે થઈ હતી. સપ્તાહની શરૂઆતમાં એટલે કે 6 મેના રોજ 24 કેરેટ સોનાની કિંમત 72,050 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. 12 મેના રોજ તેની કિંમત 73,360 રૂપિયા હતી. આવી સ્થિતિમાં, આ અઠવાડિયે તેમાં રૂ. 1310 (1.81 ટકા)નો વધારો થયો છે. જો આખા મહિનાની વાત કરીએ તો તેમાં લગભગ 2.50 ટકાનો વધારો થયો છે. આ અઠવાડિયામાં ચાંદીએ રોકાણકારોને ખુશ કરી દીધા છે. સપ્તાહની શરૂઆત 1000 રૂપિયાના વધારા સાથે થઈ હતી. આ વધારા સાથે 6 મેના રોજ ચાંદીની કિંમત 84 હજાર રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ હતી. આ પછી ચાંદીના ભાવમાં સતત વધારો થતો રહ્યો. જો કે, 8 મેના રોજ ચાંદીના ભાવમાં કોઈ ફેરફાર થયો ન હતો. આ પછી તેની કિંમતો ફરી વધવા લાગી. અખાત્રીજના દિવસે ભારે વધારો જોવા મળ્યો હતો. જોકે બીજા દિવસે એટલે કે શનિવારે તેમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો.

### જો તમારી પાસે પણ Tata Motors ના શેર છે તો આ સમાચાર જરૂર વાંચો

(એજન્સી) નવી દિલ્હી | તા. 13

સોમવારે શરૂઆતના વેપારમાં ટાટા મોટર્સના શેરમાં લગભગ 10 ટકાનો ઘટાડો થયો હતો. કંપનીના માર્ચ ક્વાર્ટરના પરિણામો શેરબજારને ખુશ કરવામાં નિષ્ફળ રહ્યા છે.જો તમારી પાસે પણ ટાટા મોટર્સના શેર છે, તો ખરીદો અથવા વેચતા પહેલા આ સમાચાર વાંચવા જરૂરી છે. લોકસભા ચૂંટણીના પરિણામો અને ફુગાવાના આંકડા આવતા પહેલા અસ્થિરતાના કારણે સોમવારે સવારે અડધા કલાકમાં શેરબજારમાં 700 પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. બજારના ઘટાડાને કારણે રોકાણકારોને રૂ. 4.36 લાખ કરોડનું નુકસાન થયું છે. આ સમયગાળા દરમિયાન ટાટા મોટર્સના શેરમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે. ટ્રેડિંગ સેશન શરૂ થતાં જ ટાટા મોટર્સના શેરમાં 10 ટકાનો ઘટાડો થયો છે. આવી સ્થિતિમાં, જો તમારી પાસે પણ ટાટા મોટર્સના શેર છે, તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. તમારા માટે એ જાણવું ખૂબ જ મહત્વપૂર્ણ છે કે શું તમારે ઘટાડા વચ્ચે ટાટા મોટર્સના વધુ શેર ખરીદવા જોઈએ અથવા તેને વેચવા વધુ સારું રહેશે.

# ભારતીય રેલવેએ મુસાફરોને આપી ખુશખબરી સાબરમતી-હરિદ્વાર વચ્ચે દોડશે સમર સ્પેશિયલ ટ્રેન

(એજન્સી) નવી દિલ્હી | તા. 13



ભારતીય રેલવેએ સમર સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો : સાબરમતી અને હરિદ્વાર વચ્ચે સમર સ્પેશિયલ ટ્રેન દોડશે

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી અને હરિદ્વાર વચ્ચે સમર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. ઉનાળાના વેકેશનને કારણે ટ્રેનોમાં ઘણી ભીડ છે જેથી મુસાફરોને કોઈ અગવડતા ન પડે તે માટે ભારતીય રેલવેએ સમર સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે. અમે તમને તે તમામ ટ્રેનોની યાદી અને વિગતો આપી રહ્યા છીએ જેથી કરીને તમારા માટે મુસાફરી કરવી અનુકૂળ બને.

ટ્રેન નંબર 09425/09426 સાબરમતી-હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ (કુલ 8 ટ્રીપ)

ટ્રેન નંબર 09425 સાબરમતી-હરિદ્વાર સ્પેશિયલ સાબરમતીથી 14,17,20 અને 23 મેના રોજ 18.45 કલાકે ઉપડશે અને બીજા દિવસે 19.00 કલાકે હરિદ્વાર પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર 09426 હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ હરિદ્વારથી 15,18,21 અને 24 મેના રોજ 21:45 કલાકે ઉપડશે અને બીજા દિવસે 21:30 કલાકે સાબરમતી પહોંચશે.

રૂટ પર બંને દિશામાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, જવાઈ ડેમ, ફાલના, રાની, મારવાડ, અજમેર, કિશનગઢ, ફુલેરા, રિંગાસ, નીમ કા થાણા, નારનૌલ, રેવાડી, ગુડગાંવ, દિલ્હી કેન્ટ, દિલ્હીથી પસાર થાય છે. ગાઝિયાબાદ, મેરઠ, મુઝફ્ફરનગર અને રૂરકી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર 09425નું બુકિંગ 11 મેથી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈને ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને બંધારણ સંબંધિત વિગતવાર માહિતી ચકાસી શકે છે.

## સ્ટ્રેટેજી

### અમેરિકાના ફાઈનાન્સિયલ એડવાઈઝર હેરોલ્ડ ઈવેન્સ્કીએ 1980માં થ્રી બકેટ સ્ટ્રેટેજી રજૂ કરી હતી

# કરોડપતિ બનવું હોય તો અપનાવો આ રણનીતિ, અચાનક આવી જતાં ખર્ચાઓ પણ નહીં નડે

(એજન્સી) મુંબઈ | તા. 13

આજની સતત વધતી મોંઘવારી અને ડિજિટલ યુગમાં રોટી-કપડાં-મકાન હોવા પૂરતા નથી, પરંતુ મોજશોખ, લકઝરી લાઈફ સ્ટાઈલ પણ મોટાભાગના લોકોની ખાસ કરીને યુવાનોની બકેટ વિશ લિસ્ટ (Bucket Wish List)માં સામેલ થઈ છે. આ જરૂરિયાતોને પૂરી કરવાની સાથે ભવિષ્યમાં આવનારા પડકારો, રિટાયરમેન્ટને અડચણમુક્ત અને સુખ-શાંતિથી પસાર કરવા લાંબાગાળે વેલ્થ ક્રિએશનનો લક્ષ્ય પણ તમારા બકેટ લિસ્ટમાં હોવો અત્યંત જરૂરી છે.

લાંબાગાળે અર્થાત 25થી 30 વર્ષે કરોડથી વધુનું મૂડી સર્જન કરવા માટે તમે થ્રી બકેટ સ્ટ્રેટેજી (Three Bucket Strategy) અપનાવી શકો છો. અમેરિકાના ફાઈનાન્સિયલ એડવાઈઝર હેરોલ્ડ ઈવેન્સ્કીએ 1980માં થ્રી બકેટ સ્ટ્રેટેજી રજૂ કરી હતી. આ રણનીતિ અંતર્ગત તમારી વર્તમાન, શોર્ટ-મીડ-લોંગ ટર્મ માટે નાણાકીય જરૂરિયાતો પૂરી કરવા ત્રણ અલગ-અલગ બકેટમાં રોકાણ કરી શકો છો. આ રણનીતિ અંતર્ગત ટૂંકાગાળા માટે લિક્વિડિટી પર ફોકસ, મધ્યમ ગાળાની જરૂરિયાતોને અનુલક્ષી લિક્વિડિટી અને રિટર્ન વચ્ચે સંતુલન જાળવવા તેમજ લાંબાગાળાની મૂડી જરૂરિયાતો માટે મૂડી સર્જન પર ફોકસ કરી શકો છો. આ રણનીતિ અપનાવી તમે ટૂંકાગાળાની જરૂરિયાતો પૂરી કરવાની સાથે લાંબાગાળે મૂડી સર્જનની તમામ નાણાકીય જરૂરિયાતો પૂરી કરી શકો છો.




### લિક્વિડિટી બકેટ:

સૌ પ્રથમ તમે રોકાણ માટે ફાળવેલી રકમને ત્રણ ભાગમાં વહેંચો. જેમાં પ્રથમ છે લિક્વિડિટી બકેટ જે ટૂંકગાળાની રોકડ જરૂરિયાતો પૂર્ણ કરે છે. જેમાં માસિક ખર્ચ, સ્વાસ્થ્ય ખર્ચ અને ઈમરજન્સીમાં નાણાંની જરૂરિયાતો આ ફંડની મદદથી પૂર્ણ કરી શકો છો. જેના માટે તમારે ડેટ ફંડ, શોર્ટ ટર્મ ફિક્સ્ડ ડિપોઝિટ અને બોન્ડ્સ વગેરેમાં રોકાણ કરવાનું રહે છે. આ બકેટમાંથી જ તમે રોકાણ ગમે-ત્યારે ઉપાડી શકો છો. જેથી અન્ય બકેટમાં રોકાણ જળવાઈ રહે.

### સેફ્ટી બકેટ:

રોકાણનો બીજો હિસ્સો સેફ્ટી બકેટ હેઠળ ફાળવો. જેમાં તમે પાંચ કે તેથી વધુ વર્ષ માટે રોકાણ કરી શકો છો. જેના માટે ફુગાવાનો સામનો કરતાં આકર્ષક રિટર્ન આપે તેવી રોકાણ સ્કીમ્સની પસંદગી કરવાની રહે છે. જેનો ઉદ્દેશ તમારી લિક્વિડિટી અને રિટર્ન વચ્ચે સંતુલન જાળવવાનો છે. જેમાં તમે ફિક્સ ડિપોઝિટ, હાઈબ્રિડ ફંડ્સ, મીડટર્મ ડેટ ફંડ, નાની બચત યોજનાઓ અપનાવી શકો છો.

# દર મહિને કેટલું કરશો રોકાણ..? આ રીતે બની શકો કરોડપતિ

(એજન્સી) મુંબઈ | તા. 13

ઘણીવાર એવું કહેવામાં આવે છે કે વ્યક્તિએ શક્ય તેટલું વહેલું રોકાણ શરૂ કરવું જોઈએ. આ માટે નિષ્ણાતો લોકોને તેમની આવક અને જોખમ લેવાની ક્ષમતા અનુસાર રોકાણ કરવાની સલાહ પણ આપે છે. આવી સ્થિતિમાં, જો તમે મ્યુચ્યુઅલ ફંડ અથવા SIP દ્વારા 1 કરોડ રૂપિયાનું ફંડ બનાવવા માંગો છો, તો અહીં તમે સંપૂર્ણ ગણતરી સમજી શકશો. તમે 1 કરોડ રૂપિયાનું ફંડ બનાવવાનું વિચારી રહ્યા છો, તો તમારે આ ગણતરી એકવાર સમજી લેવી જોઈએ. આ સાથે તમને ખબર પડશે કે તમે ઓછામાં ઓછા સમયમાં રૂ. 1 કરોડનું ભંડોળ બનાવવા માટે દર મહિને કેટલું રોકાણ કરી શકો છો. આ માટે નિષ્ણાત લોકો આવક અને જોખમ લેવાની ક્ષમતા અનુસાર રોકાણ કરવાની સલાહ પણ આપે છે.



તમે મ્યુચ્યુઅલ ફંડ અથવા SIP દ્વારા દર મહિને કેટલું રોકાણ કરીને, તમે લાંબા ગાળા માટે ફંડ બનાવી શકો છો. જેનાથી તમારા ખિસ્સા પર બોજ નથી વધતો અને તમારું રોકાણ પણ સુરક્ષિત બને છે. આવી સ્થિતિમાં, તમારે દર મહિને SIPમાં કેટલા પૈસા જમા કરવા પડશે જેથી 1 કરોડ રૂપિયાનું ફંડ તૈયાર થઈ જાય? ચાલો જાણીએ. જો તમે રૂ. 1 કરોડનું ફંડ બનાવવા માટે SIPમાં રોકાણ કરવા માંગો છો, તો તમારે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2080, વૈશાખ સુદ-07

## વિપક્ષી નેતાઓનો 'પાકિસ્તાન પ્રેમ'

'તેમણે કંઈ બંગડીઓ નથી પહેરી. તેમની પાસે પણ એટમ બોમ્બ છે, તે આપણા પર જ પડશે.' આ નિવેદન રક્ષામંત્રી રાજનાથ સિંહના પીઓકેના સ્વયં ભારતમાં આવીને ભળી જવાના નિવેદન પર ફારુક અબ્દુલ્લાની પ્રતિક્રિયા છે, જેનાથી દેશનો દરેક વ્યક્તિ હેરાન છે. બધાને યાદ હશે કે જનરલ મુશર્રફે પણ આગ્રા સમિટ સમયે કહ્યું હતું, 'અમે ક્યાં બંગડીઓ પહેરેલી છે?' લાગે છે કે ફારુક અબ્દુલ્લાને એ જ ડાયલોગ યાદ આવ્યો હશે. સ્પષ્ટ છે કે ફારુક અબ્દુલ્લાએ ફરીથી એ જ જૂનો રાગ છેડી દીધો છે. એક દિવસ પહેલાં વાયુસેનાની ગાડીઓના કાફલા પર પુંછમાં થયેલ આતંકી હુમલામાં આપણો એક વાયુસૈનિક બલિદાન થઈ ગયો અને ચાર ઘાયલ થઈ ગયા. સેના આતંકીઓને શોધવામાં પડી હતી અને ફારુક અબ્દુલ્લા ટિપ્પણી કરી રહ્યા હતા કે જ્યાં સુધી ભારત અને પાકિસ્તાન વચ્ચે મંત્રણા નહીં થાય, ત્યાં સુધી આતંક નહીં અટકે. ચીન સાથે વાત થાય છે તો પાકિસ્તાન સાથે કેમ નહીં? અસલમાં ફારુકનો ડર એ જ છે, જે ક્યારેક શેખ અબ્દુલ્લાનો હતો. તે ભય છે પીઓકેની ભારતમાં વાપસીનો. ઉલ્લેખનીય છે કે ૧૯૪૭માં કબાઈલી આક્રમણ બાદ ભારતીય સેનાએ કબાઈલીઓને ખદેડવાનું શરૂ કર્યું, તો મોટી સંખ્યામાં કબાઈલી માર્યા ગયા અને કેટલાય ભાગી ગયા. તેમનો પીછો કરી રહેલી આપણી સેનાને અચાનક જ ઉરીમાં રોકી દેવામાં આવી. આવો આદેશ માઉન્ટબેટન અને નેહરુ સિવાય કોઈ આપી ન શકે. ઉરીથી આગળના વિસ્તારમાં કાશ્મીરી નથી બોલાતી. તે પહાડી, ગોજરી, પંજાબી બોલનારા ગુજર બકરવાલ, પંજાબીઓ, રાજપૂતોનો વિસ્તાર છે. તેઓ શેખ અબ્દુલ્લાના સમર્થક નહોતા. તેમના ભારતમાં રહેવાથી શેખના રાજકીય વર્ચસ્વને પડકાર ઊભો થાય તેમ હતું. તેથી પીઓકેને જાણીજોઈને પાકિસ્તાનના કબ્જામાં જવા દેવામાં આવ્યું. આજે જો પીઓકે અને ગિલગિટ-બાલ્ટિસ્તાન ભારતમાં પાછું આવી ગયું, તો ઘાટીમાં ફારુકના ખાનદાની વર્ચસ્વની સંભાવનાઓ ધૂમિલ થઈ જશે. તેથી ફારુક અબ્દુલ્લા ઈચ્છે છે કે પાકિસ્તાન સાથે વાતચીત થાય, જેથી કોઈ એવી સમજૂતી થઈ જાય કે પીઓકે અને ગિલગિટ-બાલ્ટિસ્તાન ભારતમાં ન આવી શકે અને નિયંત્રણ રેખાને જ આંતરરાષ્ટ્રીય સીમા માની લેવામાં આવે. તેથી ફારુક જેવા નેતાઓનાં આવાં નિવેદનો આવતાં રહે છે અને આવતાં રહેશે. હાલમાં કાશ્મીરમાં પણ ત્યાંની પાંચ સંસદીય સીટો પર ચૂંટણી થઈ રહી છે. સંભાવના છે કે પાછલાં વર્ષોના ૫-૧૦ ટકાની તુલનામાં આ વખતે મોટી સંખ્યામાં મતદારોની ભાગીદારી થશે. બારામુલાથી ઉમર અબ્દુલ્લા, અનંતનાગ-રાજોરીથી મેહબુબા મુફ્તી ઉમેદવાર છે. આ લોકો ચૂંટણીઓમાં પાકિસ્તાન અને અલગતાવાદને મુદ્દો બનાવતા રહે છે. તેથી મોકો મળતાં જ ફારુકે પોતાનું ખાનદાની પાકિસ્તાન કાર્ડ વાપરી લીધું, જે તેમના પિતા પણ વાપરતા હતા. એકંદરે ત્યારથી આજ સુધી ઝેલમ નદીમાં ઘણું પાણી વહી ગયું છે. કલમ ૩૭૦ ખતમ થવા, કાશ્મીર અને લદ્દાખ અલગ-અલગ કેન્દ્રશાસિત પ્રદેશ બની ગયા બાદ હવે ચૂંટણી જમ્મુ અને કાશ્મીરની જનભાવનાઓના લિટમસ ટેસ્ટ જેવી છે. પૂર્ણ રાજ્યથી કાશ્મીરને કેન્દ્રશાસિત બનાવી દેવા અને પછી કાશ્મીરના ઔદ્યોગિકીકરણના આર્થિક અને બુનિયાદી માળખા વિકાસ અને રોજગારી અભિયાન ચલાવવાથી એક મિશ્ર પરિદૃશ્ય ઉભર્યું છે. મતદારો સમજે છે કે રેલ નેટવર્ક, હાઈવે પરિવહનનો વિકાસ અને પરિણામે પર્યટનની સંભાવનાઓ કાશ્મીરનું ભાગ્ય બદલી નાખશે. પરંતુ એ ત્યારે થશે કે આ બધા સકારાત્મક પરિવર્તનોનું ચૂંટણીઓમાં આમ આદમીની માનસિકતા પર કેવો પ્રભાવ હશે. પાકિસ્તાન સાથે મંત્રણા શરૂઆતથી જ જમ્મુ-કાશ્મીરના રાજકીય પક્ષો, ચાહે તે નેશનલ કોન્ફરન્સ હોય કે મેહબૂબા મુફ્તીની પીડીપી, તેમનો પ્રિય એજન્ડા રહ્યો છે.તેમણે ઘાટીમાં આતંકીઓ અને આઈએસઆઈની દહેશતનો લાંબો દોર પણ જોયો છે.

# રાજપીપળામાં રૂપિયા 17.77 કરોડના ખર્ચે બનેલી, ત્રણ વર્ષથી ચાલતી ભૂગર્ભ ગટરની કામગીરી શોભાના ગાઠીયા સમાન..?!!






### ચિત્રાવાડી ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બની ગયો પરંતુ વીજ જોડાણ બાકી હોય અત્યારસુધીનું ગટરનું ગંદુ પાણી કરજણ નદીમાં છોડાય છે

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા માં અગાઉ ત્રણ વાર ભૂગર્ભ ગટર લાઈન નાંખવાની કામગીરી કરવામાં આવી હતી જોકે એ સમયે આ લાઈનો નિષ્ફળ ગઈ હતી અને નિષ્ણાતો ના માટે રાજપીપળા માં ઉતાર ચઢાવ વાળા રોડ હોવાથી આ ગામ માં ભૂગર્ભ ગટર સક્સેસ જાય તેમ નથી ત્યારબાદ ૨૦૨૧ ના વર્ષ માં ફરી ભૂગર્ભ ગટર નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી અને આજે ત્રણ વર્ષ બાદ કામગીરી પૂરી તો થઈ પરંતુ હજુ રાજપીપળા ના ટેકરા, સિંધીવાડ, રાજેન્દ્ર નગર,નવા ફળિયા સહિત ના સાત થી આઠ વિસ્તારો માં ગટર ઉભરાતા ગંદુ દુર્ગંધ મારતું પાણી બહાર આવતા લોકો માં રોષ ફેલાયો છે કેમ કે જે કોન્ટ્રાકટર એ આ કામગીરી કરી છે તેના કોઈજ કર્મચારી અહીંયા નથી માટે ફરિયાદ કર્યા બાદ પણ કોઈ જોવા આવતું નથી જેથી આ વિસ્તારો માં રોગચાળો ફેલાઈ તેવી પણ શક્યતાઓ નકારી ન શકાય.

જાણવા મળ્યા મુજબ રાજપીપળા પાસેના ચિત્રાવાડી ગામ પાસે બનાવેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ તૈયાર થઈ ગયો છે પરંતુ વીજ જોડાણ નહિ આવતા હાલમાં ગટર નું બધું પાણી કરજણ નદી માં છોડવામાં આવતા નદી પ્રદુષિત થઈ રહી છે.કોન્ટ્રાકટર જવાબદારી માંથી છટકતા હોય એમ હાલમાં લાંબા સમયથી તેના કોઈજ કર્મચારી રાજપીપળા માં નહિ મૂકતા ઉભરાતી ગટરો કે અન્ય સમસ્યા નું કોઈજ સમાધાન થતું નથી માટે પાલિકા એ આવા કોન્ટ્રાકટર સામે કડક પગલાં લઈ યોગ્ય કામગીરી કરાવવી જોઈએ.નહિ તો આવા કોન્ટ્રાકટર ને બ્લેકલિસ્ટ કરવા જોઈએ તેવી લોકમાંગ છે.

## સાસણ ગીરના સિંહોને ભાવનગરમાં નિવાસ મળશે



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગુજરાતમાં એકમાત્ર એશિયાટિક લાયન ગીર અભ્યારણ્યમાં છે તેવું નથી, કેમ કે સિંહોની વસતી વધતાં હવે તે ખોરાકની શોધમાં ભાવનગર અને દીવ સુધી પોતાનો વિસ્તાર વધારી રહ્યાં છે. હાલ રાજ્યના છ જિલ્લામાં જોવા મળતાં સિંહો માટે બીજું નવું અભ્યારણ્ય ઉભું કરવાની ભલામણો કરવામાં આવી રહી છે. ભાવનગરમાં આવી ચઢેલા સિંહોના આશ્રય માટે લોકોની મદદથી ૪૦૯ જેટલા ગામોમાં પાણીના પોઈન્ટ અને આફ્રિકા જેવા ઘાસના મેદાન તૈયાર કરવાની એક યોજના પર કામ ચાલી રહ્યું છે. વન વિભાગના ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે, સરકારી પડતર જમીનમાં વન તળાવ, ચેકડેમ અને ઘાસના મેદાનો બનાવવામાં આવશે. થોડા વર્ષો પહેલાં પાલિતાણા, તળાજા અને મહુવામાં ૨૫ સિંહનો વસવાટ જોવા માં આવ્યો હતો. સિંહોને યોગ્ય વાતાવરણ આપવા માટે વન વિભાગે શેત્રુંજી કન્ઝર્વેશન રિઝર્વ હેઠળ પ્રયાસ શરૂ કર્યા છે. વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ અભ્યારણ્ય, રાષ્ટ્રીય ઉદ્યાન, કન્ઝર્વેશન રિઝવે અને કોમ્યુનિટી રિઝર્વ એમ ચાર પ્રકારના રક્ષિત વિસ્તારોનો સમાવેશ કરવામાં આવે છે.

**વધતી વસ્તીના કારણે સિંહો માટે ભાવનગરમાં નવું અભયારણ્ય બનાવવા માટે વ્યવસ્થા ઉભી થશે**

## તિલકવાડાના સુરજીપુરામાં જુગાર પર પોલીસ રેઇડ




### મુદ્દામાલ સાથે 5 લોકોની ધરપકડ, 2 ભાગી છૂટયા

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના સુરજીપૂરા ગામ માં ચાલતા જુગાર ઉપર પોલીસે રેઈડ કરી મુદ્દામાલ સાથે પાંચ જુગારી ને ઝડપી. લીધા હતા જ્યારે બે નાશી છૂટયા હતા.

મળતી.માહિતી અનુસાર સુરજીપુરા ગામે આર.સી.સી. રોડ ઉપર ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળામાં પોતાના આર્થીક ફાયદા સારૂ પતા પાનાનો હારજીત નો જુગાર રમી રમાડતા મુકેશભાઈ ભગુભાઈ ભીલ, દિલીપ ભાઈ રતનભાઈ ભીલ,રાકેશભાઈ કનુભાઈ ભીલ, અનિલ ભાઈ નાયકાભાઈ ભીલ તથા છોટાભાઈ ગોરધનભાઈ ભીલ, તમામ રહે.સુરજીપુરા.તા.તિલકવાડા જી.નર્મદા ને પોલીસે પકડી પાડયા હતા તેમની અંગ ઝડતી માંથી રોકડા રૂ. ૧૯૨૦/- તથા દાવ ઉપરના રૂ.૫૨૦/- મળી કુલ જુગારના રોકડા રૂ.૨,૪૪૦/- તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિ.રૂ.૩,૦૦૦/- મળી કુલ કિ. રૂ.૫,૪૪૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા,જ્યારે વિષ્ણુભાઈ ગોકુળભાઈ ભીલ, રહે.સુરજીપુરા અને દિનેશભાઈ કાળુભાઈ ભીલ રહે.સુરજીપુરા નાઓ ભાગી જતાં બંને ને વોન્ટેડ જાહેર કરી તિલકવાડા પોલીસે ગુનો દાખલ કર્યો છે.

## રાજ્યમાં નર્મદા ડેમ સહિત 50 ડેમ તળિયા ઝાટક

### છતાં જુલાઈ સુધી પીવાનાં પૂરતાં પાણીનો તંત્રનો દાવો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

એકમાત્ર ઊકાઈ ડેમમાંથી જ સિંચાઈ માટે પાણી અપાય છે.નર્મદા ડેમ સહિત ૨૦૭ ડેમમાં ૩૧.૨૭% ઉપયોગમાં લઈ શકાય તેટલું પાણી ગુજરાતમાં સરદાર સરોવર નર્મદા ડેમ સહિત ૨૦૭ ડેમ- જળાશયો પૈકી ૫૦ જેટલા ડેમ અત્યારે તળિયાઝાટક સ્થિતિમાં છે, છતાં તંત્ર સબ સલામતનો દાવો કરતાં કહે છે કે, જુલાઈ સુધી પીવાના પાણીનો પૂરતો જથ્થો રાજ્ય પાસે હોઈ ચિંતાનું કોઈ કારણ નથી સૂત્રો કહે છે કે, નર્મદા ડેમ સિવાયના ૨૦૬ ડેમ પૈકી ૪ ટકાથી ઓછો જથ્થો ૫૦ જેટલા ડેમમાં છે, જે બે-ચાર ટકા જથ્થો છે તે ઉપયોગમાં લઈ શકાય તેવું નથી અને આ ૫૦ પૈકી ૨૬ ડેમ તો બિલકુલ પાણી વિનાનાં સૂકાભઠ્ઠ હાલતમાં છે. અત્યારે ઉનાળામાં ઊકાઈ સિવાય કોઈ ડેમમાંથી સિંચાઈ માટે પાણી અપાતું નથી. ઊકાઈ ડેમમાં હાલ ૪૩.૯૦ ટકા પાણી વાપરી શકાય તેવું છે, જે જીવંત જથ્થોમાં જોઈએ તો ૨,૫૭૦.૭ મિલિયન ક્યુબિક મીટર છે. સરદાર સરોવર નર્મદા ડેમમાં અત્યારે ૫૩.૪૨ ટકા ગ્રોસ સ્ટોરેજ છે, જે પૈકી ૨૩.૫૦ ટકા જથ્થો વપરાશમાં લઈ શકાય તેટલો છે. અલબત્ત, ગયા વર્ષના ૯ મિલિયન એકર ફૂટના બદલે આ વર્ષે ૧૦.૨૪ એમએએફ જથ્થો ગુજરાતને એલોટ થયેલો હોઈ પીવાના પાણી માટે જુલાઈ સુધી કોઈ ચિંતા નથી, એમ સૂત્રો દાવો કરે છે. રાજ્યમાં હાલની સ્થિતિએ ડેમ-જળાશયોમાં જીવંત પાણીનો ૬૩૫૨.૬૭ એમસીએમ યાને ૩૧.૨૭ ટકા જથ્થો ઉપલબ્ધ હોવાનું જણાવાઈ રહ્યું છે.

## નર્મદા : દીકરી નિષ્ઠાની અસાધારણ સિદ્ધિ અન્ય વિધાર્થીઓ માટે પ્રેરણારૂપ

ભરત શાહ | રાજપીપળા



**કોચિંગ વગર 96.5 ટકા મેળવનાર નિષ્ઠાએ વિજ્ઞાન તથા ઉચ્ચ સનદી અધિકારી તરીકે ભાવિ ગોલ સેટ કર્યું છે**

દરેક માતા-પિતાની ઈચ્છા-અપેક્ષાઓ હોય છે પોતાના બાળકને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવીને ભવિષ્યની સાચી દિશા કંડારે, બાળક પણ અભ્યાસમાં રસ દાખવે અને સારું પરિણામ હાંસલ કરે તો એનાથી વિશેષ ગૌરવ માતા-પિતા માટે શું હોય ?

રાજપીપલામાં સાદગીપૂર્ણ જીવન જીવતા એક સામાન્ય પરિવારની લાડકી દીકરી વાત્સલ્ય વિદ્યાલયમાં( વિસડમ સાયન્સ ગ્રુપ) અભ્યાસ કરીને ટ્યુશન વગર ધાર્યા કરતાં વધારે પરિણામ મેળવ્યું છે. રાજપીપલાની દીકરી નિષ્ઠાએ પણ ધો.૧૦ માં ૯૬.૫ ટકા સાથે (૯૯.૮૩ પર્સનટાઈલ) A-1 ગ્રેડ લાવીને પોતાના માતા-પિતા સહિત નર્મદા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

દીકરી નિષ્ઠાના સખત અને સતત મહેનતથી પિતા પ્રવીણભાઈ વસાવાની ખુશી બે ગણી થઈ છે. નિષ્ઠા પી. વસાવાનો પ્રથમ લક્ષ્ય વિજ્ઞાન ક્ષેત્રે કારકિર્દી ઘડવાનો તેમજ બીજો ધ્યેય ઉચ્ચ સનદી અધિકારી બનવાનું છે. દીકરી નિષ્ઠાએ નિષ્ઠા પૂર્વક મહેનત કરીને ધો.૧૦ માં જે પરિણામ હાંસલ કર્યું છે તેને જોતા લાગે છે કે નિષ્ઠા માટે કોઈ પણ ધ્યેય અસંભવ નથી. અભ્યાસની સાથો સાથે રમત અને સંગીત ક્ષેત્રે પણ નિષ્ઠા ખૂબ રસ લઈને આગળ વધી રહી છે.

## ધો.12 વિજ્ઞાન પ્રવાહમાં ઉચ્ચ ક્રમાંક મેળવી રાજપીપળા મુસ્લિમ સમાજનું નામ રોશન કરતી વ્હોરા તસ્લીમ

ભરત શાહ | રાજપીપળા



હાલમાં જ ધોરણ ૧૦ અને ૧૨ નું પરિણામ આવ્યું જેમાં નર્મદા જિલ્લાનું ભૂતકાળ કરતા ઘણું ઊંચુ પરિણામ આવ્યું છે અને વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓ અવ્વલ આવતા જે તે શાળા ના નામ ઊંચા કર્યા છે ત્યારે મુસ્લિમ પરિવાર ની એક દીકરી એ પણ ઊંચી ટકાવારી સાથે નામ રોશન કર્યું છે. મુસ્લિમ સમુદાયમાં ભણતરનું પ્રમાણ ઓછું જોવા મળતું હતું અને તેમાં પણ દીકરીઓ માં તો ખુબજ ઓછું, પરંતુ હાલ મુસ્લિમ સમાજ માં ખુબ જાગૃતતા આવી છે અને ભણતર પ્રત્યે ખૂબ રસ દાખવી રહ્યા છે, રાજપીપળા ની એક મુસ્લિમ પરિવાર ની દીકરીઓ એ ધોરણ. ૧૨ વિજ્ઞાન પ્રવાહ ની પરીક્ષા માં ખુબ ઊંચા પર્સેન્ટાઈલ મેળવી સમાજનું નામ રોશન કર્યું છે અને સમાજ સાથે જિલ્લાનું પણ ગૌરવ અપાવ્યું છે સામાન્ય પરિવાર માંથી આવતી વ્હોરા તસ્લીમ તાહિર હુસેને ૯૭.૮૫ પર્સેન્ટાઈલ સાથે નર્મદા જિલ્લામાં પાંચમુ સ્થાન મેળવ્યું છે.વ્હોરા તસ્લીમે કેમેસ્ટ્રીમાં - ૯૦,ફિઝિક્સ માં - ૮૦, બાયોલોજી માં - ૮૨ અને ગુજકેટ માં - ૮૬.૬૯ પર્સેન્ટાઈલ સાથે સમાજનું અને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

# તિલકવાડાના દેવલીયા નજીક યુવકને શિકાર બનાવનાર દીપડો પાંજરે પુરાયો

**ફોરેસ્ટ વિભાગે અઠવાડિયાથી પાંજરા મૂકી, કેમેરા લગાડી, રાત દિવસ પેટ્રોલિંગ કરી દિપડાને રેસ્ક્યુ કરવામાં સફળતા મેળવી**

**હજી આ વિસ્તારમાં દીપડાઓ હોવાની સંભાવના છે જેથી આ વિસ્તારમાં પાંજરા મૂકી દિપડાઓને રેસ્ક્યુ કરાય તેવી લોકમાંગ**



ભરત શાહ | રાજપીપળા

મળતી માહિતી અનુસાર નર્મદા જિલલના તિલકવાડા તાલુકામાં દિપડા ઓએ આતંક મચાવ્યો હતો, અવાર નવાર પશુઓને શિકાર બનાવતા હોવાની ઘટનાઓ સામે આવી હતી ત્યારે થોડા દિવસ અગાઉં દેવલિયા નજીક સુઈ રહેલા એક 35 વર્ષીય યુવકને માનવભક્ષી દિપડાએ શિકાર બનાવ્યો હતો આ ઘટનાને પગલે ફોરેસ્ટ વિભાગ સતર્ક બની તાત્કાલિક તે તરફના વિસ્તારમાં આઠથી દસ પાંજરા મૂકી તથા કેમેરા લગાડી રાત દિવસ પેટ્રોલિંગ કરીને માનવભક્ષી દીપડાને ઝડપી પાડવા માટે રેસ્ક્યુ હાથ ધરવામાં આવ્યું હતું અને ગત મોડી રાત્રિના માનવભક્ષી દીપડા ને ઝડપી પાડવામાં ફોરેસ્ટર વિભાગ ને સફળતા મળી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર તિલકવાડા તાલુકામાં છેલ્લા કેટલાક સમય થી દીપડાઓ એ આતંક મચાવ્યો હતો, આ દિપડાઓ અવાર નવાર ગ્રામ્ય વિસ્તાર માં પશુઓને શિકાર બનાવતા હોવાની ઘટનાઓ બનતી હતી અને થોડા દિવસ અગાઉ દેવલીયા નજીક વંઢ ગામના પાટિયા પાસે રાત્રિના સમયે સુઈ રહેલા 35 વર્ષીય યુવાન અપ્પુસિંગ રાજપૂત જેઓ રાજસ્થાનથી રોજીરોટી કમાવવા માટે આવ્યા હતા અને તેઓ પોતાના સાથી મિત્રો સાથે વંઢ ગામ નજીક તબેલા પાસે સુઈ રહ્યા હતા ત્યારે રાત્રિના સમય એક માનવભક્ષી દીપડાએ અપ્પુસિંગ રાજપૂતને ગળાના ભાગે દબોચી અંદાજીત 50 થી 60 મીટર જેટલો ઘસડી જઈ મોતને ઘાટ ઉતાર્યો હતો આ ઘટનાને પગલે ફોરેસ્ટ વિભાગ એલર્ટ મોડમાં આવી ગયું અને તાત્કાલિક ધોરણે વિસ્તારમાં આઠથી દસ જેટલા પાંજરા મૂકી દેવામાં આવ્યા હતા તથા સીસીટીવી કેમેરા લગાડી, રાત દિવસ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું ત્યારે છેલ્લા આઠ દિવસથી આ દીપડો હાથ તાળી આપી છટકી નીકળતો હતો પરંતુ ગત રાત્રિના આ માનવભક્ષી દીપડો પાંજરે પૂરવામાં ફોરેસ્ટ વિભાગ ને સફળતા મળી છે ત્યારે પાંજરે પુરાયેલા આ દીપડાને તાત્કાલિક ધોરણે કેવડિયા જંગલ વિસ્તારમાં ખસેડવામાં આવ્યો છે. અને આ માનવભક્ષી દીપડો પાંજરે પુરાતા આ વિસ્તારના લોકોએ રાહતનો શ્વાસ લીધો છે, પરંતુ હજી પણ આ વિસ્તારમાં દીપડાઓ હોવાની સંભાવના છે જેથી હજી પણ આ વિસ્તારમાં પાંજરા મૂકી દિપડાઓને રેસ્ક્યુ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ સહકારી શરાફી મંડળી લિમિટેડ મોડાસા દ્વારા (પ્રીફર્ડ) પ્રીમિયર સભ્યોનો સત્કાર અને મિલન સમારંભ યોજાયો



રાકેશ મહેતા | ધનસુરા

શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ સહકારી શરાફી મંડળી લિ મોડાસા ના પ્રીમિયર સભ્યોનો સત્કાર અને મિલન સમારંભ મોડાસા હાઈસ્કૂલ ના પટાંગણ માં યોજવામા આવ્યો હતો. આ પ્રસંગે મંડળી નાં ચેરમેન ની નાદુરસ્ત તબિયત ના કારણે કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન આદરણીય વડીલ અને સીઈબી ઈસ્માઈલભાઈ દાદુએ સાંભળ્યું હતું.

કાર્યક્રમમાં મંચસ્થ મહાનુભાવો માં ડો. મુકુંદભાઈ વી શાહ, બિપીનભાઈ આર શાહ, નલીનીબેન શેઠ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પ્રાર્થના બાદ સ્વાગત પ્રવચન શ્રી ઈસ્માઈલભાઈ દાદુએ કર્યું હતું તથા તમામ મહેમાનોનું કુલછડીથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંડળીની પ્રગતિ નો અહેવાલ મેનેજિંગ ડિરેક્ટર શ્રી રમણભાઈ પ્રજાપતિ આપ્યો હતો. મંડળીના મેનેજર નરેશભાઈ શાહે મંડળીની કાર્ય પ્રણાલીથી સૌને વાકેફ કર્યા હતા. કાર્યક્રમમાં મંડળીના તમામ સ્ટાફને એસોસિયેશનના 50 વર્ષ નિમિત્તે એક માસનો પગાર બોનસ તરીકે આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો માં થી બિપીનભાઈ શાહ, ડો મુકુંદભાઈ શાહ, નલિનીબેન શેઠ, અફતાબભાઈ દુરાની, એડવોકેટ રાજુભાઈ તેમજ મયુરભાઈ બુટાલા એ મંડળીની કાર્યપ્રણાલી અને પ્રગતિથી સંતોષ વ્યક્ત કર્યો હતો. તથા મંડળી ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમના અંતે તમામ ને એક આકર્ષક ગિફ્ટ આપવામાં આવી હતી. તેમજ સુંદર અને સ્વાદિષ્ટ ભોજન રાખવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સંચાલન ડિરેક્ટર મુકુન્દ એસ. શાહે કર્યું હતું આભાર દર્શન ડિરેક્ટર મનીષ કે ભાવસારે કર્યું હતું.કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને આહવાન કરવામાં આવ્યું હતું કે આપ આ મંડળીના સભ્ય બનો અને મંડળીની પ્રગતિ માં ભાગીદાર બનો તેવી અપેક્ષા સેવામાં આવી હતી. કાર્યક્રમમાં સૌએ ચેરમેન શ્રી જલ્દીથી સાજા થઈ જાય અને મંડળીની કમાન સંભાળી લે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં એમ ડી રમણભાઈ એ જાહેર કર્યું કે જે કોઈ વ્યકિતઓ તારીખ 31 12 24 સુધીમાં ડિપોઝિટ મુકીને અથવા મોટું ધિરાણ લઈને સભ્ય બનશે તેમને અગામી મંડળીની સભાસદ ભેટ માટે માન્ય ગણવામાં આવશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## નર્મદામાં સતત ચાર દિવસથી થતા અકસ્માતમાં 5 લોકોના મોત થયાં

### બાઈક ચાલકે રાહદારીને ઉડાડતા મોત

ભરત શાહ | રાજપીપળા



મરનાર જગદીશ તડવી

નર્મદા જિલ્લામાં સતત ચાર પાંચ દિવસથી એક બાદ એક રોડ અકસ્માત પોલીસ ચોપડે નોંધાઈ રહ્યા છે જેમાં પાંચ લોકો ના મોત પણ થયા છે જ્યારે કેટલાક ઈજાગ્રસ્ત થયા છે.હાલમાં તિલકવાડા તાલુકા માં થયેલા અકસ્માત માં એક ઈસમનું મોત નિપજ્યું હતું.

સૌથી પહેલા રાજપીપળા કાળિયા ભૂત પાસે થયેલા અકસ્માત માં કાર ચાલકે રોડની બાજુમાં સૂતેલા દંપતી પર ગાડી ચઢાવી દેતા ઘટન સ્થળે જ દંપતી ના મોત થયા હતા ત્યારબાદ આમલેથા અને તિલકવાડા તાલુકામાં થયેલા અકસ્માત માં એક મહિલા સહિત બે ના મોત થયા અને ગતરોજ તિલકવાડા તાલુકાના કામસોલી ગામની સીમ પાસેના પેટ્રોલપંપ પાસે થયેલા એક્સીડન્ટ માં સંજયભાઈ મોહનભાઈ તડવી,રહે. ટેકરા કામસોલી તા.તિલકવાડા જી.નર્મદા ની ફરિયાદ મુજબ કોઈ અજાણ્યો મોટર સાયકલ ચાલક નંબર- GJ.22.R. 3745 નો ચાલક પોતાના કબ્જાની મોટર સાયકલ પુરઝડપે હંકારી લાવી હાઈવે રોડે ચાલતા જતા રાહદારી સંજયભાઈ ના કાકાના દિકરા જગદીશભાઈ જયંતિભાઈ તડવી (ઉ.વ. ૪૦) સાથે એક્સીડન્ટ કરી તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોચાડી સ્થળ ઉપર મોત નીપજાવી મોટર સાયકલ સ્થળ પર મુકી ભાગી જતા તિલકવાડા પોલીસે ગુનો નોંધી મોટરસાઈકલ ચાલક ની શોધખોળ આદરી છે.

**નર્મદા પોલીસ દરેક તાલુકા માં કેફી પીણું પી ગાડી ચલાવતા કે બેફિકરાઈ થી ગાડી ચલાવતા ચાલકો વિરૂદ્ધ દરરોજ અનેક કેસો કરે છે છતાં અકસ્માતો ઘટવાના બદલે વધે છે તો આવા કેસો કરવાનો શું મતલબ..?**

# આ વસ્તુઓને પાણીમાં ઉમેરી 10 મિનિટ લો સ્ટીમ, ચહેરા પર તુરંત આવશે નિખાર



ચેહરાને સુંદર અને ત્વચાને ગ્લોઈંગ બનાવવા માટે લોકો અલગ અલગ વસ્તુઓ અને ટ્રીટમેન્ટની મદદ લેતા હોય છે. ચહેરાની સુંદરતા વધારતી ટ્રીટમેન્ટમાંથી એક ફેશિયલ પણ છે. ફેશિયલ ત્વચાને ચમકદાર બનાવે છે અને નિખાર લાવે છે. પરંતુ શું તમે આજ સુધી ત્વચા પર સ્ટીમ ફેશિયલ કર્યું છે ? નોર્મલ ફેશિયલની જેમ સ્કીન પર ઇન્સ્ટન્ટ ગ્લો લાવવા માટે સ્ટીમ ફેશિયલની મદદ લેવામાં આવે છે. ઘણી વખત એવું થાય છે કે અચાનક કોઈ ફંક્શનમાં જવાનું થાય ત્યારે ખૂબ ઓછા સમયમાં તૈયાર થવાનું હોય છે. આવી સ્થિતિમાં જો તમે સ્ટીમ ફેશિયલ કરો છો તો તેનાથી ત્વચા પર ઇન્સ્ટન્ટ ગ્લો આવે છે. સ્ટીમ ફેશિયલ માટે પાણીમાં કેટલીક વસ્તુઓ ઉમેરી સ્ટીમ લેવાની હોય છે. સ્ટીમ લેવાની આ રીત ચહેરા પર નેચરલ ગ્લો વધારે છે. તો ચાલો તમને એવી કેટલીક વસ્તુઓ વિશે જણાવીએ જેને પાણીમાં ઉમેરીને સ્ટીમ લેવાથી ત્વચાને તુરંત લાભ થાય છે.



## કાકડી

સ્ટીમ લેવાના પાણીમાં કાકડીના ટુકડા કરી ઉમેરી તેમાં લવેન્ડર ઓઈલ અને ગ્રીન ટી બેગ ઉમેરી દો. હવે આ પાણી વડે સ્ટીમ લેશો તો ચહેરા પર ઈન્સ્ટન્ટ લો આવશે.

## વરીયાળી અને તમાલપત્ર

તમાલપત્ર અને વરિયાળી પણ સ્ટીમ લેવાના પાણીમાં ઉમેરી શકાય છે. તેના માટે તેજ પત્તાના ટુકડા કરી એક ચમચી વરિયાળી સાથે તેને પાણીમાં મિક્સ કરી દો. તેની સાથે તમે રોઝ એસેન્સિયલ ઓઈલ પણ ઉમેરી શકો છો. આ પાણીથી સ્ટીમ લેવાથી ડેડ સ્કીન દૂર થઈ જશે અને ત્વચા ચમકદાર દેખાશે.

## લીંબુ

લીંબુનો ઉપયોગ અલગ અલગ રીતે સ્કીન કેર રૂટિનમાં કરવામાં આવે છે. તેનો ઉપયોગ તમે સ્ટીમ લેવામાં પણ કરી શકો છો. ચહેરાની રંગત 10 મિનિટમાં જ વધારવી હોય તો સ્ટીમ લેવાના પાણીમાં લીંબુની છાલ, 1 ગ્રીન ટી બેગ અને ફુદીનાનું તેલ ઉમેરી દો. હવે આ પાણી વડે સ્ટીમ લેશો તો સ્કીન ડીટોક્સીફાય થઈ જશે અને ગ્લો વધી જશે.



## લીમડો

સ્ટીમ લેવાના પાણીમાં કડવા લીમડાના પાંચ થી સાત પાન ઉમેરી બરાબર ઉકાળી તેના વડે સ્ટીમ લો. આ પાણીથી સ્ટીમ લેવાથી બંધ પોર્સ ખુલી જશે અને ત્વચાની ગંદકી બહાર નીકળી જશે.

# ફણગાવેલું કઠોળ ખાવાથી થાય છે અનેક ફાયદા



સ્પ્રાઉટ્સ ખાવું ખૂબ જ ફાયદાકારક છે, પરંતુ તેને ખોટી રીતે ખાવાથી ઘણા નુકસાન થઈ શકે છે. એટલા માટે સ્પ્રાઉટ્સ ખાવાની સાચી રીત જાણવી જરૂરી છે. દરેક વ્યક્તિ જાણે છે કે સ્પ્રાઉટ્સ ખાવું ખૂબ જ ફાયદાકારક છે. ડૉક્ટરો-ડાયટિશિયનો પણ સ્પ્રાઉટ્સ ખાવાની ભલામણ કરે છે. સ્પ્રાઉટ્સ ફળોની જેમ તમારા રોજિંદા આહારનો એક ભાગ હોવો જોઈએ. ભલે તમે તેમાં ઘણાં વિવિધ આખા અનાજનો ઉપયોગ કરી શકો છો. કોઈપણ રીતે, વિવિધ સ્પ્રાઉટ્સના સેવનથી શરીરમાં તમામ પ્રકારના પોષક તત્વોની ઉણપ દૂર થાય છે. સ્પ્રાઉટ્સ પ્રોટીન અને ફાઈબરનો સમૃદ્ધ સ્ત્રોત છે. પરંતુ કેટલીકવાર સ્પ્રાઉટ્સ ખાવાથી નુકસાન પણ થઈ શકે છે. તેની પાછળનું કારણ સ્પ્રાઉટ્સ ખાવાની ખોટી રીત છે. કેટલાક લોકો સ્પ્રાઉટ્સ કાચા ખાય છે. જેના કારણે તેમને પેટમાં દુખાવો, ખેંચ અને લૂઝ મોશન જેવી સમસ્યાઓ થાય છે. વાસ્તવમાં, હાનિકારક બેક્ટેરિયા સ્પ્રાઉટ્સમાં હાજર હોય છે, જે આપણા પાચન તંત્રને નુકસાન પહોંચાડે છે. જો તમે સ્પ્રાઉટ્સ ખાવાના ફાયદા લેવા માંગતા હોવ અને સમસ્યાઓથી બચવા માંગતા હોવ તો તેના માટે સ્પ્રાઉટ્સ ખાવાની સાચી રીત જાણવી ખૂબ જ જરૂરી છે. આ માટે પહેલો નિયમ છે કે સ્પ્રાઉટ્સને રાંધીને ખાવા જોઈએ. એવું જરૂરી નથી કે તમે તેને લાંબો સમય રાંધો. પરંતુ તેને કુકર અથવા કઢાઈમાં થોડો સમય પકાવો જેથી તેના બેક્ટેરિયા ખતમ થઈ જાય. આ માટે એક કડાઈમાં એક ટીસ્પૂન તેલ મૂકી તેને ગરમ કરો અને પછી તેમાં સ્પ્રાઉટ્સ પકાવો. તમે તમારી પસંદગી મુજબ કેટલાક મસાલા, ડુંગળી, મરચા વગેરે પણ ઉમેરી શકો છો. કૂકરમાં પાણી અને મીઠું ઉમેરીને એક સીટી વાગે ત્યાં સુધી સ્પ્રાઉટ્સને રાંધો અને પછી તમારી પસંદગી મુજબ સલાડ, લીંબુ વગેરે ઉમેરીને ખાઓ. સ્પ્રાઉટ્સમાં લીંબુને બદલે નારંગીના રસનો ઉપયોગ પણ અદ્ભુત ટેસ્ટ આપે છે.



## દ્રાક્ષના જબરદસ્ત ફાયદા, ખરતા વાળ અને વજન ઘટાડવામાં કરે છે મદદ

**કાળા રંગની દ્રાક્ષ સ્વાદમાં તો મીઠી જ હોય છે, અને સાથે સ્વાસ્થ્ય માટે પણ એક વરદાન સમાન જ છે. દ્રાક્ષમાં ગ્લૂકોઝ, મેગ્નીશિયમ અને સાઈટ્રિક એસિડ જેવા ઘણા પોષક તત્વો વ્યક્તિને અનેક બિમારીથી બચાવે છે. કાળી દ્રાક્ષનું દરરોજ સેવન તમારા મોટાપાને દૂર કરવાની સાથે સાથે ડાયાબિટિસ, બ્લડ પ્રેશર, હાર્ટની બિમારી, ત્વચા અને વાળની સમસ્યાને દૂર કરવામાં મદદ કરશે. ત્યારે જોઈએ કાળી દ્રાક્ષના અગણિત ફાયદા.**

### વજન ઘટાડવા કરે છે મદદ:

કાળી દ્રાક્ષ વજન ઘટાડવામાં મદદરૂપ બને છે. મોટાપાથી પરેશાન લોકોએ તો ખાસ કાળી દ્રાક્ષનું સેવન કરવું જોઈએ. કાળી દ્રાક્ષ લોહીમાં કોલેસ્ટ્રોલ બનતું અટકાવીને મોટાપા જેવી અન્ય સ્વાસ્થ્યની બિમારીઓથી બચાવે છે.

### યાદશક્તિ વધારવામાં મદદરૂપ:

કાળી દ્રાક્ષ ખાવાથી વ્યક્તિની એકાગ્રતા અને યાદશક્તિ વધે છે. એટલું જ નહીં પણ કાળી દ્રાક્ષ ખાવાથી માઈગ્રેન જેવી બિમારીઓમાંથી પણ બચી શકાય છે.

### ડાયાબિટિસના દર્દીઓ માટે વરદાન સમાન:

કાળી દ્રાક્ષ ખાવાથી ડાયાબિટિસ જેવી બિમારીઓમાંથી બચી શકાય છે. કાળી દ્રાક્ષમાં રેસવાર્ટલ નામનું પદાર્થ હોય છે જે લોહીમાં ઈન્સુલિનનું સ્તર વધારીને શરીરમાં સુગરની માત્રાને સંતુલન કરવામાં મદદ કરે છે.

### વાળ માટે ફાયદાકારક:

વાળ સાથે જોડાયેલી કોઈ પણ સમસ્યા તમને સતાવે છે તો તમે અવશ્ય કાળી દ્રાક્ષનું સેવન કરી શકો છો. કાળી દ્રાક્ષમાં વિટામિન E હોય છે જે વાળ માટે ખૂબ જ ફાયદાકારક છે. વિટામિન ઈ જે વાળ ખરવા, વાળ સફેદ થવા જેવી સમસ્યાને દૂર કરે છે.

### ઈન્ફેક્શનથી રાખે છે દૂર:

કાળી દ્રાક્ષમાં રહેલા રેસવેરૉટલ બેક્ટેરિયા અને ફૂગને મારવામાં મદદ કરે છે, જે શરીરમાં પહોંચીને કોઈપણ પ્રકારનું ઈન્ફેક્શન કરી શકે છે. આનાથી પોલિયો અને હર્પ્સ જેવી બિમારીઓ સામે લડવામાં પણ મદદ કરે છે. કાળી દ્રાક્ષમાં વાયરસ સામે લડવાની ક્ષમતા હોય છે. જે ફેફસામાંથી અસ્થમાને ઠીક કરી શકે છે.

# શું તમને પણ વારંવાર થાય છે છાતીમાં બળતરા? જાણો તેના કારણ અને તેનાથી મુક્તિ મેળવવાના ઉપાય

**છાતીમાં કે પેટના ઉપરના ભાગમાં બળતરા થાય તો તેને હાર્ટબર્ન કહેવાય છે. આ સમસ્યા ત્યારે થાય છે જ્યારે પેટમાંથી એસિડ પેટ અને મોઢાને જોડતી નળી સુધી પહોંચી જાય. એસિડના આ બેક ફ્લોને એસિડ રિફ્લૅક્સ પણ કહેવાય છે. જ્યારે છાતીમાં બળતરા થતી હોય તો રોજના કાર્ય કરવા પણ મુશ્કેલ થઈ જાય છે. આ સમસ્યાના કારણે ઘણીવાર, ઉલટી, માથામાં દુખાવો, ગળામાં બળતરા જેવી સમસ્યા પણ થાય છે. છાતીમાં થતી બળતરાના ઘણા બધા કારણ હોય છે. જેમકે રાતના સમયે તમે વધારે પડતું જમ્યું હોય કે ભારે ખોરાક લીધો હોય. તેના કારણે પાચન સ્લો થઈ શકે છે. એટલે કે પેટમાં ગયેલી સામગ્રીનું પાચન કરવામાં વધારે સમય લાગે છે જેના કારણે એસિડ વધી જાય છે.**




## હાર્ટબર્નને મટાડવાની રીત

- સ્વાસ્થ્ય નિષ્ણાંતો જણાવે છે કે જો વારંવાર આવી પરિસ્થિતિ સર્જાતી હોય તો કેટલાક પ્રકારના આહાર લેવાનો ટાળવું જોઈએ. જેમ કે મસાલેદાર ભોજન, ખાટા ફળ, ટમેટા, ચોકલેટ અને કેફીનયુક્ત પીણા લેવાનું ટાળવું ખાસ કરીને રાતના સમયે.
- દિવસમાં ભરપેટ જમવાને બદલે ઓછા પ્રમાણમાં થોડી થોડી કલાકે ભોજન કરો.
- પોતાના આહાર પર ધ્યાન આપીને એ વાત જાણો કે તમને કયા ખોરાકના કારણે છાતિમાં બળતરા થાય છે. આવા ખોરાક લેવાનું ટાળો. ખાસ કરીને રાત્રે લેવાતા ભોજન પર ખાસ ધ્યાન આપો.
- રાત્રે સૂવાના બે થી ત્રણ કલાક પહેલા જમી લેવાનો પ્રયત્ન કરો જેથી જ્યારે તમે સુવો ત્યારે પેટમાં ખોરાકનું પાચન સારી રીતે થયું હોય.
- જો વારંવાર આ તકલીફ થતી હોય તો આદુની ચા પીવાનું રાખો. તેનાથી છાતીમાં બળતરાની સમસ્યા મટે છે.



# કોરોના પહેલા અને પછી હાર્ટ એટેકની સંખ્યા પર નજર કરતા આશ્ચર્ય થશે

## કોરોના કાળ પહેલા હાર્ટ એટેક દસ માણસોએ એક કે બે ને આવતા હતા જ્યારે કોરોના બાદ મહિનાના નિયમિત 75 હજાર કેસ હાર્ટ પેશન્ટ આવે છે





**વધતા જતા હાર્ટ એટેકના કેસ**

**- રુપાલી દવે**

વર્તમાન સમયમાં નાની નાની ઉમર માં બી.પી ના કેસ માં વધારો થયો છે. અચાનક ખીલખીલાટ કરતું બાળક પારણાં માં સ્થિર થઈ જાય છે ત્યારે ડોક્ટર "હાર્ટ એટેક" નું નિદાન કરે છે. ચોવીસ પચીસ વર્ષનો યુવાન બસ માં ટ્રાવેલ કરતા કરતા બારી બહારના દ્રશ્યો માં એની આંખ સ્થિર થઈ જાય છે ને હાર્ટ એટેક થી મૃત્યુ પામે છે. કામ કરતા ચક્કર આવીને હાર્ટ એટેક આવતા મૃત્યુ થવાના અસંખ્ય કિસ્સાઓ છે.સવાલ એ થાય કે હાર્ટ એટેક આવવા પાછલ નું કારણ શું? ખરાબ લાઈફ સ્ટાઈલ, જંક ફૂડ,પ્રોસેસ ફૂડ, હાઈ કોલેસ્ટ્રોલ વગેરે જવાબદાર છે.માનસિક સ્ટ્રેસ પણ હાર્ટ એટેક માટે વિશેષ જવાબદાર છે.આ ઉપરાંત હાર્ટ એટેક આવવાના કારણો , વધારે પડતો ટ્રેસ લેવો, પૂરતી ઉંઘ ના લેવી,મનમાં અમુક કારણોસર તણાવ અથવા વધારે પડતી કસરત ના કારણે છાતી મા દર્દ ની સમસ્યા વગેરે વગેરે અનેક કારણો હાર્ટ એટેક માટે માની શકાય છે.

કોરોના કાળ પહેલા અને પછી હાર્ટ એટેક ની સંખ્યા પર નજર કરતા આશ્ચર્ય થશે. કોરોના કાળ પહેલા હાર્ટ એટેક એ દસ માણસો એ એક કે બે ને આવતા હતા જ્યારે કોરોના કાળ બાદ મહિનાના નિયમિત ૭૫૦૦૦ હજાર કેસ હાર્ટ પેશન્ટ ના નવા આવે છે. હાર્ટ એટેક ની સંખ્યા ની ગણતરી નો આંકડો ઘણો મોટો છે. કોરોના કાળ માં મોટાભાગ ના લોકોના શરીર ના અંગો અંદર થી નબળા બની ગયા છે. એવું નથી કે સ્થૂળતા કે બેઠાડુ જીવન છે એના લીધે હાર્ટ એટેક નું જોખમ વધે છે. આ જોખમ પ્રત્યેક ના માથે લટકી રહ્યું છે એટલું નક્કી. ડોકટરો નું માનવું છે કે હોસ્પિટલ ગયા કે પહેલા અકારણ મોતનું કારણ હાર્ટ એટેક છે.

હાલમાં થોડા દિવસ પહેલા ન્યુઝ આવ્યા કે વરરાજા લગ્ન કરવા જાન જોડીને જતા હતાં ને અધવચ્ચે કાર મા મૃત્યુ પામ્યા. નવરાત્રિ ના ગરબા કરતા કરતા માણસ પડી ગયો ને મૃત્યુ પામ્યો..ચાલુ સ્કૂલ એ વિદ્યાર્થી બેન્ચ પર ઢળી પડ્યો વગેરે વગેરે એનેક હાર્ટ એટેક ન્સ કેસ માં મુખ્ય શું નક્કી થઈ શક્ય નથી. જાણીતા હાર્ટ સર્જન એ કહ્યું હતું કે હાર્ટ એટેક આવવાના કારણ બેઠાડુ જીવન કસરત નો અભાવ..વર્તમાન યુવાઓની ખાનપાન ની આદતો બદલાઈ ગઈ છે. સામન્ય માણસ ને દરરોજ ખોરાક નો હિસ્સો સવારે ૪૦%, બપોરે ૪૦% અને રાત્રે ૨૦% પર્યાપ્ત છે.આયુર્વેદ અનુસાર રાત્રે પાચ વાગ્યા પછી કશુંય ખાવું જોઈએ નહિ. આજ ના યુવાનો ની ફૂડ બાબતે લાઈફ સ્ટાઈલ વિચિત્ર બની ગઈ છે. જે ફૂડ નો હિસ્સો સવારે અને બપોરે ખાવાના હોય છે એ ૫૦% વધારી ખાય છે.ને તે પણ બિરિયાની અને ફાસ્ટ ફૂડ જેવી આઈટમ..

પરંતુ આપણા ખોરાક માં ૫૦% કર્બોહૈડ્રેટ્સ નું પ્રમાણ વધારે છે.જેટલું કાર્બ શરીર માં જાય એટલું સ્વસ્થ્ય માટે હાનીકારક છે.૯૦% ભારતીય ના ખોરાકમાં starch નું પ્રમાણ વધારે છે.પૂરતું પ્રોટીન મળતું નથી એજ સ્થૂળતા નું કારણ બને છે. આ કારણોસર પેટ ની અંદર ચરબી ના સ્તર વધી જાય છે. આ કારણોસર બ્રેઈન સ્ટ્રોક અને હાર્ડ એટેક આવી શકે છે.૨૦૨૧ માં હાથ ધરવા માં આવેલ સર્વે અનુસાર હદય ને કમ સે કમ આઠ કલાક ઊંઘવું જરૂરી છે. આખું સપ્તાહ ઊંઘવું ને શની રવિ ઊંઘવું વચ્ચે ફરક છે. વિકેન્ડ માં મોડેથી જાગવું એ હદય માટે સારું નથી.

કોરોના કાળ અને હાર્ટ એટેક વચ્ચેનું કનેકશન સમજીએ તો ખબર પડશે કે અમુક લોકો તો કોરોના માં ટપટપ નજર સામે મારતા મોટા ભાગ ના લોકો રોગ નો ભય વધારે લીધો હતો .કોરોના ની વેક્સિન બાદ મોત નો અકડા ભય નસ લીધે વધ્યો છે.પુરુષો કરતાં મહિલાઓ માં હાર્ટ એટેક ની થવાની સંભાવના વધારે છે.ભારતીય ગૃહિણીઓ ની વિશેષ આદત પરિવાર નસ બધા ને જમાડી ને ખુદ જમવા બેસે છે. આ આદત ના લીધે મહિલાઓ શરીર ની આવશ્યકતા અનુસાર ભોજન કરતી નથી.અપૂરતી નિંદ્રા ની માફક જ અપૂરતું ભોજન પણ હાર્ટ એટેક નું કારણ બને છે.

ડાયાબિટીસ ના દર્દીઓ અને વૃધ્ધો ની નર્વઝ સરખી રીતે કામ નથી કરતી હોતી એટલે એને હાર્ટ એટેક નું જોખમ વધારે હોય છે.આ પ્રકાર ની સ્થિતિ માં હાર્ટ એટેક ના લક્ષણો અનુભવતા નથી.આ સાઈલન્ટ એટેક આવતા ખુદ દર્દી સમજી શકતો નથી કે એને શું થાય છે? આમ તો હદય રોગ ના લક્ષણો વ્યક્તિગત અને હદય ના પ્રકાર અનુસાર હોય છે છતાંય હાર્ટ એટેક આવતા પહેલા ના સામન્ય લક્ષણો છાતી મા દુખવું,શ્વાસ લેવામાં તકલીફ,ચક્કર આવવા,અચાનક વજન વધવું, ઉલ્ટી ઉબકા,પગમાં સોજા આવવા વગેરે વગેરે લક્ષણો છે.

તો સવાલ એ થાય કે હાર્ટ એટેક આવે છે ત્યારે શરીર ની અંદર એવું તે શું થાય છે? જેના લીધે હાર્ટ પંપીંગ કરતું બંધ થઈ જાય છે.કોરોનરી ધમની સંપૂર્ણ બ્લોક થઈ જાય ત્યારે હાર્ટ એટેક આવે છે જે હદય ના ખાસ ભાગ નો લોહી નો પુરવઠો બંધ કરી દે છે.મગજ માં લોહી નો પુરવઠો બંધ થતાં બ્રેન સ્ટ્રોક આવતા માણસ કોમા માં પણ જઈ શકે છે.આ હદય નું કામ નબળું પડતા આખા શરીર માં લોહી નો પુરવઠો પૂરો પાડી શકતું નથી. અનેક પ્રકાર ની સમસ્યા નો સામનો કરવો પડે છે..

તો નબળા હદય ને સશકત કરવા માટે શું કરવું જોઈએ? હાર્ટ એટેક થી બચવા માટે પોષ્ટીક લો કેલેરી વાળા ખોરાક ખાવા જોઈએ.બને તો તેલ, નમક, ખાંડ નો ઉપયોગ ફૂડ માં ઓછો કરવો જોઈએ.તણાવ માંથી મુક્ત થવા માટે યોગા, મેડીટેશન,હળવી કસરત,મ્યુઝિક નો સહારે ફ્રેશ ને પોઝિટિવ બનો.હાર્ટ એટેક થી બચવા માટે ખોરાક માં નિયમિત પાચ મસાલા નો ઉપયોગ કરો કાળી મરી,લસણ,તજ,હળદર અને ધાણા ના બીજ..શરીર પાચ ફૂટ નું હોય કે આઠ ફૂટ નું પણ ચલાવે છે તો નાનકડી મુઠ્ઠી જેવડું હદય..આ હદય ની સંભાળ લેશો તો દરેક મામલે અવ્વલ આવશો એટલું નક્કી..કોઈનું ના માનો તો ચાલશે પણ દિલ નું અચૂક માનજો..કેમ? એનું તો મગજ એ પણ માનવું પડે છે સમજો..શરીર ની ચુસ્તી સ્ફૂર્તિ કરતા હદય ની ચુસ્તી સ્ફૂર્તિ વધારે જરૂરી છે. સમજો ને ધ્યેય કરો કે હાર્ટ એટેક સામે લડવું નથી એને આવતા રોકવું છે તો નિયમિત તજ મોઢા માં મૂકીને વોક કરવા નીકલજો તજ શરીર માં લોહી ગંઠાવા દેશે નહિ ને મોં માંથી દુર્ગંધ દૂર કરશે..

# '12 કલાક ગંદા પાણીમાં...' મનીષા કોઈરાલાએ હીરામંડી માટે કરવું પડ્યું આ બધું કામ



મનીષા કોઈરાલાએ 'હીરામંડી'માં મલ્લિકાજાનની ભૂમિકા ભજવી છે. 53 વર્ષની મનીષાની એક્ટિંગ લોકોને ઘણી પસંદ આવી છે. મનીષાએ કેન્સર જેવી બીમારી સામે પણ લડત આપી છે. કેન્સર પછી તેના માટે ઘણી વસ્તુઓ બદલાઈ ગઈ છે. બધું ખૂબ સરળ ન હતું. તેણે ત્યાં સુધી કહ્યું કે તે કેન્સરને કારણે હતાશ હતી અને ડિપ્રેશનમાં જ કામ કરતી હતી. હાલમાં જ તેણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, તેણે સંજય લીલા ભણસાલીની વેબ સિરીઝ માટે 12-12 કલાક મહેનત કરી છે. મનીષા કોઈરાલાએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી છે અને જણાવ્યું છે કે, તેણે 'હીરામંડી'ના એક સીન માટે 12 કલાક મહેનત કરી હતી. તેણે આ સીનને સમગ્ર શોનો સૌથી પડકારજનક સીન ગણાવ્યો હતો. પોતાની તસવીરો શેર કરતી વખતે તેણે લખ્યું, "ફાઉન્ટેન સિક્વન્સ ફિઝિકલી ચેલેન્જ સાબિત થઈ છે. આ માટે મારે 12 કલાકથી વધુ સમય સુધી પાણીના ફુવારામાં ડૂબી રહેવું પડ્યું, જે મારી લવચીકતાની કસોટી કરી રહ્યું હતું. વધુમાં જણાવ્યું કે, જો કે સંજયે સમજી વિચારીને નક્કી કર્યું હતું કે પાણી ગરમ અને સ્વચ્છ હોવું જોઈએ. પરંતુ થોડી જ કલાકોમાં પાણી ગંદુ થઈ ગયું હતું. કારણ કે મારી ટીમના લોકો, સિનેમેટોગ્રાફર અને આર્ટ ડાયરેક્ટર સીન વર્ક કરવા માટે પાણીમાં પ્રવેશી રહ્યા હતા. મારું શરીર એ ગંદા પાણીમાં ભીંજાઈ ગયું હતું."

## હું શૂટિંગના અંત સુધીમાં થાકી ગઈ હતી

મનીષા આગળ લખે છે કે ફાઉન્ટેન સીન કરતી વખતે તે અંતે ખૂબ જ થાકી ગઈ હતી. તેણે લખ્યું, "ભલે હું શૂટિંગના અંત સુધીમાં થાકી ગઈ હતી, તેમ છતાં હું મારા હ્રદયથી ખુશ હતી. મારું શરીરે તણાવ સહન કર્યું અને લચીલું બન્યું. હું જાણતી હતી કે મેં ગંભીર શારીરિક કસોટી પાસ કરી છે. જેઓ તમારા માટે વિચારે છે કે તમારો સમય આવ્યો અને ગયો, પછી તે ઉંમર હોય, માંદગી હોય. બસ ક્યારેય હાર ન માનો. તમે ક્યારેય જાણતા નથી કે તમારી આસપાસ તમારી શું રાહ જોવાઈ રહી છે."

## મહેંદી માટે 7 કલાક બેઠા



ફાઉન્ટેન સીન માટે મનીષા કોઈરાલા 12 કલાક સુધી ગંદા પાણીમાં રહી હતી. મહેંદી સીન માટે તેણે 7 કલાક એક જગ્યાએ બેસી રહેવું પડ્યું હતું. તેણે 'હીરામંડી'ની મલ્લિકાજાનની ભૂમિકા સારી રીતે ભજવવા માટે ઘણી મહેનત કરી છે.

## હીરામંડી 2ની તૈયારી શરૂ

સંજય લીલા ભણસાલીએ 'હીરામંડી : ધ ડાયમન્ડ બાઝાર'ની બીજી સીઝન બનાવવાનું કામ શરૂ કરી દીધું છે. આ પહેલી સીઝનમાં મનીષા કોઈરાલા, રિચા ચઢ્ઢા, સોનાક્ષી સિંહા, અદિતિ રાવ હૈદરી, સંજીદા શેખ અને શર્મિન સેગલ, ફરદીન ખાન, શેખર સુમન અને અધ્યયન સુમન પણ જોવા મળ્યાં હતાં. આ સિરીઝની સફળતા માટે શનિવારે રાતે મુંબઈમાં પાર્ટી રાખવામાં આવી હતી. આ દરમ્યાન સંજય લીલા ભણસાલીએ બીજી સીઝન બનાવવાના સંકેત આપ્યા હતા. પહેલી સીઝનને પહેલા અઠવાડિયામાં ૪૫ લાખ વ્યુઝ અને બીજા અઠવાડિયામાં ૧.૨ કરોડ વ્યુઝ મળ્યા છે. આ શો ૪૩ દેશમાં ટૉપ ટેનમાં આવી ગયો હોવાથી એની બીજી સીઝન બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

# શું અભિનય બાદ 'પુષ્પા'ની રાજકારણમાં થશે એન્ટ્રી?





અર્જુન આ દિવસોમાં પોતાની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'પુષ્પા 2: ધ રૂલ' માટે ચર્ચામાં છે. તો બીજી તરફ તેમના રાજકારણમાં પ્રવેશની ચર્ચાઓ વધી રહી છે. અલ્લુ અર્જુને હાલમાં તેના મિત્ર અને YSRCP ધારાસભ્ય ઉમેદવાર રવિ ચંદ્ર કિશોર રેડ્ડી માટે પોતાનું સમર્થન વ્યક્ત કર્યું હતું. તેમણે નંદ્યાલાની મુલાકાત લીધી હતી. આજે તેમણે હૈદરાબાદના જ્યુબિલી હિલ્સમાં પોતાનો મત આપ્યો હતો. આ દરમિયાન તેણે પોતાની રાજકીય એન્ટ્રીને લઈને પણ વાત કરી હતી. હકીકતમાં અલ્લુ અર્જુનની નંદ્યાલાની મુલાકાત ધારાસભ્ય ઉમેદવાર રવિ ચંદ્ર કિશોર રેડ્ડી માટે ખૂબ જ રાજકીય મહત્વ ધરાવે છે. જો કે, આ પગલાથી પવન કલ્યાણના ફેન્સ તરફથી નકારાત્મક પ્રતિક્રિયાઓ આવી હતી. અભિનેતા પવન કલ્યાણ આંધ્ર પ્રદેશમાં ચૂંટણી લડી રહ્યા છે. જનસેના પાર્ટીના વડા એ જ મતવિસ્તારમાંથી ઉમેદવાર તરીકે ઉભા છે.

## શું અલ્લુ અર્જુનની રાજકારણમાં થશે અન્ટ્રી?

હૈદરાબાદના જ્યુબિલી હિલ્સમાં મીડિયાને સંબોધતા પહેલા અભિનેતાએ પોતાનો મત આપ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે નંદ્યાલાની તેમની મુલાકાત ફક્ત તેમના મિત્રને ચૂંટણીમાં સફળતાની શુભેચ્છા આપવા માટે હતી. સક્રિય રાજકારણમાં તેમના સંભવિત પ્રવેશ વિશે પૂછવામાં આવતા અભિનેતાએ હસીને કહ્યું હતું કે, 'ના.

## અલ્લુની 'પુષ્પા 2: ધ રૂલ'ને લઈ લોકોમાં ક્રેઝ

આનો સ્પષ્ટ અર્થ એ છે કે અલ્લુ અર્જુનનો હાલમાં રાજકારણમાં આવવાની કોઈ યોજના નથી. તે પોતાના ફિલ્મી કરિયર પર જ ધ્યાન આપવા માંગે છે. અભિનેતાની ફિલ્મની વાત કરીએ તો દર્શકો પણ 'પુષ્પા 2: ધ રૂલ'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હાલમાં જ ફિલ્મનું પહેલું ગીત રિલીઝ થયું હતું. તે જ સમયે, હવે ફિલ્મના નિર્માતા તેનું બીજું ગીત રિલીઝ કરવાની તૈયારી કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર એવી ચર્ચા છે કે ફિલ્મના મેકર્સ આવતા મહિને બીજો ટ્રેક રિલીઝ કરશે. આ અંગે વધુ માહિતી ઉત્પાદકો દ્વારા ટૂંક સમયમાં શેર કરવામાં આવે તેવી અપેક્ષા છે.

# 'મિસ્ટર એન્ડ મિસિસ માહી'નું ટ્રેલર રિલીઝ

## રાજકુમાર તેની ડોક્ટર પત્નીને ક્રિકેટર બનાવવા માટે સંઘર્ષ કરતા જોવા મળશે, જાહ્નવી સાથે શાનદાર લવ કેમિસ્ટ્રી જોવા મળી

ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસેઝ માહી'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ટ્રેલરમાં રાજકુમાર રાવ અને જાન્હવી કપૂર વચ્ચે જોરદાર લવ કેમિસ્ટ્રી જોવા મળે છે. આ બંનેની એકસાથે બીજી ફિલ્મ છે. આ પહેલા તે 2021માં આવેલી ફિલ્મ 'રૂહી'માં જોવા મળ્યો હતો. ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસેઝ માહી' 31 મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ટ્રેલરમાં બતાવ્યા પ્રમાણે, મહેન્દ્ર બનેલા રાજકુમાર અને મહિમા બનેલી જાહન્વીને લોકો પ્રેમથી 'માહી' કહીને બોલાવે છે. થોડા દિવસો સુધી મળ્યા પછી બંને પ્રેમમાં પડે છે અને લગ્ન કરી લે છે. લગ્ન પછી થોડા સારા દિવસો પસાર થાય છે, ત્યારે મહેન્દ્રને ખબર પડે છે કે મહિમાનું સપનું ક્રિકેટર બનવાનું હતું. પરંતુ તેના પરિવારના આગ્રહને કારણે તેણે પોતાના સપનાનું બલિદાન આપ્યું અને ડોક્ટર બની. આ વાત જાણીને મહેન્દ્ર તેને ફરી ક્રિકેટર બનવા પ્રેરે છે. વાસ્તવમાં, તે પોતે પણ એક સમયે




ક્રિકેટર બનવા માંગતો હતો પરંતુ પરિવારના દબાણને કારણે તેણે પણ પોતાનું સપનું ભૂલી જવું પડ્યું. આગળની વાર્તામાં બતાવવામાં આવ્યું છે કે કેવી રીતે મહેન્દ્ર તેની પત્નીને ક્રિકેટર બનાવવા માટે સંઘર્ષ કરે છે. આ સમય દરમિયાન, તેણે માત્ર તેના પરિવાર સાથે લડવું પડ્યું તેવું નથી, પરંતુ તેની અને મહિમા વચ્ચે કેટલોક સમય ગેરસમજ ઊભી થઈ જાય છે. ટ્રેલર પરથી લાગે છે કે આ એક સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ છે, જેમાં રોમાન્સ પણ જોવા મળશે. આ ફિલ્મનું નિર્દેશન શરણ શર્માએ કર્યું છે. જેમણે ફિલ્મ 'ગુંજન સક્સેનાઃ ધ કારગિલ ગર્લ'નું નિર્દેશન પણ કર્યું હતું. આ ફિલ્મમાં જાહન્વી કપૂર પણ લીડ રોલમાં હતી. ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ માહી'માં રાજકુમાર રાવ અને જાન્હવી ઉપરાંત રાજેશ શર્મા, કુમુદ મિશ્રા, અભિષેક બેનર્જી, ઝરીના વહાબ અને અરિજિત તનેજા પણ જોવા મળશે.




# કામ જીવનનો ભાગ છે, પરંતુ આખી જિંદગી નથી : આલિયા

આલિયા ભટ્ટ અને રણબીર કપૂર પેરન્ટ્સ બન્યા બાદ દીકરી રાહાને ખૂબ મહત્ત્વ આપે છે. તેઓ પોતાના શૂટિંગનું શેડ્યુલ પણ એવી રીતે ગોઠવે છે જેથી બેમાંથી એકાદ દીકરી સાથે આખો દિવસ રહી શકે. આલિયાએ ૨૦૨૨ની ૬ નવેમ્બરે દીકરીને જન્મ આપ્યો હતો. વર્ક અને ફૅમિલી લાઈફ વિશે આલિયા કહે છે, 'કામ લાઈફનો ખૂબ અગત્યનો ભાગ છે, પરંતુ આખી લાઈફ નથી. એથી અમે એ રીતે કામને ઍડ્જસ્ટ કરીએ છીએ. હવે મને એવો અહેસાસ થાય છે કે કામ થોડું ઓછું કરવું જોઈએ; કારણ કે મમ્મી બન્યા બાદ તમે પહેલાં તો ફિઝિકલી, ઈમોશનલી અને મેન્ટલી બાળકની મમ્મી છો.'

# ભારતી સિંહે સર્જરી બાદ બતાવી પથરી, અભિનેત્રીને હોસ્પિટલમાંથી મળી રજા

નાના પડદાની લોકપ્રિય કોમેડિયન ભારતી સિંહને હાલમાં સર્જરી માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તે તેના પિત્તાશયમાં પથરીથી પીડિત હતી જેના કારણે અભિનેત્રીને ઘણી પીડા અને અસ્વસ્થતાનો સામનો કરવો પડી રહ્યો હતો. હાલમાં અભિનેત્રીને હવે આ સમસ્યામાંથી મુક્તિ મળી છે. ભારતી સિંહે 'ડાન્સ દીવાને 4'નું શૂટિંગ વહેલું પૂરું કર્યું હતું અને પછી સર્જરી માટે ગઈ હતી. હાલમાં જ ભારતી સિંહે આનાથી સંબંધિત એક વ્લોગ પણ શેર કર્યો છે જેમાં તેણે તેની સર્જરી સાથે જોડાયેલી માહિતી શેર કરી છે. આ વ્લોગમાં તેણે તે પથરીની ઝલક પણ બતાવી જે તેના દર્દનું કારણ બની ગઈ હતી. તેના વીલોગમાં તે સર્જરી પહેલા ખૂબ જ આઘાત અને ચિંતિત દેખાતી હતી. તે પણ તેના પુત્ર ગોલાથી દૂર જવા માંગતી ન હતી. ભારતી સિંહે સર્જરી પહેલાના તમામ સ્ટેપ્સ બતાવ્યા હતા. ભાનમાં આવ્યા પછી પણ તેણે પોતાનો અનુભવ શેર કર્યો હતો. આ સિવાય ભારતી સિંહે કહ્યું હતું કે તે આ પથ્થરને કારણે ખૂબ જ પરેશાન છે. ઘરે પરત ફર્યા બાદ અભિનેત્રીએ પથરીની ઝલક બતાવી હતી. પથરીની એક ઝલક બતાવતા ભારતીએ કહ્યું હતું કે આ પથરી તેને ઘણી પરેશાની કરી હતી પરંતુ હવે તે ઠીક છે, તે ઘણું કામ કરશે અને ઘણી મુસાફરી પણ કરશે. તમને જણાવી દઈએ કે, ભારતી સિંહ માધુરી દીક્ષિત અને સુનીલ શેટ્ટીના ડાન્સ રિયાલિટી શો 'દાલ દીવાને'માં હોસ્ટ તરીકે જોવા મળે છે. તે શો દરમિયાન ચાહકોને હસાવવામાં કોઈ કસર છોડતી નથી. આ સિવાય ભારતી સિંહ તેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પણ ઘણી એક્ટિવ છે.

# સંજીદા શેખે પહેલીવાર પર્સનલ લાઈફની મુશ્કેલીઓ વિશે વાત કરી



સંજીદા શેખ આજકાલ હીરામંડીની સફળતાનો આનંદ માણી રહી છે. આ સીરીઝમાં સંજીદાના પરફોર્મન્સને પસંદ કરવામાં આવી રહ્યું છે. તેણે વહીદાનું પાત્ર ભજવ્યું છે, જેની ખૂબ પ્રશંસા થઇ રહી છે. સંજીદા પોતાના પર્સનલ જીવનને કારણે પણ ચર્ચામાં છે. સંજીદા અને આમિરના 2021માં છૂટાછેડા થયા હતા.. બંનેની એક પુત્રી પણ છે જે સરોગેસીની મદદથી થઇ હતી. જોકે, દીકરીના જન્મ બાદ બંનેના છુટાછેડા થઇ ગયા હતા. સંજીદાએ મીડિયા સાથે પોતાની પર્સનલ લાઈફમાં આવેલી મુશ્કેલીઓ વિશે વાત કરી હતી. તેણે કહ્યું હતું કે હું તે લોકો જેવી નથી જે દરેક બાબતને સોશિયલ મીડિયા પર નાખું અથવા મીડિયાને ઘરે બોલાવીને તેમની સાથે વાત કરું અને જણાવું કે મારા જીવનમાં શું થઇ રહ્યું છે. હું મારા લોકો સાથે વાત કરુ છું. મને કેમેરાની જરુર નથી. મારી પાસે મારો પરિવાર છે, મારા માતા, ભાઈ અને પુત્રી છે. મારી દીકરી ખૂબ નાની છે, પરંતુ તે બધું જ સમજે છે. મારી દીકરી મારા માટે આશીર્વાદ સમાન છે અને તેનાથી મને ખૂબ તાકત મળે છે. સંજીદાએ સાથે જ કહ્યું હતું કે મારી માતાએ તે વખતે મને ખુબ સપોર્ટ કર્યો હતો જ્યારે આમિર સાથે મારા તલાક થયા હતા. મારી માતા ખૂબ સ્ટ્રોંગ છે. તેણે મારી ખૂબ મદદ કરી છે. તેમને આ વાતની ચિંતા નથી હોતી કે દુનિયા શું કહેશે.

# કન્નડ ટીવી અભિનેત્રીનું માર્ગ અકસ્માતમાં નિધન:પવિત્રા જયરામની કાર બેકાબૂ થઈને ડિવાઈડર સાથે અથડાઈ

લોકપ્રિય કન્નડ અને તેલુગુ ટીવી અભિનેત્રી પવિત્રા જયરામનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું છે. પવિત્રા બેંગલુરુથી હૈદરાબાદ જઈ રહી હતી ત્યારે તેની કાર બેકાબૂ થઈ ગઈ અને પહેલા ડિવાઈડર સાથે અથડાઈ અને પછી એક બસે પણ તેની કારને ટક્કર મારી, જેના કારણે પવિત્રાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં તેમના પિતરાઈ ભાઈ અને ડ્રાઈવરને ગંભીર ઈજાઓ પહોંચી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટના મહબૂબનગર જિલ્લાની નજીક રવિવારે રાત્રે 1 વાગ્યે થઈ હતી. આ અકસ્માતના કારણે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રી આઘાતમાં છે. એક્ટર સમીપ આચાર્યએ પવિત્રાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પર પવિત્રાને શ્રદ્ધાંજલિ આપતા તેણે લખ્યું, 'આજે સવારે ઉઠતાંની સાથે જ આ દુઃખદ સમાચાર સાંભળ્યા. આ ખૂબ જ આઘાતજનક છે. ઓનસ્ક્રીન પર મારી પ્રથમ માતા. તમે હંમેશા મારા માટે ખાસ રહેશો. પવિત્રાએ પોતાના કરિયરની શરૂઆત કન્નડ ટીવી ઈન્ડસ્ટ્રીની સીરિયલ 'જોકાલી'થી કરી હતી. 2018 માં,તેણે તેલુગુ ટીવી ઉદ્યોગમાં ડેબ્યૂ કર્યું હતું, ટીવી સિરિયલ તિલોત્તમાથી તેને ઘરે-ઘરે ઓળખ મળી હતી.

# બેંગલુરુએ સતત પાંચમી મેચ જીતી:પ્લેઑફની આશા જીવંત



બેંગ્લોર તા 13

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે IPL 2024માં સતત પાંચમી જીત મેળવી છે. ટીમે વર્તમાન સિઝનની 62મી મેચમાં દિલ્હી કેપિટલ્સને 47 રનથી હરાવ્યું હતું. આ જીત સાથે RCBએ તેની પ્લેઑફની આશા જીવંત રાખી છે. ટીમ 12 પોઈન્ટ સાથે પાંચમાં નંબર પર આવી છે. આ સાથે જ દિલ્હી છઠ્ઠા સ્થાન પર આવી ગયું છે. એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં દિલ્હીએ ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. બેંગલુરુએ હોમ ગ્રાઉન્ડ પર 20 ઓવરમાં 9 વિકેટે 187 રન બનાવ્યા હતા. જવાબમાં દિલ્હીની ટીમ 19.1 ઓવરમાં 140 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. RCB માટે રજત પાટીદારે 32 બોલમાં 52 રનની ઈનિંગ રમી હતી જ્યારે વિલ જેક્સે 41 રન બનાવ્યા હતા. વિરાટ કોહલીએ 3 છગ્ગાની મદદથી 27 રન બનાવ્યા હતા. કેમરૂન ગ્રીને 32 રનની અણનમ ઈનિંગ રમી હતી. ખલીલ અહેમદ અને રસિક સલામને 2-2 વિકેટ મળી હતી. ઈશાંત શર્મા, મુકેશ કુમાર અને કુલદીપ યાદવને એક-એક વિકેટ મળી હતી. DCના કેપ્ટન અક્ષર પટેલે 57 રનની ઈનિંગ રમી હતી. શાઈ હોપ 29 રન બનાવીને આઉટ થયા હતા અને જેક ફ્રેઝર-મેગર્ક 21 રન બનાવીને આઉટ થયો હતો. યશ દયાલને 3 અને લોકી ફર્ગ્યુસનને 2-2 વિકેટ મળી હતી.

# વિરાટ અને ઈશાંત વચ્ચે તૂ તૂ મૈં મૈં: કોહલીએ હેરાન કરી ઈશાંતની મજા લીધી

ચેન્નાઈ/બેંગલુરુ તા 13

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2024)માં રવિવારે 2 મેચ રમાઈ હતી. પહેલી મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સે રાજસ્થાન રોયલ્સને 55 રને હરાવ્યું હતું. બીજી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ દિલ્હી કેપિટલ્સને 40 રનથી હરાવ્યું હતું. તુષાર દેશપાંડેએ પ્રથમ મેચમાં સ્લાઈડિંગ કેચ કરી લીધો હતો, જ્યારે CSKએ ચેપોકમાં તેની છેલ્લી લીગ મેચમાં દર્શકોનો આભાર માન્યો હતો. બીજી મેચમાં ઈશાંત શર્મા અને વિરાટ કોહલી વચ્ચે ફની ચર્ચા જોવા મળી હતી. જ્યારે દિલ્હીના ફિલ્ડરોએ મેચમાં 3 કેચ છોડ્યા હતા. 1. તુષાર દેશપાંડેએ સ્લાઈડિંગ કેચ કર્યો CSKના તુષાર દેશપાંડેએ જોસ બટલરનો સ્લાઈડિંગ કેચ કર્યો હતો. સિમરજીત સિંહે 9મી ઓવરનો પહેલો બોલ ફુલર લેન્થ ફેંક્યો હતો. બટલરે લોંગ ઓન તરફ શોટ રમ્યો, અહીં ઉભેલા દેશપાંડેએ જમણી તરફ ડાઈવ મારીને સ્લાઈડિંગ કેચ ઝડપ્યો હતો. તુષાર દેશપાંડેએ એક શાનદાર કેચ કર્યો હતો. 12મી ઓવરમાં મહિષ થિક્સાનાએ ફરીથી



રિયાન પરાગનો ઈઝી કેચ છોડ્યો હતો. રવીન્દ્ર જાડેજાએ ફુલર લેન્થ બોલ ઓફ સ્ટમ્પની બહાર ફેંક્યો હતો. પરાગે રિવર્સ સ્વીપ રમ્યો પરંતુ બોલ ડીપ કવર તરફ ગયો. અહીં ઉભેલા થિક્સાનાએ બોલને પકડવાનો પ્રયાસ કર્યો પરંતુ બોલ તેના હાથમાંથી છુટી ગયો. પરાગને 15 રનના સ્કોર પર જીવનદાન મળ્યું, તેણે 47 રન બનાવ્યા હતા. 3. CSK ચેપોકમાં ફેન્સનો આભાર માન્યો ચેન્નાઈ સુપર કિંગ્સે મેચના અંતે લેપ ઓફ હોનર કર્યું અને આખા મેદાનની ચક્કર લગાવ્યા. ટીમે મેચ જોવા આવેલા દર્શકોનો આભાર માન્યો હતો. લીગ તબક્કામાં CSKની આ છેલ્લી મેચ હતી, ટીમે આ સિઝનમાં ચેપોકમાં 5 મેચ જીતી હતી અને માત્ર 2માં હારનો સામનો કરવો પડ્યો હતો. એમએસ ધોનીએ ટીમના બાકીના ખેલાડીઓ સાથે ટેનિસ બોલ પ્રેક્ષકો તરફ ફેંક્યો હતો.11મી ઓવરમાં રસિક સલામ બોલિંગ કરી રહ્યો હતો, જ્યારે પાટીદાર 48 રનના સ્કોર પર હતો.

## ફ્રેઝર મેગર્ક રન આઉટ થયો

દિલ્હીનો ઓપનર જેક ફ્રેઝર-મેગર્ક નોન-સ્ટ્રાઈકર છેડે રનઆઉટ થયો હતો. યશ દયાલે ફુલર લેન્થ બોલ ફેંક્યો. શાઈ હોપ સ્ટ્રેટ ડ્રાઈવ રમ્યો હતો પરંતુ બોલ દયાલના હાથે અથડાઈને સ્ટમ્પ પર ટકરાયો હતો. આ સમય દરમિયાન ફ્રેઝર-મેગર્ક નોન-સ્ટ્રાઈકર છેડે ક્રિઝની બહાર ઊભો હતો. તે 8 બોલમાં 21 રન બનાવીને આઉટ થયો હતો. જેક ફ્રેઝર મેગર્ક આ સિઝનમાં નોન-સ્ટ્રાઈકરના અંતે રનઆઉટ થનાર બીજો ખેલાડી બન્યો. તેની પહેલા શાઈ હોપ પણ આ રીતે આઉટ થયો હતો.દિલ્હી કેપિટલ્સે RCB સામે 3 સરળ કેચ છોડ્યા, જેમાંથી સ્ટેન્ડ-ઈન કેપ્ટન અક્ષર પટેલે 2 તક ગુમાવી. કુલદીપ યાદવ 9મી ઓવર ફેંકી રહ્યો હતો, ત્રીજા બોલ પર અક્ષર પટેલ 20 રનના સ્કોર પર વિલ જેક્સનો કેચ છોડ્યો હતો. 5માં બોલ પર શાઈ હોપે 43 રનના સ્કોર પર રજત પાટીદારને જીવનદાન આપ્યું હતું.

# વિરાટ કોહલીએ બનાવ્યો ઐતિહાસિક રેકોર્ડ



નવી દિલ્હી તા 13

આ મેચમાં દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. આરસીબીએ દિલ્હીને જીતવા માટે 188 રનનો ટાર્ગેટ આપ્યો હતો જેના જવાબમાં દિલ્હીની ટીમ 140 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ મેચમાં વિરાટ કોહલીએ 13 બોલમાં 27 રન બનાવ્યા હતા. તેણે સારી શરૂઆત કરી હતી પરંતુ મોટી ઈનિંગ્સ રમી શક્યો નહોતો. તેમ છતાં તેણે એક ખાસ રેકોર્ડ બનાવ્યો છે. વિરાટ કોહલીએ આ રેકોર્ડ બનાવ્યો છે દિલ્હી કેપિટલ્સ સામેની મેચ વિરાટ કોહલીની IPLમાં 250મી મેચ છે. તેણે RCB ટીમ માટે આ 250 મેચ રમી છે. IPLના ઈતિહાસમાં કોહલી પ્રથમ એવો ખેલાડી બની ગયો છે જેણે એક જ ટીમ સાથે IPLમાં 250 મેચ રમી હોય. તેની પહેલાં કોઈ આ કરી શક્યું ન હતું. મહેન્દ્ર સિંહ ધોની બીજા નંબર પર છે. તેણે ચેન્નાઈ સુપર કિંગ્સ માટે 233 મેચ રમી છે. ત્રીજા નંબર પર રોહિત શર્મા છે. તેણે મુંબઈ ઈન્ડિયન્સ માટે 211 મેચ રમી છે. વિરાટ કોહલી IPLમાં 250 કે તેથી વધુ મેચ રમનાર ચોથો ખેલાડી બની ગયો છે. વિરાટ કોહલી 2008થી આઈપીએલમાં રમી રહ્યો છે. તે IPLમાં માત્ર RCB ટીમ તરફથી રમ્યો છે. અત્યાર સુધીમાં તેણે IPLની 250 મેચમાં 7924 રન બનાવ્યા છે, જેમાં તેના નામે 8 સદી છે.

# ચેન્નઈએ રાજસ્થાનને 5 વિકેટે હરાવ્યું:પોઇન્ટ્સ ટેબલમાં ત્રીજા સ્થાને પહોંચીને પ્લેઑફનું સ્થાન મજબૂત બનાવ્યું

ચેન્નાઈ તા 13

ચેન્નઈ સુપર કિંગ્સે IPL-2024ના પ્લેઑફની પોતાની આશા વધુ મજબૂત કરી છે. ટીમે વર્તમાન સિઝનની 61મી મેચમાં રાજસ્થાન રોયલ્સને 5 વિકેટથી હરાવ્યું હતું. આ જીત સાથે CSK પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને આવી ગઈ છે. ચેન્નઈના 13 મેચ બાદ 14 પોઈન્ટ છે. એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી દિવસની પ્રથમ મેચમાં રાજસ્થાને ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 141 રન બનાવ્યા હતા અને ચેન્નઈને 142 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં ચેન્નઈએ 18.2 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. ૉ





CSK તરફથી કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે 42 રનની અણનમ ઈનિંગ રમી હતી. જ્યારે સિમરજીત સિંહે 3 વિકેટ લીધી હતી. આ પ્રદર્શન માટે તેને પ્લેયર ઑફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો હતો. તુષાર દેશપાંડેએ રાજસ્થાનને સતત બે ઝટકા આપ્યા હતા. તેણે ધ્રુવ જુરેલને છેલ્લી ઓવરના પહેલા બોલ પર શાર્દૂલ ઠાકુરના હાથે કેચ કરાવીને પેવેલિયન મોકલ્યો હતો. ધ્રુવ જુરેલે 18 બોલનો સામનો કરીને 28 રન બનાવ્યા હતા. તેણે પોતાની ઈનિંગમાં એક ફોર અને 2 સિક્સર ફટકારી હતી. જ્યારે દેશપાંડેએ શુભમ દુબેને બીજા બોલ પર શિવમ દુબેના હાથે કેચ કરાવી પેવેલિયન મોકલી દીધો હતો. શુભમ દુબે ખાતું ખોલાવ્યા વિના પહેલા જ બોલ પર પેવેલિયન પરત ફર્યો હતો. સિમરજીત સિંહે પણ ચેન્નઈને ત્રીજી સફળતા અપાવી હતી. રાજસ્થાનની ઈનિંગ્સની 15મી ઓવરમાં તેણે સંજુ સેમસનને આઉટ કરીને RRને ત્રીજો ઝટકો આપ્યો હતો. તેણે સેમસનને ઋતુરાજ ગાયકવાડના હાથે કેચ કરાવ્યો. સેમસને 19 બોલમાં 15 રન બનાવ્યા હતા.

# શું ચેપોકમાં ધોનીએ છેલ્લી IPL રમી? રૈનાએ ખોલ્યું રહસ્ય

ચેન્નાઈ તા 13

IPL 2024ની 61મી મેચમાં રવિવારે ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) અને રાજસ્થાન રોયલ્સ (RR) વચ્ચે ટક્કર થઈ હતી. ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમ ખાતેની તેમની અંતિમ લીગ મેચમાં CSK એ RR ને 5 વિકેટે હરાવ્યું. CSKને 142 રનનો ટાર્ગેટ મળ્યો હતો. આરઆર સાથેની મેચ પહેલા અને પછી ચર્ચા ચાલુ છે કે શું ચેપોકમાં એમએસ ધોનીની આ છેલ્લી આઈપીએલ મેચ હતી? તમને જણાવી દઈએ કે આઈપીએલમાંથી અનુભવી ધોનીના સંન્યાસને લઈને ઘણા સમયથી અટકળો ચાલી રહી છે. તેણે વર્તમાન સિઝન પહેલા સીએસકેની કપ્તાની રુતુરાજ ગાયકવાડને સોંપી દીધી હતી, ત્યારબાદ અટકળોએ વધુ જોર પકડ્યું હતું. જોકે, ધોનીના બેસ્ટ ફ્રેન્ડ અને પૂર્વ CSK બેટ્સમેન સુરેશ રૈનાનું માનવું છે કે માહી હજુ નિવૃત્ત થવાનો નથી. માહી હજુ નિવૃત્ત થવાનો નથી CSK vs RR મેચમાં કોમેન્ટ્રી દરમિયાન રૈનાએ ધોનીના ફરીથી



ચેપોકમાં પરત ફરવાની શક્યતા વ્યક્ત કરી હતી. જ્યારે રૈનાને પૂછવામાં આવ્યું કે શું ચેપોકમાં ધોનીની આ છેલ્લી મેચ છે? આના પર રૈનાએ જવાબ આપ્યો, ચોક્કસપણે નહીં. આટલું કહીને રૈના હસ્યો. તમને જણાવી દઈએ કે IPL 2022માં CSKની છેલ્લી મેચ દરમિયાન જ્યારે ધોનીને ભવિષ્યમાં રમવા વિશે પૂછવામાં આવ્યું તો તેણે ચોક્કસ કહ્યું હતું. તે જ સમયે, IPL 2023 માં CSK ચેમ્પિયન બન્યા પછી ધોનીએ કહ્યું હતું કે તે ફેન્સ માટે વધુ એક સીઝન રમશે. કોહલી ચાલુ સિઝનમાં સંપૂર્ણ રીતે ફિટ નથી. તે ઘણી મેચોમાં લંગડાતો જોવા મળ્યો હતો. તે ગત સિઝનમાં ઘૂંટણની ઈજાથી પરેશાન હતો. ગયા વર્ષે તેણે ઘૂંટણની સર્જરી કરાવી હતી. મેચ બાદ માહીએ ફેન્સનો માન્યો આભાર આરઆર સામેની મેચ સમાપ્ત થયા બાદ 41 વર્ષીય ધોનીએ સ્ટેડિયમમાં હાજર પ્રશંસકોનો પોતાની શૈલીમાં આભાર માન્યો હતો. ધોની પણ રૈનાને મળ્યો અને બંનેને ગળે લગાવ્યા. IPL 2024માં ધોની સારો દેખાવ કરી રહ્યો છે. તે ક્રમમાં નીચલા બેટિંગ કરવા આવીને તેની વિસ્ફોટક બેટિંગથી ફેન્સનું મનોરંજન કરી રહ્યો છે.

# ઝિમ્બાબ્વેએ બાંગ્લાદેશને તેના ઘરઆંગણે હરાવ્યું

બાંગ્લાદેશ તા 13

બાંગ્લાદેશના પૂર્વ સુકાની અને સૌથી અનુભવી ખેલાડીઓ પૈકીના એક શાકિબ અલ હસને કહેલી વાત સાચી સાબિત થઈ છે. શાકિબે કહ્યું હતું કે તેમની ટીમ વર્લ્ડ કપ માટે હજુ તૈયાર નથી અને તે ટોચની ટીમ સામે લથડી શકે છે પરંતુ તે નિવેદનના અઠવાડિયાની અંદર જ ટોચની ટીમ તો નહીં પણ ક્રિકેટ જગતમાં નબળી મનાતી ઝિમ્બાબ્વેની ટીમે બાંગ્લાદેશને પરાજય આપ્યો છે. પાંચમી અને અંતિમ ટી-20 મેચમાં ઝિમ્બાબ્વેએ આઠ વિકેટે જીત મેળવીને બાંગ્લાદેશને પાંચ મેચની સિરીઝમાં ક્લીન સ્વીપ કરવા દીધું નહોતું. સુકાની સિકંદર રઝા અને બ્રાયન બેનેટની શાનદાર ઈનિંગની મદદથી ઝિમ્બાબ્વેએ રવિવારે બાંગ્લાદેશને પહેલા બેટિંગ માટે આમંત્રિત કર્યા બાદ તેમને છ વિકેટે 157 રન કરવા દીધા હતા તે બાદ રમવા ઊતરેલા ઝિમ્બાબ્વેએ સુકાની રઝાના શાનદાર પ્રદર્શનના જોરે 18.3 ઓવરમાં 2 વિકેટના ભોગે 158 રન બનાવીને જીત મેળવી હતી. બાંગ્લાદેશે આ હાર બાદ પણ સિરીઝમાં 4-1થી જીત મેળવી હતી. રઝા અને બેનેટે શાનદાર અર્ધસદી ફટકારી હતી. રઝાએ 46 બોલમાં અણનમ 72 રન કર્યા હતા જેમાં 6 બાઉન્ડ્રી અને ચાર સિક્સર સામેલ હતી જ્યારે બેનેટે 49 બોલમાં પાંચ બાઉન્ડ્રી અને પાંચ સિક્સરની મદદથી 70 રન કર્યા હતા. બંનેએ બીજી વિકેટ માટે 75 રનની ભાગીદારી કરી હતી.

# શું હોય છે ઓબ્સ્ટ્રક્ટીંગ ધ ફીલ્ડ નિયમ ?

ચેન્નાઈ તા 13

ચેન્નાઈ સુપર કિંગ્સે રાજસ્થાન રોયલ્સને 5 વિકેટે હરાવ્યું. આ જીત સાથે CSK ટીમે પ્લેઓફ માટે પોતાની આશા જીવંત રાખી છે. રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાને ઓબ્સ્ટ્રકટીંગ ધ ફીલ્ડના નિયમ હેઠળ આઉટ કરવામાં આવ્યો હતો. તે IPLમાં મેદાનમાં અવરોધ ઉભો કરનાર એકંદરે ત્રીજો ખેલાડી બન્યો છે. ચાલો જાણીએ કે ઓબ્સ્ટ્રકટીંગ ધ ફીલ્ડ નિયમ શું છે અને તેમાં ખેલાડીઓ કેવી રીતે આઉટ થાય છે. આ નિયમ હેઠળ થયા આઉટ MCC નિયમ 37.1.14 મુજબ, જો અમ્પાયરને લાગે કે બેટ્સમેને સંભવિત કારણ વગર પોતાની દિશા બદલી છે જ્યારે વિકેટ અને ફિલ્ડર મુશ્કેલીમાં છે, તો તે બેટ્સમેનને રન આઉટ કરી શકે છે. પછી અમ્પાયર, અપીલ પર, બેટ્સમેનને મેદાનમાં અવરોધ કરવા બદલ આઉટ આપી શકે છે. પછી બેટ્સમેન રન આઉટ થાય કે ન થાય તેનાથી કોઈ ફરક પડતો નથી. આ નિયમ હેઠળ અમ્પાયરે રવિન્દ્ર જાડેજાને આઉટ આપ્યો છે. ઓબ્સ્ટ્રકટીંગ ધ ફીલ્ડ રૂલ હેઠળ આઉટ થયા બાદ જાડેજા ખુશ નહોતો.ચેન્નાઈ સુપર કિંગ્સની ઈનિંગ્સની 16મી ઓવર અવેશ ખાને ફેંકી હતી. આ ઓવરના પાંચમા બોલ પર રવિન્દ્ર જાડેજાએ થર્ડ મેન તરફ સ્ટ્રોક રમ્યો હતો. આના પર જાડેજા અને ઋતુરાજ ગાયકવાડે સરળતાથી એક રન પૂરો કર્યો હતો. પરંતુ જાડેજા બીજો રન લેવા અડધી પીચ પર પહોંચી ગયો



હતો. ત્યારપછી જ્યારે થર્ડ મેન ફિલ્ડરે બોલ સંજુ સેમસન તરફ ફેંક્યો અને જાડેજાએ જોયું કે બોલ વિકેટકીપરના હાથમાં છે તો તેણે રન લેવાનો ઈરાદો છોડી દીધો અને પાછળ દોડવા લાગ્યો. આ પછી જ્યારે સંજુ સેમસને રન આઉટ થવા માટે બોલ ફેંક્યો તો તે જાડેજાને વાગ્યો. પરંતુ દોડતી વખતે તેણે તેની દિશા બદલી. જેના કારણે અમ્પાયરે તેને મેદાનમાં અવરોધ કરવા બદલ આઉટ આપ્યો હતો. રાજસ્થાન રોયલ્સ સામેની મેચ જીત્યા બાદ ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમને એક સ્થાનનો ફાયદો થયો છે. ટીમના 13 મેચમાં 7 જીત સાથે 14 પોઈન્ટ છે. CSKની ટીમ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. CSKનો નેટ રન રેટ 0.528 છે. CSKની વર્તમાન IPLમાં એક મેચ બાકી છે, જે તેણે RCB સામે રમવાની છે.

# દિનેશ કાર્તિકે બનાવ્યો શરમજનક રેકોર્ડ,રોહિત-મેક્સવેલને પાછળ છોડયો

ચેન્નાઈ તા 13

IPL 2024ની 62મી મેચમાં રવિવારે દિનેશ કાર્તિકે એક શરમજનક રેકોર્ડ પોતાના નામે કર્યો. એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે રમાઈ રહેલી મેચમાં કાર્તિક પોતાનું ખાતું પણ ખોલી શક્યો નહોતો. તેણે 2 બોલનો સામનો કર્યો. ખલીલ અહેમદના બોલ પર કુલદીપ યાદવે કેચ પકડયો હતો. દિનેશનો દબદબો દિનેશ કાર્તિક આઈપીએલમાં અત્યાર સુધી 18 વખત ડકનો શિકાર બની ચૂક્યો છે. આ મામલે તેણે ગ્લેન મેક્સવેલ અને રોહિત શર્માને પાછળ છોડી દીધા છે. બંને બેટસમેન IPLમાં અત્યાર સુધી 17-17 વખત ખાતું ખોલાવી શક્યા



નથી. આ યાદીમાં પીયૂષ નારાયણ (16) ત્રીજા સ્થાને છે. ચોથા નંબર પર રાશિદ ખાન (15) અને મનદીપ સિંહ (15) છે. IPL 2024માં દિનેશ કાર્તિકના પ્રદર્શનની વાત કરીએ તો તેણે અત્યાર સુધી રમાયેલી 13 મેચોની 11 ઈનિંગ્સમાં 301 રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન, તેની સરેરાશ 43.00 હતી અને અર્થતંત્ર 194.19 હતું. 17મી સિઝનમાં કાર્તિકે 2 અડધી સદી પણ ફટકારી છે. વર્તમાન સિઝનમાં ફટકારી છે. તે લીગમાં ત્રીજા વધુ મેચ રમનાર બેટ્સમેન છે. આ સિવાય તે IPLમાં સૌથી વધુ રન બનાવનાર 10મા ક્રમે છે.

# ઇજાના ભય વચ્ચે મેસ્સીએ પૂરી મેચ રમી, ઇન્ટર મિયામીને 3-2થી જીત



નવી દિલ્હી તા 13

મેજર લીગ સોકરમાં મોન્ટ્રીયલ સામેની મેચમાં ઈન્ટર મિયામીએ 3-2થી મેળવેલી જીતમાં સ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસ્સીએ ઈજાના ભય વચ્ચે પૂરી 90 મિનિટ સુધી મેચ રમી હતી અને ટીમને જીત અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. બેન્જામીન ક્રેમાશિએ મેચની 59મી મિનિટમાં નિર્ણાયક ગોલ ફટકાર્યો હતો અને તેની સાથે જ ઈન્ટર મિયામી મેજર લીગ સોકરમાં પોતાની સતત પાંચમી જીત મેળવી હતી. ઈન્ટર મિયામી વતી લુઈસ સુઆરેઝ અને મેટિયાસ રોજાસે પણ ગોલ કર્યા હતા. જુલ્સ એન્થની વિલસેઈન્ટ અને બ્રાયસ ડ્યૂકે મોન્ટ્રીયલ માટે ગોલ કર્યા હતા. જોકે, મેસ્સી આ મેચમાં ગોલ કરવામાં નિષ્ફળ રહ્યો હતો. ચાલુ વર્ષે મેજર લીગ સોકરમાં મેસ્સી નવ મેચમાં રમ્યો છે પરંતુ તે ગોલ કરવામાં કે ગોલમાં મદદ કરવામાં નિષ્ફળ રહ્યો છે. પ્રથમ હાફના અંતમાં મેસ્સી સામે ઈજાની ચિંતા પેદા થઈ હતી જ્યારે જ્યોર્જ કેમ્પબેલે તેને ફાઉલ કર્યો હતો. તેના કારણે મેસ્સી મેદાન પર જ પડી ગયો હતો અને તે પીડામાં દેખાતો હતો.

# અમને ભારતને પેરિસ ઓલિમ્પિકમાં ક્વોટા અપાવ્યો, દીપક પુનિયા બહાર

લંડન તા 13

પહેલવાન અમન સહેરાવતે અપક્ષાઓ પર ખરા સાબિત થતા મેન્સ ફ્રીસ્ટાઈલ 57 કિગ્રા વર્ગમાં પેરિસ ઓલિમ્પિકમાં ક્વોટા મેળવી લીધો છે જ્યારે દીપક પુનિયાએ વર્લ્ડ ક્વોલિફાયરમાં પહેલા રાઉન્ડમાં જ કારમી હાર મળ્યા બાદ ક્વોલિફિકેશન રાઉન્ડની બહાર ફેંકાઈ ગયો હતો. અંડર-23 વર્લ્ડ ચેમ્પિયન અને સિનિયર એશિયન ચેમ્પિયનશિપ વિજેતા અમન પાસે 57 કિગ્રા વર્ગમાં સારા પ્રદર્શનની આશા હતી અને આ 20 વર્ષના પહેલવાને કોઈને નિરાશ કર્યા નહોતા. તેણે ભારતને શરમજનક હારથી બચાવ્યું હતું, કારણ કે આ પહેલા કોઈપણ પુરુષ





પહેલવાને પેરિસ ઓલિમ્પિકમાં ક્વોટા મેળવ્યો નથી. અમને પોતાની ત્રણેય મેચમાં બેવડા આંકના સ્કોર સાથે જીત મેળવી હતી. જેમાં બે મેચમાં તેમે ટેક્નિકલ શ્રેષ્ઠતાના આધારે જીત મેળવી હતી. યૂક્રેનના એન્ડ્રી યાતસેન્કોને હરાવ્યા પહેલા તેણે જોજી વાલેનતિનોવને 10-4થી હાર આપી હતી. યાતસેંકોએ ભારતીય પહેલવાનને પડકાર આપ્યો હતો અને અમન તેની સામે ખૂબ મજબૂત સાબિત થયો હતો. અમને પોતાના હરીફને ટેક ડાઉન બાદ ટેક્નિકલ શ્રેષ્ઠતાના આધારે જીત મેળવી હતી. સેમિફાઈનલમાં ઉત્તર કોરિયાના ચોંગસોંગ હાનને 12-2ના અંતરથી હરાવ્યો હતો. ભારતના દીપક પુનિયાનો પહેલો મુકાબલો ચીનના જુશેન લિન સામે હતો. દીપકે લીડ મેળવવા છતાં પણ તે 4-6થી હાર્યો હતો. ભારતીય ટીમના સૌથી અનુભવી પહેલવાન પુનિયાએ પહેલા પિરિયડમાં 3-0ની લીડ મેળવી રાખી હતી.

# રૂતુરાજ ગાયકવાડની કક્ષાની ઈનિંગ

ચેન્નાઈ તા 13

ચેન્નાઈ સુપર કિંગ્સે રાજસ્થાન રોયલ્સને પાંચ વિકેટે હરાવ્યું હતું. રાજસ્થાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા રિયાન પરાગની 35 બોલમાં 47 રનની અણનમ ઈનિંગના આધારે 20 ઓવરમાં પાંચ વિકેટે 141 રન બનાવ્યા હતા. જવાબમાં ચેન્નાઈએ 18.2 ઓવરમાં પાંચ વિકેટે 145 રન બનાવીને જીત નોંધાવી હતી. ચેન્નાઈ માટે કેપ્ટન રૂતુરાજ ગાયકવાડે 41 બોલમાં 42 રનની અણનમ ઈનિંગ રમી અને ટીમને જીત અપાવવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. રાજસ્થાન તરફથી ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને બે વિકેટ ઝડપી હતી. આ જીત સાથે ચેન્નાઈએ પ્લેઓફની રેસમાં પોતાની જાતને જાળવી રાખી છે અને પોઈન્ટ ટેબલમાં ટોપ ચારમાં પોતાનું સ્થાન મજબૂત કરી લીધું છે, જ્યારે રાજસ્થાનની નોકઆઉટમાં પહોંચવાની રાહ વધી ગઈ છે. ચેન્નાઈની ટીમ 13 મેચમાં સાત જીત અને છ હાર સાથે 14 પોઈન્ટ સાથે ટેબલમાં ચોથા સ્થાને પહોંચી ગઈ છે જ્યારે રાજસ્થાનની ટીમ 12 મેચમાં 8 જીત અને 4 હાર સાથે 16 પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. જો રાજસ્થાનની ટીમ જીતવામાં સફળ રહી હોત તો આ સિઝનમાં પ્લેઓફમાં પહોંચનારી કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) પછી તે બીજી ટીમ બની ગઈ હોત.

## ન્યૂઝ ફ્લેશ

### પાકિસ્તાનમાં ટેક્સ ન ભરનાર 3500 લોકોના સિમકાર્ડ બંધ કરી દેવાયા

પાકિસ્તાન તા 13

પાડોશી દેશ પાકિસ્તાનમાં ત્યાંની સરકારે જે લોકો ટેક્સ સમયસર નથી ભરતા એની માટે એક જોરદાર પગલું ભર્યું છે. જે મુજબ ટેક્સ ન ભરનારનું સિમકાર્ડ ટેલિકોમ કંપની બ્લોક કરી દે. આ માટે પાકિસ્તાનના ઈનકમ ટેક્સ વિભાગે ગ્રાહકોને સંદેશા મોકલ્યા કે સમય પર ટેક્સ ચુકવી દો નહિતર ભવિષ્યમાં તમારા મોબાઈલમાં રહેલું સિમ સરકાર બંધ કરશે પરંતુ ત્યાં સુધી સરકારના આ સંદેશાને લોકોએ અવગણીને ટેક્સ ન ભર્યો આખરે સરકારના નિર્દેશ પ્રમાણે ત્યાંની ટેલિકોમ કંપનીઓએ પાંચ હજાર પૈકી 3,500 ગ્રાહકોના સિમકાર્ડ બ્લોક કરી દીધા છે. જેથી લોકો ફોન કરવા અને ફોન પર રિલ્સ જોવા આતૂર બન્યા છે. પરંતુ સરકારે ઘણા મેસેજ કર્યા છતાં કોઈએ સમયસર ટેક્સ ફાઈલ ન કર્યો આનાથી ટેલિકોમ કંપનીઓએ સરકારના આદેશ પ્રમાણે જ જરૂરી પગલાં લઈ લીધા. હવે સમગ્ર પાકિસ્તાનમાં સિમકાર્ડ બ્લોકને લઈ હાહાકાર મચી ગયો છે.

મળતી માહિતી અનુસાર, રિપોર્ટ અનુસાર, ટેલિકોમ ઓપરેટર્સે ફેડરલ બોર્ડ ઑફ રેવન્યૂથી વાયદો કર્યો હતો કે તેઓ આને ઈનકમ ટેક્સ જનરલ ઓર્ડરના હેઠળ હશે. આ એક્શન લેવાથી 506,671 લોકોને 2023 માટે પોતાનું રિટર્ન રેકોર્ડમાં રાખવા માટે મજબૂર કરી દીધા હતા.

FBR એ લગભગ 5,000 લોકોને સંદેશા પણ મોકલ્યા હતા, તેમને ચેતવણી આપી હતી કે જો તેઓ તેમના રિટર્ન ફાઈલ નહીં કરે તો તેમના મોબાઈલ ફોન સિમ બ્લોક કરી દેવામાં આવશે. તેણે ટેલિકોમ ઓપરેટરો પાસેથી બ્લોક કરેલા સિમની વિગતો પણ માંગી છે.

### રશિયાએ હુમલો કરી યુક્રેનનાં પાંચ ગામડાં કબ્જે કર્યાં

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા 26 મહિના કરતાં વધુ સમયથી યુદ્ધ યથાવત્ છે. હાલ આ યુદ્ધ હજી રોકાવાની કોઈ શક્યતા નથી. દરમિયાન રશિયાન સૈન્યએ યુક્રેનમાં જમીન પર હુમલા શરૂ કર્યા બાદ પાંચ ગામડાઓ પર કબ્જો કરી લીધો છે. જો કે યુક્રેની અધિકારીઓએ હાલ આ વાતને કોઈ સમર્થન નથી આપ્યું. આ ગામડાઓ પર કબ્જો કર્યાનો દાવો યુક્રેનના ખાર્કિવ અને રશિયાની સરહદ પર એક વિવાદિત ગ્રે ઝોન આવેલો છે. મળતી માહિતીમાં અનેક કેટલાક યુક્રેની પત્રકારોને ટાંકીને જણાવ્યું કે બોરિસિવકા, પિલના અને સ્ટ્રિલેચાના ગામડાને શુક્રવારે રશિયન સૈનિકોએ કબ્જો કરી લીધો હતો. રશિયાએ એવો પણ દાવો કર્યો કે તેને પ્લેટેનિવકા પર કબ્જો કર્યો છે.

આ સ્થળે લડાય ચાલુ છે યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સકીએ કહ્યું કે સ્ટ્રિલેચા અને પ્લેટેનિવકા તેમજ ક્રાસ્ત્રે, ઓલિનિકોવ, હૈતિશેમાં લડાય યથાવત્ છે. તેમને વધુમાં આગળ કહ્યું કે અમારા સૈનિક બીજા દિવસે વળતો હુમલો કરી રહ્યા છીએ અને યુક્રેની વિસ્તારની રક્ષા કરી રહ્યા છીએ. હજારો લોકો સ્થળાંતર કરવા મજબૂર

આની પહેલા શુક્રવારે એક સંસ્થાએ કહ્યું હતું કે ઓછામાં ઓછા એક ગામડાને જપ્ત કરી લેવાયું છે.યુક્રેન અધિકારીઓની અનુસાર એમના વિસ્તારમાં થયેલા હુમલામાં અહીંના દીધા છે. આ ગામડાઓ પર કબ્જો કર્યાનો દાવો યુક્રેનના ખાર્કિવ અને રશિયાની સરહદ પર એક વિવાદિત ગ્રે ઝોન આવેલો છે. મળતી માહિતીમાં અનેક કેટલાક યુક્રેની પત્રકારોને ટાંકીને જણાવ્યું કે બોરિસિવકા, પિલના અને સ્ટ્રિલેચાના ગામડાને શુક્રવારે રશિયન સૈનિકોએ કબ્જો કરી લીધો હતો.

# અફઘાનિસ્તાનમાં વરસાદ અને પૂરને કારણે 315નાં મોત:1600થી વધુ લોકો ઘાયલ

કાબુલ તા 13



અફઘાનિસ્તાનમાં બે અઠવાડિયાથી ભારે વરસાદને કારણે 315થી વધુ લોકોનાં મોત થયા છે. તાલિબાનના અધિકારીઓનું કહેવું છે કે મૃતકોની સંખ્યા હજુ વધી શકે છે. અમેરિકન મીડિયા CNN અનુસાર, વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP) એ 12 મેના રોજ અહેવાલ આપ્યો હતો કે બદખ્શાન, ઘોર, બગલાન અને હેરાતમાં સૌથી વધુ નુકસાન થયું છે. ભારે વરસાદને કારણે 1600 લોકો ઘાયલ થયા છે અને 2000થી વધુ ઘર ધરાશાયી થઈ ગયા છે. WFPએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે અચાનક પૂરે અફઘાનિસ્તાનમાં તબાહી મચાવી હતી. સૌથી વધુ મોત બગલાનમાં થયા છે. બગલાનમાં 100થી વધુ લોકો ઘાયલ થયા છે. અધિકારીઓનું કહેવું છે કે બગલાન તરફ જતો રસ્તો ધોવાઈ ગયો છે, જેના કારણે ત્યાં રાહત આપવામાં વિલંબ થઈ રહ્યો છે. લોકોને ત્યાંથી બહાર કાઢવા માટે સેના મોકલવામાં આવી છે. ત્તરી બાગલાન, અફઘાનિસ્તાનમાં પૂરથી ઘર નાશ પામ્યા. ઉત્તરી બાગલાન, અફઘાનિસ્તાનમાં પૂરથી ઘર નાશ પામ્યા.

એરફોર્સને મદદ માટે મોકલવામાં આવી હતી ।લિબાનના સંરક્ષણ મંત્રાલયે 11 મેના રોજ જણાવ્યું હતું કે બગલાનમાં લોકોને બહાર કાઢવા માટે એરફોર્સ તૈનાત કરવામાં આવી છે. આ દરમિયાન અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને વિલંબ કર્યા વિના મદદ કરવા કહ્યું છે. તાલિબાનના મતે જો સંગઠનો મદદ નહીં કરે તો હજારો લોકોનાં મોત થશે. ઈન્ટરનેશનલ રેસ્ક્યુ કમિટી (આઈઆરસી) અનુસાર અફઘાનિસ્તાનના મોટાભાગના રાજ્યોમાં ઈમરજન્સી જેવી સ્થિતિ છે. અલગ-અલગ ઈમરજન્સી ટીમો રાહત કાર્યમાં લાગેલી છે. આઈઆરસીના નિર્દેશક સલમા બેન ઈસાએ કહ્યું કે આ પૂરથી માનવીય સંકટ સર્જાયું છે. અફઘાનિસ્તાનના લોકો પહેલાથી જ આ વર્ષની શરૂઆતમાં આવેલા ભૂકંપનો સામનો કરી રહ્યા હતા.

પરંતુ હવે પૂરે તેમને વધુ ગરીબીમાં ધકેલી દીધા છે. અફઘાનિસ્તાનના ઘણા રાજ્યોમાં બે અઠવાડિયાથી વીજળી નથી.

લોકો પાસે એક સમયનું ભોજન ખરીદવા માટે સાધનો નથી. ગયા મહિને જ અફઘાનિસ્તાનના હેલમંડ અને કાજાકી જિલ્લામાં ભારે વરસાદ અને પૂરને કારણે મકાનો ધરાશાયી થતાં નવ લોકોનાં મોત થયાં હતાં.

### ટેક્નિકલ ટ્રેનિંગ સ્ટાફને ભારતમાંથી બોલાવવામાં આવ્યો

# ભારતીય સૈનિકોને બહાર કાઢ્યા બાદ માલદીવ્સ મુશ્કેલીમાં: ગિફ્ટમાં મળેલા અમારા એરક્રાફ્ટ ઓપરેટ કરવા સક્ષમ નથી

માલદીવ્સ તા 13

માલદીવ્સના સંરક્ષણ પ્રધાન ઈસાન મૌમુને સ્વીકાર્યું છે કે માલદીવ્સની સેના ભારત તરફથી મળેલા વિમાનને ચલાવવા માટે સક્ષમ નથી. રક્ષા મંત્રી મૌમુને રાષ્ટ્રપતિ કાર્યાલયમાં આયોજિત એક કાર્યક્રમમાં આ માહિતી આપી હતી. રક્ષા મંત્રી મૌમુને કહ્યું કે માલદીવ્સ નેશનલ ડિફેન્સ ફોર્સ (MNDF) પાસે ભારત તરફથી મળેલા 2 હેલિકોપ્ટર અને 1 ડોર્નિયર એરક્રાફ્ટને ઉડાવી શકે તેવું કોઈ નથી. આ દરમિયાન, ભારતે રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુ દ્વારા ભારતીય સૈનિકોને દેશમાંથી હાંકી કાઢવાની સમયમર્યાદા પહેલા જ તેના તમામ સૈનિકો પાછા બોલાવી લીધા છે. હવે વિમાનોનું સંચાલન કરતા સૈનિકોની જગ્યા નાગરિક ભારતીયોએ લીધી છે.

'માલદીવ્સ ના સૈનિકો તાલીમ પૂરી કરી શક્યા ન હતા' ભારતીય સૈનિકો માલદીવ્સ છોડવા અંગેના પ્રશ્નનો જવાબ આપતાં ઈસાન મૌમુને કહ્યું, 'માલદીવ્સની સેના પાસે ભારતીય વિમાનો ઉડાડવા માટે સક્ષમ પાઈલટ નથી. કેટલાક સૈનિકોએ અગાઉના કરારો હેઠળ તેમને ઉડાડવાની તાલીમ શરૂ કરી હતી, પરંતુ તેઓ વિવિધ તબક્કાઓમાંથી પસાર થઈ શક્યા ન હતા. તાલીમ આપી શકી નથી અને તેથી હાલમાં અમારી સેનામાં એવી કોઈ વ્યક્તિ નથી કે જેની પાસે બે હેલિકોપ્ટર અને ડોર્નિયર ઉડાડવાનું લાયસન્સ હોય અને તે તેમને સંપૂર્ણ રીતે ચલાવી શકે.



**ભારતીય સૈનિકો તાલીમ આપવા આવ્યા હતા** વાસ્તવમાં ભારતીય સૈનિકો પૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદ, અબ્દુલ્લા યામીન અને ઈબ્રાહિમ મોહમ્મદ સોલિહના કાર્યકાળ દરમિયાન માલદીવ્સ ગયા હતા. આ સૈનિકોનું કામ માલદીવ્સની સેનાને તાલીમ આપવાનું હતું. જોકે, માલદીવ્સના સૈનિકો તાલીમ પૂર્ણ કરી શક્યા ન હતા. આને કારણે, કરાર હેઠળ, ભારતીય નાગરિકો હવે માલદીવના પાઈલટ્સને તાલીમ પણ આપશે. ઘસાનના નિવેદનથી વિપરિત, જ્યારે મુઈઝ્ઝુ વિપક્ષમાં હતા, ત્યારે તેઓ ભારતીય સૈનિકોને લઈને અગાઉની સરકારની ટીકા કરતા હતા. મુઈઝ્ઝુ અને તેમની પાર્ટીએ દાવો કર્યો હતો કે માલદીવ્સની સેનાએ પાઈલટોને પ્રશિક્ષિત કર્યા છે, તેમ છતાં સરકાર ભારતીય સૈનિકોને માલદીવ્સ બોલાવી રહી છે. આ તસવીર માલદીવ્સમાં હાજર ભારતીય હેલિકોપ્ટરની છે. તેમને ઓપરેટ કરવા માટે 88 ભારતીય સૈનિકો માલદીવ્સમાં હાજર હતા.

### માલદીવ્સમાં ભારતીય સૈનિકો શું કરી રહ્યા હતા?

કેટલાક સૈનિકોએ અગાઉના કરારો હેઠળ તેમને ઉડાડવાની તાલીમ શરૂ કરી હતી, પરંતુ તેઓ વિવિધ તબક્કાઓમાંથી પસાર થઈ શક્યા ન હતા. તાલીમ આપી શકી નથી માલદીવ્સના સંરક્ષણ પ્રધાન ઈસાન મૌમુને સ્વીકાર્યું છે કે માલદીવ્સની સેના ભારત તરફથી મળેલા વિમાનને ચલાવવા માટે સક્ષમ નથી. રક્ષા મંત્રી મૌમુને રાષ્ટ્રપતિ કાર્યાલયમાં આયોજિત એક કાર્યક્રમમાં આ માહિતી આપી હતી. રક્ષા મંત્રી મૌમુને કહ્યું કે માલદીવ્સ નેશનલ ડિફેન્સ ફોર્સ (MNDF) પાસે ભારત તરફથી મળેલા 2 હેલિકોપ્ટર અને 1 ડોર્નિયર એરક્રાફ્ટને ઉડાવી શકે તેવું કોઈ નથી. આ દરમિયાન, ભારતે રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુ દ્વારા ભારતીય સૈનિકોને દેશમાંથી હાંકી કાઢવાની સમયમર્યાદા પહેલા જ તેના તમામ સૈનિકો પાછા બોલાવી લીધા છે. હવે વિમાનોનું સંચાલન કરતા સૈનિકોની જગ્યા નાગરિક ભારતીયોએ લીધી છે. 'માલદીવ્સ ના સૈનિકો તાલીમ પૂરી કરી શક્યા ન હતા' ભારતીય સૈનિકો માલદીવ્સ છોડવા અંગેના પ્રશ્નનો જવાબ આપતાં ઈસાન મૌમુને કહ્યું, 'માલદીવ્સની સેના પાસે ભારતીય વિમાનો ઉડાડવા માટે સક્ષમ પાઈલટ નથી. કેટલાક સૈનિકોએ અગાઉના કરારો હેઠળ તેમને ઉડાડવાની તાલીમ શરૂ કરી હતી, પરંતુ તેઓ વિવિધ તબક્કાઓમાંથી પસાર થઈ શક્યા ન હતા. તાલીમ આપી શકી નથી અને તેથી હાલમાં અમારી સેનામાં એવી કોઈ વ્યક્તિ નથી.

### મુઈઝ્ઝુનું ચૂંટણી અભિયાન ઈન્ડિયા આઉટ કેમ્પેઈન હતું

ગયા વર્ષે લદીવ્સના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુએ પોતાના ચૂંટણી પ્રચારમાં ભારતીય સૈનિકોને દેશમાંથી બહાર કાઢવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે તેને ઈન્ડિયા આઉટ કેમ્પેઈન નામ આપ્યું. ચૂંટણીમાં જીત બાદ માલદીવ્સે ભારતીય સૈનિકોને દેશ છોડવા માટે 10 મેની સમયમર્યાદા નક્કી કરી હતી. જો કે આ પહેલા ભારતીય સૈનિકો માલદીવ્સથી પરત ફર્યા હતા.. ઘસાનના નિવેદનથી વિપરિત, જ્યારે મુઈઝ્ઝુ વિપક્ષમાં હતા, ત્યારે તેઓ ભારતીય સૈનિકોને લઈને અગાઉની સરકારની ટીકા કરતા હતા. મુઈઝ્ઝુ અને તેમની પાર્ટીએ દાવો કર્યો હતો કે માલદીવ્સની સેનાએ પાઈલટોને પ્રશિક્ષિત કર્યા છે, તેમ છતાં સરકાર ભારતીય સૈનિકોને માલદીવ્સ બોલાવી રહી છે. આ તસવીર માલદીવ્સમાં હાજર ભારતીય હેલિકોપ્ટરની છે. તેમને ઓપરેટ કરવા માટે 88 ભારતીય સૈનિકો માલદીવ્સમાં હાજર હતા.

### દક્ષિણ આફ્રિકામાં ઈમારતમાં 116 કલાક દટાયા બાદ યુવક જીવતો નીકળ્યો

આફ્રિકા તા 13

સાઉથ આફ્રિકાના જહોનિસબર્ગમાં એક બહુમાળી ઈમારત ધરાશાયી થયાને 116 કલાક બાદ બચાવકર્મચારીઓએ એક યુવકને સુરક્ષિત રીતે કાટમાળમાંથી બહાર કાઢ્યો હતો. બચાવકર્મચારીઓની ટીમે આ યુવકને ઈમારતના કાટમાળમાંથી બહાર કાઢયો એ સમયે હાજર સૌ લોકોએ તાળીઓ વગાડીને ખુશી વ્યક્ત કરી હતી. બચાવ અભિયાનના વડાએ આ ઘટનાની જાણકારી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આપી હતી અને લખ્યું કે યુવકને કાટમાળમાંથી કાઢયાની ઘટના ચમત્કારથી ઓછી નહોતી.

દક્ષિણ આફ્રિકારની રાજધાની જ્હોનિસબર્ગ પાસે એક નિર્માણાધીન ઈમારત ધરાશાયી થઈ હતી. આ દરમિયાન ઈમારત અને તેની આસપાસ આશરે 81 લોકો કામ કરી રહ્યા હતા. બચાવ અભિયાનના પ્રમુખ કોલિન ડિલરે જણાવ્યું કે જ્યારે અમે એક સ્બેની નીચે ગયા તો જોયું કે અંદર કોઈ વ્યકિતનો અવાજ આવી રહ્યો હતો. ત્યારબાદ અમે બચાવ અભિયાન રોકી દીધું અને ધીમે ધીમે કાટમાળ હટાવવાનું શરૂ કર્યું. કલાકોની જહેમત બાદ અમે યુવકને સલામત રીતે હજારો ટન વજનના કાટમાળમાંથી બહાર કાઢી લીધો હતો. કોલિન ડિલરે જણાવ્યું કે બચાવી લેવાયેલા યુવકને સારવાર માટે તરત હોસ્પિટલ ખસેડાયો હતો. મળતી માહિતી અનુસા, બચાવ અભિયાન હજી યથાવત્ છે. કાટમાળ ધરાશાયી થતા અત્યાર સુધી 29 લોકોને જીવતા બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે 29 લોકો હજી ગુમ હોવાનું સામે આવ્યું છે.બચાવ અભિયાનના પ્રમુખ કોલિન ડિલરે જણાવ્યું કે જ્યારે અમે એક સ્બેની નીચે ગયા તો જોયું કે અંદર કોઈ વ્યકિતનો અવાજ આવી રહ્યો હતો. ત્યારબાદ અમે બચાવ અભિયાન રોકી દીધું અને ધીમે ધીમે કાટમાળ હટાવવાનું શરૂ કર્યું.

### ઈન્ડોનેશિયમાં પૂર અને જવાળામુખીના લાવાથી 28 લોકોનાં મોત

ઈન્ડોનેશિયા તા 13

પશ્ચિમ ઈન્ડોનેશિયમાં અચાનક આવેલા પૂર અને જવાળામુખીથી નીકળેલા ઠંડા લાવામાં 28 લોકોનાં મોત થયા હતા. ઈન્ડોશિયાની સરકારી સંસ્થાએ જણાવ્યું કે રવિવારે બપોર બાદ આ દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં પશ્ચિમ સુમાત્રા પ્રાંતના અગમ અને તનાહ દાતાર જિલ્લામાં ભારે વરસાદ ખાબક્યો હતો. જે બાદ અચાનક આગ લાગી હતી. માઉન્ટ મેરાપીમાં પૂર બાદ ઠંડો લાવા સમગ્ર વિસ્તારમાં પથરાઈ જતા લોકો આ લાવામાં ગરકાવ થતા મોતને ભેટયા હતા. જો કે ઘટનાની જાણ થતા સ્થાનિક અને સરકારી તંત્ર બચાવ કામગીરી આરંભી દીધી હતી. જવાળામુખીમાંથી નીકળેલા ઠંડા લાવારસને લહરના નામથી ઓળખવામાં આવે છે. આનામાં રાખ, રેત અને કાંકરા જોવા મળે છે. આ ભારે વરસાદ દ્વારા જવાળામુખીના ઢોળાવથી નીચે આવે છે. મળતી માહિતી અનુસાર એક સંસ્થાએ સોશિયલ મીડિયા પર આપેલી જાણકારી શેર કરી હતી. જેમાં પશ્ચિમ સુમાત્રાના માર્ગો પર મોટી શિલાઓ અને માટી ધસી આવેલે દેખાઈ રહી છે. આ હોનારત આ જ દ્વીપ પર એક ભયંકર પૂર આવ્યાના બે મહિના પછી આવી છે. કુદરતી હોનારત થતી રહે છે  પૂરને પગલે, સત્તાવાળાઓએ ગુમ થયેલા પીડિતોને શોધવા અને લોકોને આશ્રયસ્થાનોમાં ખસેડવા માટે સરકારે મદદ વિસ્તારવા માટે બંને જિલ્લાઓમાં અનેક સ્થળોએ સ્થળાંતર કેન્દ્રો અને ઈમરજન્સી ચેકપોઈન્ટ્સ સ્થાપ્યા. નોંધનીય છે.

## પીઓકેમાં કાશ્મીરીઓએ મોરચો ખોલી દેતા શાહબાઝ સરકારની ઊંઘ ઊડી ગઈ

પાકિસ્તાન તા 13

પાડોશી દેશ પાકિસ્તાને પચાવી પાડેલા પીઓકેમાં છેલ્લા બે દિવસથી બનેલી ઘટના ખૂબ ચર્ચામાં છે. પીઓકેમાં ઘઉંના લોટ અને વીજળીના ઊંચા ભાવ સામે આંદોલન ચરમસીમાએ પહોંચી ગયું છે. ત્યાંના લોકો પાકિસ્તાન સરકારનો વિરોધ કરી રહ્યા છે. દરમિયાન, પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચેની હિંસક અથડામણમાં એક પોલીસ અધિકારીનું મોત થયું હતું અને 100 થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઘાયલોમાં મોટાભાગના પોલીસકર્મીઓ છે. પીઓકેમાં બદલાયેલી સ્થિતિ જોઈને પાકિસ્તાનના પીએમ શાહેબાઝ શરીફ નર્વસ દેખાય છે. પાક પીએમએ પીઓકેની સ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે દુર્ભાગ્યવશ આ સ્થિતિનો રાજકીય ફાયદો ઉઠાવવામાં આવી રહ્યો છે.

શાહબાઝ શરીફની ઊંઘ ઊડી ગઈ પોતાના નિવેદનમાં શાહબાઝ શરીફે કહ્યું કે શાંતિપૂર્ણ વિરોધ એ લોકશાહીની સુંદરતા છે,

પરંતુ વિરોધના નામે કાયદો હાથમાં લેવાની અને સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડવાની મંજૂરી આપવામાં આવશે નહીં. મળતી માહિતી અનુસાર, શહેબાઝ શરીફે કહ્યું કે પીઓકેમાં શાંતિ અને વ્યવસ્થાની સ્થાપના માટે તમામ પક્ષોએ ભૂમિકા ભજવવી જોઈએ વહીવટીતંત્રે શાંતિ અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે વાતચીતના દરવાજા ખોલવા જોઈએ.

# પાકિસ્તાનની થઈ ફજેતી, સાઉદી અરબના પ્રિન્સે પાકિસ્તાન પ્રવાસ રદ કર્યો

પાકિસ્તાન તા 13

પાડોશી દેશ પાકિસ્તાન માટે એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. જેનાથી પાકિસ્તાનને આંચકો લાગ્યો છે. સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને આવકારવા માટે ભ્રમર ઉભી કરનાર પાકિસ્તાનને આંચકો લાગ્યો છે. પ્રિન્સ સલમાને અજ્ઞાત કારણોસર તેમની પાકિસ્તાનની મુલાકાત મુલતવી રાખી છે. આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાન માટે પ્રિન્સ સલમાનની મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી હતી. પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફને આશા હતી કે સાઉદી પ્રિન્સ તેમના દેશમાં આવશે અને મોટું રોકાણ કરશે, પરંતુ એવું થયું નથી. પ્રિન્સ સલમાને પાકિસ્તાનની મુલાકાત મુલતવી રાખી છે પરંતુ જાપાનની મુલાકાત ચોક્કસ લેશે. પ્રિન્સ સલમાને પાકિસ્તાનનો પ્રવાસ રદ કર્યો માર્ચમાં વડા પ્રધાન શેહબાઝ શરીફની સાઉદી અરેબિયાની મુલાકાત પછી પાકિસ્તાન અને સાઉદી અરેબિયા વચ્ચે તાજેતરની રાજદ્વારી અને વેપાર-સંબંધિત વાટાઘાટોને પગલે ઉચ્ચ સ્તરીય મુલાકાત થવાની સંભાવના છે. સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સની મુલાકાત હવે વિલંબિત થઈ છે. રોકડની તંગીથી પીડિત પાકિસ્તાન માટે તેમની આ મુલાકાત ખૂબ મહત્વ ધરાવે છે. પાકિસ્તાન સાઉદી વિવિધ વિસ્તારોમાં અબજો રૂપિયાનું જંગી રોકાણ આવશે તેવી અપેક્ષા છે પાંચ વર્ષમાં મોહમ્મદ બિન સલમાનની આ પહેલી પાકિસ્તાન મુલાકાત હશે. ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના શાસન દરમિયાન તેમણે છેલ્લે ફેબ્રુઆરી 2019માં પાકિસ્તાનની મુલાકાત લીધી હતી. આ પ્રદેશની તેમની મુલાકાતના ભાગરૂપે 2022માં તેઓ પાકિસ્તાનની મુલાકાત લેવાના હતા, પરંતુ છેલ્લી ઘડીએ આ સફર રદ કરવામાં આવી હતી.

# અમેરિકન ટ્રાન્સ વુમને એક વ્યક્તિને કારથી કચડ્યો

અમેરિકા તા 13

અમેરિકાના હ્યુસ્ટનમાં એક ટ્રાન્સ વુમને 64 વર્ષીય વ્યક્તિની હત્યા કરી હતી. આરોપીએ પહેલા તેની કાર વડે તે વ્યક્તિને કચડી નાખ્યો અને પછી તેના પર નવ વખત ચાકુ વડે હુમલો પણ કર્યો. આટલું જ નહીં ટ્રાન્સ વુમને પુરૂષના શરીરને ઘણી વખત કિસ કરી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. અમેરિકન મીડિયા ન્યૂયોર્ક પોસ્ટ અનુસાર, આ ઘટના 3 મેના રોજ બની હતી. આ વીડિયો હવે સામે આવ્યો છે. તે જ સમયે આરોપી ટ્રાન્સ મહિલાનું નામ કેરેન ફિશર (20 વર્ષ) હોવાનું કહેવાય છે. કોર્ટના રેકોર્ડમાં આરોપીને એક પુરુષ તરીકે દર્શાવવામાં આવ્યો હતો, પરંતુ પોલીસે તેની ઓળખ એક મહિલા તરીકે કરી હતી. સ્ટીવન લેટર બોક્સમાંથી પત્ર લેવા જતો હતો. ત્યારે સફેદ કારે તેમને ટક્કર મારી હતી.આરોપી ટ્રાન્સ વુમને પુરૂષને બે વાર માર્યો ોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા CCTV ફૂટેજમાં જોઈ શકાય છે કે 64 વર્ષીય સ્ટીવન



એન્ડરસન રોડ કિનારે જઈ રહ્યો હતો. ત્યારે એક સફેદ કારે તેને ટક્કર મારી હતી. કાર ચલાવતી ટ્રાન્સ વુમને કાર રિવર્સ કરતી વખતે સ્ટીવનને બીજી વાર ટક્કર મારતાં તેનું મૃત્યુ થયું હતું. આ પછી ટ્રાન્સ વુમન ત્યાંથી ભાગી ગઈ હતી. તે થોડા સમય પછી ઘટનાસ્થળે પાછી આવી અને સ્ટીવનના શરીર પર સૂઈ ગઈ. તેણે મૃત શરીરને ઘણી વખત કિસ કરી. આ પછી તેણે સ્ટીવનના શરીર પર છરી વડે 9 વાર હુમલો કર્યો. પોલીસે આરોપી મહિલાની ધરપકડ કરી છે. આરોપી ટ્રાન્સ વુમને ભાગવાનો પ્રયાસ કર્યો હતો ન્યૂયોર્ક પોસ્ટ અનુસાર, ઘટનાસ્થળે હાજર લોકોએ પોલીસને ઘટનાની જાણકારી આપી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી કે તરત જ આરોપી ટ્રાન્સ મહિલા ભાગવા માટે કાર તરફ ભાગી. કારનો દરવાજો ન ખુલતાં તે પોલીસથી ભાગવા લાગી, પરંતુ પોલીસે તેને પકડી લીધી. પોલીસના જણાવ્યા અનુસાર કેરન ફિશરે સ્ટીવનના શરીરને પગથી પણ કચડી નાખ્યું હતું. એક અધિકારીએ જણાવ્યું કે આરોપી ટ્રાન્સ મહિલા ભાગતી વખતે સ્ટીવનના મૃતદેહ પરથી પસાર થઈ ગઈ હતી. હત્યાના આરોપમાં તેની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ રેકોર્ડ મુજબ 2023માં પણ કેરન ફિશરની ધરપકડ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પણ તે ફરાર થઈ ગયો હતો. આ સિવાય 2021માં તેના પર વેશ્યાવૃત્તિનો આરોપ લાગ્યો હતો. જો કે, બાદમાં આ આરોપો રદ કરવામાં આવ્યા હતા. દરમિયાન સ્ટીવન મર્ડર કેસમાં કેરેનને 24 મેના રોજ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. આ વીડિયો હવે સામે આવ્યો છે. તે જ સમયે આરોપી ટ્રાન્સ મહિલાનું નામ કેરેન ફિશર (20 વર્ષ) હોવાનું કહેવાય છે. કોર્ટના રેકોર્ડમાં આરોપીને એક પુરુષ તરીકે દર્શાવવામાં આવ્યો હતો, પરંતુ પોલીસે તેની ઓળખ એક મહિલા તરીકે કરી હતી. સ્ટીવન લેટર બોક્સમાંથી પત્ર લેવા જતો હતો. ત્યારે સફેદ કારે તેમને ટક્કર મારી હતી.આરોપી ટ્રાન્સ વુમને પુરુષને બે વાર માર્યો ોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા CCTV ફૂટેજમાં જોઈ શકાય છે કે 64 વર્ષીય સ્ટીવન એન્ડરસન રોડ કિનારે જઈ રહ્યો હતો. ત્યારે એક સફેદ કારે તેને ટક્કર મારી હતી. કાર ચલાવતી ટ્રાન્સ વુમને કાર રિવર્સ કરતી વખતે સ્ટીવનને બીજી વાર ટક્કર મારતાં તેનું મૃત્યુ થયું હતું. કોર્ટના રેકોર્ડમાં આરોપીને એક પુરુષ તરીકે દર્શાવવામાં આવ્યો હતો, પરંતુ પોલીસે તેની ઓળખ એક મહિલા તરીકે કરી હતી. સ્ટીવન લેટર બોક્સમાંથી પત્ર લેવા જતો હતો.


### મેક્સિકો-ગ્વાટેમાલા સરહદ પર 6.4 તીવ્રતાનો ભૂકંપ, લોકોમાં ડરનો માહોલ

મેક્સિકો અને ગ્વાટેમાલાની સરહદ વિસ્તારમાં સવારે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. આ ધરતીકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર 6.4 નોંધવામાં આવી હતી. ભૂકંપ આવતાની સાથે લોકો બીકના માર્યા ઘરબહાર ખુલ્લામાં દોડી ગયા હતા. તેમજ સલામત સ્થળની શોધ કરવા લાગ્યાં હતા. અમેરિકાની જિયોલૉજિકલ સર્વેએ એક રિપોર્ટમાં જણાવ્યું કે મેક્સિકોમાં આવેલો ભૂકંપ પ્રચંડ હતો.

તેમજ ધરતીકંપની જમીનની 47 માઈલ ઊંડાઈમાં તેનું કેન્દ્રબિંદુ હતું. જો કે સારી વાત એ રહી કે આ આંચકાથી કોઈ જાનહાનિના અહેવાલ સામે નથી આવ્યા. મેક્સિકોની નેશનલ સિવિલ પ્રોટેક્શન એજન્સીએ સોશિયલ મીડિયા પર આપેલી જાણકારી અનુસાર, ભૂકંપના ઝટકા અને ત્યારબાદની સ્થિતિ પર વહીવટી તંત્ર નજર રાખી રહ્યું છે. જો કે શરૂઆતના ગાળામાં કોઈપણ પ્રકારના નુકસાનની જાણકારી નથી મળી.

ધરતીકંપના આંચકા બાદ ગ્વાટેમાલા મેનેજમેન્ટ વિભાગે એવા રિપોર્ટને ફગાવી દીધા હતા, જેમાં એવું કહેવાયું કે મેક્સિકોની સાથે બોર્ડર ધરાવતા સ્થાનોમાં કેટલીક ઈમારતોને નુકસાન થયું હતું. આ ઉપરાંત ભૂસ્ખલન થવાથી માર્ગોને વધુ નુકસાન થયું હોવાના રિપોર્ટ પણ ફગાવ્યા હતા.

# વડાપ્રધાન મોદીએ પટણા સાહિબ ગુરુદ્વારાની લીધી મુલાકાત, જાતે બનાવી રોટલી, લંગરમાં ભોજન પીરસ્યું


(એજન્સી) પટણા । તા. 13

પીએમ મોદીના બે દિવસીય બિહાર પ્રવાસના આજે બીજા દિવસે તેઓ પટના પહોંચ્યા હતા. જ્યાં તેઓ પટના સાહિબ ગુરુદ્વારામાં શીખ પાઘડી પહેરેલા જોવા મળ્યા હતા. પટના શહેરના તખ્ત શ્રી હરમંદિર સાહિબ ગુરુદ્વારા પહોંચ્યા બાદ પીએમ મોદીએ દરબાર સાહિબમાં દર્શન કરીને જાતે રોટલી બનાવી, લંગરમાં ભોજન પીરસીને પટના સાહિબ ગુરુદ્વારામાં સેવા કરી હતી. ગુરુદ્વારામાં પીએમ મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએમ મોદીએ શીખોના બીજા સૌથી મોટા તખ્ત અને શ્રી ગુરુ ગોવિંદ સિંહજી મહારાજના જન્મસ્થળ તખ્ત શ્રી હરમંદિરજી પટના સાહિબમાં હાજરી આપી હતી. પ્રસાદ લીધા બાદ વડાપ્રધાનની એક અલગ જ અંદાજ જોવા મળ્યો હતો. જ્યાં તેમણે જાતે રોટલી બનાવી હતી. આ ઉપરાંત તેમણે લંગરમાં બેઠેલા લોકોને ભોજન પણ પીરસ્યું હતું. તખ્ત શ્રી પટના સાહિબને તખ્ત શ્રી હરમંદિરજીને પટના સાહિબ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે બિહારની રાજધાની પટનામાં સ્થિત શીખોના પાંચ તખ્તોમાંથી એક છે. તખ્તનું નિર્માણ 18મી સદીમાં મહારાજા રણજીત સિંહ દ્વારા ગુરુ ગોવિંદ સિંહના જન્મસ્થળને ચિહ્નિત કરવા માટે કરવામાં આવ્યું હતું. શીખોના દસમા ગુરુ, ગુરુ ગોવિંદ સિંહનો જન્મ 1666માં પટનામાં થયો હતો. તેમણે આનંદપુર સાહિબ જતા પહેલા તેમના શરૂઆતના વર્ષો અહીં વિતાવ્યા હતા. આજે પીએમ મોદી હાજીપુર, મુઝફ્ફરપુર અને સારણમાં NDA ઉમેદવારોની તરફેણમાં ચૂંટણી રેલી કરશે.

## સોકોમેક ઇન્ડિયાએ ગુજરાતના બજારમાં સેવાઓ પૂરી આપવા માટે પીમા કંટ્રોલ્સ સાથે વ્યૂહાત્મક વેપાર જોડાણની જાહેરાત કરી

(એજન્સી) અમદાવાદ । તા. 13



લો વોલ્ટેજ (LV) પાવર મેનેજમેન્ટમાં અગ્રણી વૈશ્વિક સ્પેશિયાલિસ્ટ સોકોમેક દ્વારા વાઈબ્રન્ટ ગુજરાતના બજારમાં તેની હાજરીને વધુ મજબૂત કરવા માટે ઔદ્યોગિક ઓટોમેશનના ક્ષેત્રમાં અગ્રણી ખેલાડી પીમા કંટ્રોલ્સ પ્રા. લિ. સાથે જોડાણ કરવામાં આવ્યું છે. આ જોડાણ સોકોમેક માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે કારણ કે તેમના આ પગલાંથી સમગ્ર ભારતમાં તેમની ઉપસ્થિતિનું વિસ્તરણ કરવાની કામગીરીને તેઓ આગળ ધપાવે છે. સોકોમેકનો ઉદ્દેશ્ય પીમા કંટ્રોલ્સની તજજ્ઞતા અને સ્થાનિક બજારના જ્ઞાનનો ઉપયોગ કરીને, અત્યાધુનિક ટેકનોલોજી અને કાર્યક્ષમ તેમજ ભરોસાપાત્ર પાવર સોલ્યૂશનોમાં નિપુણતા પહોંચાડવાની ક્ષમતા વધારવાનો છે, જે ગુજરાતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ તરફ દોરી જશે. આ ભાગીદારીથી પીમા કંટ્રોલ્સ સમગ્ર ગુજરાતમાં સોકોમેકના પાવર કન્વર્ઝન, પાવર સ્વિચિંગ અને મોનિટરિંગ ઉત્પાદનો પૂરા પાડી શકશે. આ ભાગીદારી અંગે બોલતા, સોકોમેક ગ્રેટર ઈન્ડિયાના રિજનલ મેનેજિંગ ડિરેક્ટર મીનુ સિંઘલે જણાવ્યું હતું કે, "ગુજરાતના બજારને વધુ સારી રીતે સેવા પૂરા પાડવા માટે અમે પીમા કંટ્રોલ્સ સાથે જોડાણ કર્યું તેનાથી અમે ઉત્સાહિત છીએ. આ વ્યૂહાત્મક જોડાણ અમારા ગ્રાહકોને અજોડ મૂલ્ય અને શ્રેષ્ઠ સેવા પૂરી પાડવાની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. પીમા કંટ્રોલ્સ સાથે મળીને, અમે વ્યવસાયોને આજના વિકસતા પરિદ્રશ્યમાં ખીલી ઉઠવા માટે સક્ષમ બનાવે તેવા વ્યાપક પાવર સોલ્યૂશનો પૂરા પાડવા માટે તત્પર છીએ." આમાં ઉમેરો કરતા, પીમા કંટ્રોલ્સ પ્રા લિ.ના CEO જય દેસાઈએ જણાવ્યું હતું કે, "અમે, પીમા ખાતે હંમેશા એવું માનીએ છીએ કે ભાગીદારી એ અમારા ગ્રાહકોને તેમની ઓન-ગ્રાઉન્ડ (પાયાની) સેવા અને સુલભતામાં સુધારો કરીને તેમને વધુ મૂલ્ય પહોંચાડવાનો એક રીત છે. ઔદ્યોગિક ઓટોમેશનમાં અમારા કૌશલ્ય સાથે સોકોમેકના અદ્યતન પાવર સોલ્યૂશનોનું સંયોજન થવાથી, અમે ગ્રાહકોને કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા સાથે તેમના ઓપરેશનલ લક્ષ્યો હાંસલ કરવામાં મદદ કરવા માટે અજોડ મૂલ્ય પહોંચાડવા માટે તૈયાર છીએ".

## કલ્યાણ જ્વેલર્સે FY24માં રૂ. 18548 કરોડની રેકોર્ડ આવક નોંધાવી

શ્રીસુર : કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા લિમિટેડે નાણાકીય વર્ષ 2023-24માં રૂ. 18548 કરોડની રેકોર્ડ કોન્સોલિડેટેડ આવક નોંધાવી છે. જે નાણાકીય વર્ષ 2022-23માં રૂ. 14071 કરોડ સામે 32 ટકા વધી છે. FY24માં કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો 38 ટકા વધી રૂ. 596 કરોડ નોંધાયો છે. કંપનીની સ્ટેન્ડઅલોન આવક FY24માં રૂ. 15783 કરોડ થઈ છે. જે FY23માં રૂ. 11584 કરોડની સરખામણીએ 36 ટકા ગ્રોથ દર્શાવે છે. FY24માં ચોખ્ખો નફો (ભારત) 42 ટકા વધી રૂ. 554 કરોડ નોંધાયો છે. જે ગતવર્ષે રૂ. 390 કરોડ હતો. Q4 FY24 માટે કોન્સોલિડેટેડ આવક Q4 FY23માં રૂ. 3382 કરોડ સામે 34 ટકા વધી રૂ. 4535 કરોડ થઈ છે.

### અંબુજા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર દ્વારા

## અંબુજા સિમેન્ટના ભાટાપારા પ્લાન્ટ નજીક સ્થિત અંતરિયાળ ગામડાઓમાં સામુદાયિક હેલ્થકેરની પહેલ

(એજન્સી) રાયપુર । તા. 13

વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોની સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ કંપની અંબુજા સિમેન્ટ્સ તેની કામગીરી હેઠળના વિસ્તારોમાં સમુદાયો માટે હેલ્થકેર સુવિધા વધારવા કટીબદ્ધ છે, ભલે તે સ્થાન ખૂબજ અંતરિયાળ હોય. અંબુજા સિમેન્ટ્સની સીએસઆર પાંખ હેઠળ અંબુજા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ બેનર હેઠળ બે કમ્યુનિટી ક્લિનિક્સ છત્તિસગઢમાં અંબુજા સિમેન્ટ્સના ભાટાપારા પ્લાન્ટ માટે બે પ્રમુખ ગામડા દેવરાની અને કરમન્ડીહમાં સફળતાપૂર્વક સ્થાપિત અને કાર્યરત કરાયા છે. આ કેન્દ્રોએ સમુદાયોને તમામ જરૂરી દવાઓ સાથે તેમના ઘર આંગણે પ્રોફેશ્નલ, સાતત્યપૂર્ણ અને વ્યાપક હેલ્થકેર એક્સેસ ઓફર કરીને વિવિધ પડકારો દૂર કરવામાં મદદ કરી છે. અંબુજાની સીએસઆર ટીમે દેવરાની, માલડી, મોપાર અને કરમન્ડીહ ગામડાઓના રહેવાસીઓને તબીબી પરામર્શ, નિદાન અને સારવારની એક્સેસ માટે થતી વિવિધ સમસ્યાઓની ઓળખ કરી હતી. અંતરિયાળ વિસ્તાર હોવો તેનું મુખ્ય કારણ હતું. આથી બે અંબુજા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ અનુક્રમે દેવરાની અને કરમન્ડીહમાં સ્થાપિત કરાયા છે. અંબુજા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ દ્વારા ગ્રામજનો પાસે હવે ડોક્ટર અને પેરામેડિકલ ઓફિસરની સપ્તાહમાં એકવાર તેમના ઘર આંગણે મુલાકાત, સમગ્ર વર્ષ માટે દવાઓ તથા વાજબી કિંમતે મેડિકલ સ્ક્રિનિંગ ટેસ્ટની એક્સેસ છે.


**પશ્ચિમ રેલ્વે**

**વિદ્યુત કાર્ય**

વરિષ્ઠ **DEE/TED/BL** ઈ-ટેન્ડર સૂચના આમંત્રિત કરે છે:- **EL-TRD-W-118-24-25-2.**, **તારીખ:- 11-05-2024. કાર્યનું નામ:** મુંબઈ વિભાગના વિરાર-દહાણુ રોડ વિભાગમાં સંપર્ક અને કેટેનરી વાયરના અપ-ગ્રેડેશન દ્વારા OHE સંપત્તિઓની વિશ્વસનીયતામાં સુધારો. **જાહેરાત કિંમત :** રૂ: 138897555/-. **ઈએમડી :** રૂ: 844500/-. **સબમિશન કરવાની તારીખ અને સમય :** 11-06-2024 , 15:00 કલાક સુધી . **ખુલવાની તારીખ અને સમય :** 11-06-2024 એ 15:30 કલાક . કામના વિગતવાર પ્રકાર અંગે, ટેન્ડર દસ્તાવેજોની કિંમત (રિફંડપાત્ર નહીં), EMD, પાત્રતા માપદંડો, કામની સમાન પ્રકૃતિ, વિગતવાર ટેન્ડર શરતો, કૃપા કરીને **www.ireps.gov.in** ની મુલાકાત લો. મેન્યુઅલ ઑફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0141

અમને લાઈક કરો : facebook.com/WesternRly


## બેંક ઓફ બરોડાએ ત્રિમાસિક ગાળા અને નાણાકીય વર્ષ માટે નાણાકીય પરિણામોની જાહેરાત કરી

(એજન્સી) અમદાવાદ । તા. 13

BOBનો સ્વતંત્ર ધોરણે ચોખ્ખો નફો નાણાકીય વર્ષ 2023-24ના ચોથા ત્રિમાસિક ગાળામાં રૂ. 4,886 કરોડ હતો, જે નાણાકીય વર્ષ 2022-23ના ચોથા ત્રિમાસિક ગાળામાં રૂ. 4,775 કરોડ હતો. નાણાકીય વર્ષ 2023-24 માટે ચોખ્ખો નફો રૂ. 17,789 કરોડ (વાર્ષિક ધોરણે +26.1 ટકા) હતો, જે નાણાકીય વર્ષ 2022-23માં રૂ. 14,110 કરોડ હતો. નાણાકીય વર્ષ 2023-24ના ચોથા ત્રિમાસિક ગાળામાં વ્યાજની ચોખ્ખી આવક (એનઆઈઆઈ) વાર્ષિક ધોરણે 2.3 ટકા વધીને રૂ. 11,793 કરોડ થઈ હતી. નાણાકીય વર્ષ 2023-24 માટે એનઆઈઆઈ 8.1 ટકા વધીને રૂ. 44,722 કરોડ હતી. ત્રિમાસિક ગાળા માટે વ્યાજ સિવાયની આવક વાર્ષિક ધોરણે 20.9 ટકા વધીને રૂ. 4,191 કરોડ હતી. નાણાકીય વર્ષ 2023-24 માટે વ્યાજ સિવાયની આવક વાર્ષિક ધોરણે 44.6 ટકા વધીને રૂ. 14,495 કરોડ હતી. નાણાકીય વર્ષ 2023-24ના ચોથા ત્રિમાસિક ગાળામાં વૈશ્વિક એનઆઈએમ ત્રિમાસિક ધોરણે 17 બીપીએસ વધીને 3.27 ટકા હતું. નાણાકીય વર્ષ 2023-24 માટે વૈશ્વિક એનઆઈએમ 3.18 ટકા હતું. નાણાકીય વર્ષ 2023-24ના ચોથા ત્રિમાસિક ગાળામાં એડવાન્સ પર આવક 8.75 ટકા હતી, જે નાણાકીય વર્ષ 2022-23ના ચોથા ત્રિમાસિક ગાળામાં 8.47 ટકા હતી. નાણાકીય વર્ષ 2023-24ના ચોથા ત્રિમાસિક ગાળામાં ધિરાણનો ખર્ચ 5.06 ટકા હતો, નાણાકીય વર્ષ 2023-24 માટે કાર્યકારી આવક 15.3 ટકાની વૃદ્ધિ સાથે રૂ. 59,217 કરોડ હતી. નાણાકીય વર્ષ 2023-24ના ચોથા ત્રિમાસિક ગાળામાં કાર્યકારી નફો રૂ. 8,106 કરોડ હતો અને નાણાકીય વર્ષ 2023-24 માટે કાર્યકારી નફો 15.3 ટકા વધીને રૂ. 30,965 કરોડ હતો. નાણાકીય વર્ષ 2023-24ના ચોથા ત્રિમાસિક ગાળામાં આવકમાં ખર્ચનો રેશિયો 49.29 ટકા હતો. નાણાકીય વર્ષ 2023-24ના ચોથા ત્રિમાસિક ગાળામાં એસેટ પર વળતર (એન્યૂલાઇઝ) ત્રિમાસિક ધોરણે 5 બીપીએસ વધીને 1.25 ટકા થયો હતો.

## ગુજરાતી ફિલ્મ "ઝમકુડી"નું ટ્રેલર લોન્ચ

(એજન્સી) અમદાવાદ । તા. 13

બોલીવુડમાં જેમ ધર્મા પ્રોડક્શનની ફિલ્મો અવ્વલ કક્ષાની હોય છે તેમ ગુજરાતી સિનેમામાં પ્રગતિ કરી રહેલ પ્રોડક્શન હાઉસ 'સોલ સૂત્ર' પોતાની ત્રીજી ફિલ્મ લઈને આવી રહ્યું છે. પ્રખ્યાત ગુજરાતી સિંગર પાર્થિવ ગોહિલ અને અભિનેત્રી માનસી પારેખના હોમ પ્રોડક્શન - સોલ સૂત્ર અને ધવલ ઠક્કરે સાથે મળીને આવનારી ગુજરાતી ફિલ્મ 'ઝમકુડી' ને પ્રોડ્યુસ કરી છે. ફિલ્મ ઝમકુડીમાં ગુજરાતી ઈન્ફ્લુઅન્સર વિરાજ ઘેલાણી માનસી પારેખ ગોહિલની સાથે જોવા મળશે. ફિલ્મમાં ગુજરાતી ફિલ્મોના ટેલેન્ટેડ એક્ટર્સ ઓજસ રાવલ, ચેતન દૈયા, જયેશ મોરે, સંજય ગોરડિયા, સંજય ગલસર, નિસર્ગ ત્રિવેદી, ભાવિની જાની, કૃણાલ પંડિત સહિતના કલાકારો છે.

## વડાપ્રધાન દેશની તમામ સંપત્તિ 4-5 ધનિકોને આપી દેશે : રાયબરેલીથી પ્રિયંકાના પ્રહાર

(એજન્સી) રાયબરેલી । તા. 13

પીએમ નરેન્દ્ર મોદી પર દેશના ટોચના ઉદ્યોગપતિઓને જ લાભ કરાવવાનો આક્ષેપ કરતાં કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ રાયબરેલીમાં જણાવ્યું કે, પીએમ નરેન્દ્ર મોદી દેશની બધી જ સંપત્તિ ચાર અથવા પાંચ ધનિકોને આપી દેશે. બીજીબાજુ રાહુલ ગાંધીએ જાતિ આધારિત વસતી ગણતરી પર ફરી એક વખત ભાર મૂકતા કહ્યું, અમે દેશનો 'એક્સ-રે' કરાવીશું. ગાંધી પરિવારની પરંપરાગત રાયબરેલી લોકસભા બેઠક પર રાહુલ ગાંધી માટે મત માગતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ જણાવ્યું કે, નરેન્દ્ર મોદી છેલ્લા 10 વર્ષથી વારાણસીના સાંસાદ છે.


**ઉત્તર મધ્ય રેલવે**

ટેન્ડર નોટિસ નંબર :- 2320242025 તારીખ :- 09-05-2024

**ઈ-ટેન્ડર સૂચના**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (એન્જિનિયરિંગ)/ઉત્તર મધ્ય રેલ્વે/પ્રયાગરાજ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી 03-06-2024ના રોજ 13:30 કલાક સુધી નીચેના કામો માટે નિયત ફોર્મ પર નીચેના ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. ટેન્ડરોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ નં | ટેન્ડર નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ માં) |
|---|---|---|
| 01 | 47 | રૂ. 1585987.05 |

**કાર્યનું નામ :** ADEN/FZD હેઠળ P E 30-06-2025 માટે JGR (સહિત) થી TDL (સિવાય) અને બાગાયત કાર્યમાં વાર્ષિક સિવિલ રિપેર અને જાળવણી અને નાના નવા કામ.

| ક્રમ નં | ટેન્ડર નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ માં) |
|---|---|---|
| 02 | 48 | રૂ. 9812674.78 |

**કાર્યનું નામ :** ADEN/FZD હેઠળ P E 30-06-2025 માટે SKB (સહિત) થી FBD (સિવાય) સુધીના ઝોન કાર્યમાં વાર્ષિક સિવિલ રિપેર અને જાળવણી અને નાના નવા કામ.

| ક્રમ નં | ટેન્ડર નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ માં) |
|---|---|---|
| 03 | 49 | રૂ. 10828296.81 |

**કાર્યનું નામ :** ADEN/ETW હેઠળ P E 30-06-2025 માટે JGR (સિવાય) થી BNT (સહિત) સુધીના ઝોન કાર્યમાં વાર્ષિક સિવિલ રિપેર અને જાળવણી અને નાના નવા કામ.

| ક્રમ નં | ટેન્ડર નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ માં) |
|---|---|---|
| 04 | 50 | રૂ. 10742380.83 |

**કાર્યનું નામ :** ADEN/ETW હેઠળ P E 30-06-2025 માટે વાર્ષિક સિવિલ રિપેર અને જાળવણી અને RRH (સિવાય) થી BNT (સિવાય) સુધીના ઝોનમાં નાના નવા કામ.

| ક્રમ નં | ટેન્ડર નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ માં) |
|---|---|---|
| 05 | 51 | રૂ. 20185000.00 |

**કાર્યનું નામ :** ADEN/NCR/ETW ના વિભાગમાં P E 30-06-2025 માટે Pway ઝોનનું કામ

| ક્રમ નં | ટેન્ડર નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ માં) |
|---|---|---|
| 06 | 52 | રૂ. 19850498.53 |

**કાર્યનું નામ :** ADEN/NCR/FZD ના વિભાગમાં P E 30-06-2025 માટે Pway ઝોનનું કામ

બિડ અનામત (રૂ) : **ક્રમ નં 1:** રૂ: 229300.00, **ક્રમ નં 2:** રૂ: 196300.00, **ક્રમ નં 3:** રૂ: 204200.00, **ક્રમ નં 4:** રૂ: 203700.00 **ક્રમ નં 5 :** રૂ: 250900.00, **ક્રમ નં 6:** રૂ: 249300.00 **કાર્ય પૂર્ણ કરવાની અવધિ :** 30-06-2024 **બધા ટેન્ડર ખુલવાની તારીખ :** 03-06-2024 **પાત્રતા માપદંડ માટે સમાન પ્રકૃતિનું કાર્ય : ક્રમ નં 1 થી 4 :-** કોઈ પણ સિવિલ કાર્ય **ક્રમ નં 5 અને 6 :-**પી વે કાર્ય

**નોંધ :**(1) ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજો અને ટેન્ડર ફોર્મ સાથેની સંપૂર્ણ માહિતી ટેન્ડર ખોલવાની નિયત તારીખ 03-06-2024 ના રોજ 13:30 કલાક સુધી વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. (2) ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઇટ પર પોતાને નોંધણી કરાવવાની જરૂર છે. (3) નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય સ્વરૂપમાં/લેટર હેડમાં જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો તેને તરત જ અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (4) **ટેન્ડર નંબર 47 થી 52 ની** જાહેરાત મૂલ્ય 50 લાખ કરતાં વધુ છે તેથી **જોડાણ-V અને V (A) (દસ્તાવેજ ચકાસણી પ્રમાણપત્ર)** આવશ્યક છે. માલ અને/અથવા સેવાઓના સપ્લાયર/કોન્ટ્રાક્ટર સમય સમય પર લાગુ પડતા GST કાયદા અને નિયમોને આધીન રહેશે. (5) જોડવાના તમામ ફોર્મ ટેન્ડરર દ્વારા સહી થયેલ હોવા જોઈએ. (6) આ ટેન્ડર સૂચના **www.ncr.indianrailways.gov.in** પર પણ અપલોડ કરવામાં આવી છે. (7) ઈ-ટેન્ડર માટે, ટેન્ડર ફોર્મની કિંમત અને બાનાની રકમ માત્ર ઈ-પેમેન્ટ/નેટ ગેટવે અથવા બેંક ગેરંટી બોંડ પેમેન્ટના સ્વરૂપમાં પેરા 12 મા જ સુચેવલ અનુસાર જ સ્વીકારવામાં આવશે. (8) કોઈપણ પ્રકારની ટેકનિકલ સમસ્યાના ઉકેલ માટે IREPS વેબસાઈટની હેલ્પલાઈનનો સંપર્ક કરી શકાય છે. (9) ટેન્ડર ખોલવાની તારીખ 03-06-2024 ના રોજ 13:30 કલાક સુધી ઓનલાઈન ટેન્ડર સબમિટ કરી શકાય છે. (10) બિડ સિક્યોરિટી ડિપોઝિટ માટે ટેન્ડર દસ્તાવેજના પેરા 12.0 પરની અન્ય સૂચનાઓ સાથે. (11) ઈ-ટેન્ડર ફોર્મ તમામ ટેન્ડરર્સને વિના મૂલ્યે જારી કરવામાં આવશે. (12) ટેન્ડર નંબર 47 થી 52 માટે :- ટેન્ડરરે IRGCC-2022 (વર્ક્સ મેટર) ની કલમ 10 થી 18 (ભાગ 1) ના પાલનમાં આવશ્યક દસ્તાવેજો સબમિટ કરવાના રહેશે અન્યથા તેમની ઓફરને અધૂરી ઓફર તરીકે ગણવામાં આવશે અને તે મુજબ નહીં ધ્યાન માં લેવા જેવું.

**838/24(DG)**

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in



**ઉત્તર મધ્ય રેલવે**

**ઈ-ટેન્ડર સૂચના**

ઈ-ટેન્ડર સૂચના નંબર :- 05/2024 તારીખ :- 09-05-2024

**વરિષ્ઠ DSTE/ઉત્તર સેન્ટ્રલ રેલ્વે આગ્રા** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી કાર્ય કરતા નીચેના કામ માટે ફક્ત ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા 'ઓપન ટેન્ડર' આમંત્રિત કરે છે.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 1 | આગ્રા-એસટી-2024-33 | રૂ:14021051.87 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગરા વિભાગના Sr.DSTE/CO./AGRA ના અધિકારક્ષેત્ર હેઠળ સિગ્નલિંગ અસ્કયામતોનું આધુનિકીકરણ, અપગ્રેડેશન, રિપ્લેસમેન્ટ અને મજબૂતીકરણ.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 2 | આગ્રા-એસટી-2024-34 | રૂ:8366431.87 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગરા વિભાગના Sr.DSTE/Sig./AGRA ના અધિકારક્ષેત્ર હેઠળ સિગ્નલિંગ અસ્કયામતોનું આધુનિકીકરણ, અપગ્રેડેશન, રિપ્લેસમેન્ટ અને મજબૂતીકરણ.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 3 | આગ્રા-એસટી-2024-35 | રૂ: 10789033.87 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગરા વિભાગના બાકીના વિભાગોમાં એક્સલ કાઉન્ટરો માટે પાવર સપ્લાયના પાવર સેગ્રિગેશનની જોગવાઈ.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 4 | આગ્રા-એસટી-2024-36 | રૂ:29969523.35 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગરા વિભાગમાં VHF આધારિત સુરક્ષિત સ્ટેશન સંચાર સાધનોની જોગવાઈ.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 5 | આગ્રા-એસટી-2024-37 | રૂ:22313060.94 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગ્રા ડિવિઝનના DHO-PWL વિભાગ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ રૂમ માટે ડેટા લોગર દ્વારા વિડિયોવોલ અને ટ્રેન મૂવમેન્ટ ડિસ્પ્લેની જોગવાઈ.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 6 | આગ્રા-એસટી-2024-38 | રૂ:21615856.44 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગ્રા ડિવિઝનમાં ટેલિકોમ એસેટનું આધુનિકીકરણ, અપગ્રેડેશન, રિપ્લેસમેન્ટ અને મજબૂતીકરણ.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 7 | આગ્રા-એસટી-2024-39 | રૂ:11906120.16 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગ્રા ડિવિઝનમાં 30 નંગ સ્ટેશનો, 04 નંબર રિલે હટ/એલસી ગેટ પર SMPS આધારિત IPS સિસ્ટમ (AMARARAJA મેક) નું વ્યાપક AMC છત્રીસ મહિનાના સમયગાળા માટે સ્થાપિત કરવામાં આવ્યું છે.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 8 | આગ્રા-એસટી-2024-40 | રૂ:17929098.00 | 31-05-2024 |

**કાર્યનું નામ :** Ansaldo માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર ભૂતેશ્વર, વૃંદાવન રોડ, અજાઈ, છટા, કોસીકલાન, હોડલ, શોલકા અને રૂંધી (MTJ-PWL વિભાગ), JREA (MTJ-AWR વિભાગ) અને SHGN (AF-TDK વિભાગ) ખાતે SSI સિસ્ટમ સ્થાપિત કરે છે. આગ્રા ડિવિઝન ત્રણ વર્ષના સમયગાળા માટે.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 9 | આગ્રા-એસટી-2024-41 | રૂ:67289181.12 | 31-05-2024 |

**કાર્યનું નામ :** PWL-JHS:- 24 મહિનાના સમયગાળા માટે મોબાઈલ ટ્રેન રેડિયો કોમ્યુનિકેશન્સ (MTRC) સિસ્ટમનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 10 | આગ્રા-એસટી-2024-42 | રૂ:109465735.35 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગ્રા ડિવિઝનમાં અસુરક્ષિત કાટવાળું રેલ્વે સાઈડિંગ અને કાટવાળું ટ્રેક સર્કિટ (95 નંગ) માટે એક્સલ કાઉન્ટર્સની જોગવાઈ.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 11 | આગ્રા-એસટી-2024-43 | રૂ:2010206.34 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગ્રા ડિવિઝન પર એમ્બેડેડ સિસ્ટમ સાથે ઓવરએજ્ડ VDU નું રિપ્લેસમેન્ટ.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 12 | આગ્રા-એસટી-2024-44 | રૂ:21731350.00 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગરા વિભાગમાં સ્ટેશન સુરક્ષા યોજના હેઠળ AGC અને AF રેલ્વે સ્ટેશનો પર સીસીટીવી કેમેરાની વૃદ્ધિ.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 13 | આગ્રા-એસટી-2024-45 | રૂ:21498568.43 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગરા વિભાગમાં સ્ટેશન સુરક્ષા યોજના હેઠળ MTJ રેલ્વે સ્ટેશનો પર સીસીટીવી કેમેરાની વૃદ્ધિ.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 14 | આગ્રા-એસટી-2024-46 | રૂ:3801380.60 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગ્રા ડિવિઝનના બાકીના એલસી ગેટ અને અન્ય સંવેદનશીલ સ્થળોએ સીસીટીવીની જોગવાઈ.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 15 | આગ્રા-એસટી-2024-47 | રૂ:3250005.48 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગ્રા ડિવિઝનમાં નવા SEM મુજબના વિવિધ વિભાગોમાં વિવિધ નંબર પ્લેટ્સ, ચેતવણી બોર્ડ, કોલિંગ બોર્ડ, સ્ટોપ બોર્ડ વગેરેની જોગવાઈઓ.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 16 | આગ્રા-એસટી-2024-48 | રૂ:10396607.48 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગ્રા ડિવિઝનમાં વિશ્વસનીયતા સુધારણા માટે ખામીયુક્ત ક્વાડ કેબલનું વૃદ્ધિ.

| ક્ર.સં. | ઈ-ટેન્ડર સૂચના નંબર | કાર્યનું અંદાજીત ખર્ચ | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| 17 | આગ્રા-એસટી-2024-49 | રૂ:12316259.12 | 31-05-2024 |

**કાર્યનું નામ :** આગ્રા ડિવિઝનમાં વિશ્વસનીયતા સુધારણા માટે ખામીયુક્ત સિગ્નલિંગ કેબલ્સનું વર્ધન.

સંપૂર્ણ વિગતો અને બિડ સબમિશન માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઇટ **www.ireps.gov.in** જુઓ. બિડર્સ ઉપર જણાવેલ તારીખે 15:00 કલાક સુધી વેબ પોર્ટલ **www.ireps.gov.in** દ્વારા તેમની મૂળ/સંશોધિત બિડ સબમિટ કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઑફર્સને મંજૂરી આપવામાં આવશે નહીં અને આવી કોઈપણ મેન્યુઅલ ઑફર્સને અવગણવામાં આવશે.

**835/24 FA**

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in




## હરે કૃષ્ણ મંદિર ભાડજ ખાતે પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી

(એજન્સી) અમદાવાદ । તા. 13

હરે કૃષ્ણ મુવમેન્ટ તેના વાર્ષિકનવમીપાટોત્સવ પર્વની ભવ્ય ઉજવણી હરે કૃષ્ણ મંદિર,ભાડજ ખાતે બુધવારતા. 8મે થી રવિવાર12મે, 2024 દરમ્યાન ઉજવણી થઈ. મંદિરનુ ઉદઘાટન તા. 21 એપ્રિલ,2015 ના રોજ અક્ષયતૃતિયાના શુભદિને કરવામાં આવ્યું હતું. આ ઉત્સવ શ્રી શ્રી રાધા માધવ, શ્રી શ્રી લક્ષ્મી-નરસિંહ ભગવાન અને શ્રી શ્રી નિતાઈ ગૌરાંગ (કૃષ્ણ-બલરામ સ્વરૂપ) ભગવાનશ્રીની ઉપસ્થિત અને તેમના મૂર્તિરૂપે હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે થયેલ સ્થાપ્નના શુભપ્રસંગને સિમાચિહ્ન રૂપે દર્શાવે છે. હરેકૃષ્ણ મંદિર ખાતે પાટોત્સવની ઉજવણી ખૂબ જ હર્ષોલ્લાસ અને આનંદ સાથે ઉજવવામાં આવ્યું. ઉજવાઈ રહેલ પાટોત્સવના પાંચમાં દિવસે, તા. 12મેના રોજ સર્વશક્તિમાન શ્રી શ્રી રાધામાધવને સાંજના 6 વાગ્યાથી ચૂરના અભિષેક અર્પણ કરવામાં આવ્યું. આ એક પારંપરિક દિવ્યસ્નાન વિધિ છે જેમાં ભગવાનશ્રીને હળદર અને અન્ય પવિત્ર પદાર્થો(વસ્તુઓથી) અભિષેક કરવામાં આવે છે. મંદિરમાં ભગવાનને (શ્રી શ્રી રાધા માધવ, શ્રી શ્રી લક્ષ્મી-નરસિંહ અને શ્રી શ્રી નિતાઈ ગૌરાંગ) ને મંદિરના મુખ્ય સભાખંડમાં ભવ્ય અભિષેક અર્પણ કરવામાં આવ્યું.આખા વર્ષ દરમ્યાન આ શુભઅવસર પર જ પ્રાણપ્રતિષ્ઠા કરેલ બધી દેવપ્રતિમાઓના એક સાથે થતા અભિષેક નિહાળવાનો લાહવો પ્રાપ્ત થાય છે. ઉત્સવના ભાગરૂપે હીસગ્રેસ શ્રીમાન મધુપન્ડિતદાસા, હરેકૃષ્ણ મૂવમેન્ટના જિબીસી (GBC)-ચેરમેનશ્રીએ ઉપસ્થિત ભક્તોને ભગવાનના શ્રીમૂર્તિના અવતરણ બાબતે આશીર્વચન આપ્યા. મહાઅભિષેક પછી ભગવાનને ભવ્ય સુસજ્જિત પાલકીમાં વિહાર કરવામાં આવ્યા અને પાંચદિવસીય પાટોત્સવના પુર્ણાહુતીના ભાગરૂપે ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી.

## એર ઈન્ડિયાએ મેઈન્ટેનન્સ ફેસિલિટીઝ ડેવલપ કરવા માટે એસઆઈએ એન્જિનિયરિંગ કંપનીની નિયુક્તિ કરી

(એજન્સી) ગુરુગ્રામ । તા. 13

એર ઈન્ડિયાએ બેંગાલુરુ ખાતે એર ઈન્ડિયાની બેઝ મેઈન્ટેનન્સ ફેસિલિટીઝ ડેવલપ કરવા માટે તેની વ્યૂહાત્મક ભાગીદાર તરીકે એસઆઈએ એન્જિનિયરિંગ કંપની લિમિટેડ (એસઆઈએઈસી)ની નિયુક્તિ કરી છે. આ ભાગીદારીના ભાગરૂપે એર ઈન્ડિયાની ભારતના બેંગાલુરુમાં આવેલી બેઝ મેઈન્ટેનન્સ ફેસિલિટીઝ માટે પ્લાનિંગ, કન્સ્ટ્રક્શન, ડેવલપમેન્ટ અને ઓપરેશનલાઈઝેશન માટે એર ઈન્ડિયા એસઆઈએઈસીની સાથે ઘનિષ્ઠપણે કામ કરશે. આ ફેસિલિટીઝ 2026માં કાર્યરત થવાની સંભાવના છે અને તેમાં એર ઈન્ડિયા ગ્રુપમાં એરક્રાફ્ટ ફ્લીટની વધી રહેલી મેઈન્ટેનન્સ, રિપેર અને ઓવરહૉલ (એમઆરઓ) જરૂરિયાતોને ટેકો આપવા માટે અસોસિયેટેડ રિપેર શોપ્સ સહિત વાઈડબોડી અને નેરોબોડી બંને પ્રકારના હેન્ગર્સનો સમાવેશ કરશે.

## ICICI પ્રુડેન્શિયલ બિઝનેસ સાઈકલ ફંડમાં જાન્યુ 2021માં રોકાણ કરેલા 10 લાખ આજે રૂ. 20.8 લાખ સુધી વધ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

'બજારનું શું લાગે છે?' રોકાણકારો દ્વારા પૂછાતો આ સામાન્ય પ્રશ્ન છે, જે શેરો અને વેપારની ક્ષિતિજના ગતિશીલ પ્રકારને પહોંચ આપે છે. જો આ પ્રશ્નનો ઉત્તર કોઈને ખબર હોય તો પણ કાર્યક્ષમ રીતે રોકાણ કરવાની રીત ભાગ્યે જ છે. જોકે હવે તેનો ઉકેલ છે. પડકારજનક આર્થિક અને બજારની ક્ષિતિજમાં મહત્તમ વળતરો ચાહતા લાંબા ગાળાના રોકાણકારો માટે આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ બિઝનેસ સાઈકલ ફંડ એકસામટી રકમ અને એસઆઈપી રોકાણો માટે આકર્ષક વિકલ્પ પ્રદાન કરે છે. જાન્યુઆરી 2021માં રજૂ કરાયેલું આ ફંડ અનીશ ટવક્લે, લલિત કુમાર અને મનીષ બાંઠિયાની આગેવાનીમાં વિવિધ ચક્રોમાંથી પસાર થવાનો અને બેન્ચમાર્કથી ઉત્તમ કામગીરી કરવાનો મજબૂત ટ્રેક રેકોર્ડ ધરાવે છે. અચૂક મેક્રો અને માઈક્રો કોલ્સ કરીને અને જોખમોનું અસરકારક રીતે વ્યવસ્થાપન કરીને તેણે રોકાણોના મેન્ડેટને વળગી રહીને મહામારી પશ્ચાત સંજોગો, ગતિશીલ વ્યાજ દર ક્ષિતિજ, ભૌગોલિક રાજકીય સંઘર્ષ અને વૈશ્વિક વૃદ્ધિમાં વધઘટ વગેરે જેવા વિવિધ પડકારોને સફળતાપૂર્વક હાથ ધર્યા છે.

**ગાંધીનગરમાં પવન ફૂંકાયો, મકાન પર મોબાઈલ ટાવર પડ્યું**

ગાંધીનગર | ગાંધીનગરમાં બપોરે વાતાવરણમાં પલટો આવ્યો હતો. વાદળ ઘેરાવાની સાથે ભારે રેપવન સાથે ધૂળની ડમરીઓ ફૂંકાતાં જનજીવન ઠપ થઈ ગયું હતું. આજે ઢળતી સાંજ પડતાં સુધીમાં તાઉતે વાવાઝોડાની યાદ આવી જાય તેવો માહોલ હતો. ભારે પવનના કારણે અનેક વિસ્તારમાં ઝાડ ધરાશાયીના કિસ્સા બન્યાં હતા. સે-26માં મકાન પર મોબાઈલ ટાવર પડ્યું હતું. આ ઘટનામાં જાનહાનિ ટળતાં તંત્રએ રાહત અનુભવી હતી, પરંતુ મોબાઈલ ટાવર લગાવવાના કિસ્સામાં નિયત મંજૂરી અને નિયમોનું પાલન થયું હતું કે કેમ તે અંગે તપાસ હાથ ધરાઈ છે.

સિટી એક્સપ્રેસ

TUESDAY 14 MAY-2024

AHMEDABAD

**સેક્ટર - 7 ખાતેના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા**

ગાંધીનગર | સેક્ટર - 7/ડી પ્લોટ નંબર - 1298/1/2 માં રહેતાં 74 વર્ષીય રમણભાઈ વિરચંદભાઈ પટણી સેન્ટ્રલ એક્સાઈઝ ઓફીસમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા હતા. ગત તા. 10મી મેના રોજ બપોરના ત્રણ વાગે રમણભાઈ સહિતના પરિવારના સભ્યો વડોદરા ખાતે ગયા હતા. અને ગઈકાલે રાત્રિના નવ વાગ્યાના અરસામાં પરત ઘરે આવ્યા હતા. ત્યારે મકાનનો દરવાજો ખોલીને પરિવારજનો ઘરમાં પ્રવેશતા જ ચોંકી ઉઠયા હતા. પ્રથમ બેડરૂમના કબાટમાંથી સોનાના દાગીના તેમજ રોકડ રકમ મળીને કુલ રૂ. 7 લાખ 52 હજારની ઘરફોડ ચોરી થઈ હતી.



# સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે પવન અને કરા સાથે વરસાદ

**ભરઉનાળે ચોમાસુ:** ગુજરાતમાં હાલ અમદાવાદ સહિત ઘણા જિલ્લોમાં ભારે ગરમી પડી રહી છે અને તાપમાન 40 ડિગ્રીને પાર થઈ ગયું છે. આવા ભર ઉનાળાના વાતાવરણમાં રાજ્યના અનેક જિલ્લાઓમાં કરા સાથે કમોસમી વરસાદ પડ્યો છે. બોટાદ અને સાબરકાંઠાના ઈડરમાં કરા પડ્યાં છે તો વલસાડમાં વંટોળ સાથે કમોસમી વરસાદ પડ્યો છે





(એજન્સી) અમદાવાદ, તા. 13 | હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ માટે ગુજરાત રાજ્યના વાતાવરણ અંગે આગાહી કરવામાં આવી છે. જેને પગલે આજે સૌરાષ્ટ્ર સહિત ઉત્તર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો છે. ક્યાંક મધ્યમ તો ક્યાંક કરા સાથે ભારે વરસાદ પડ્યો છે. કમોસમી વરસાદને કારણે ખેતીના પાકમાં નુકસાનની ભીતિને લઈ ખેડૂતો ચિંતામાં મુકાયા છે. રાજ્યના હવામાન વિભાગે આગાહી કરી હતી કે સૌરાષ્ટ્ર સહિત રાજ્યનાં અનેક શહેરોમાં આગામી પાંચ દિવસ સુધી વરસાદ થવાની સંભાવના રહેલી છે. કપરાડા તાલુકાના કેટલાં ગામોમાં ભારે નુકસાન : હવામાન વિભાગે મધ્ય ગુજરાત સહિત સૌરાષ્ટ્રના ભાવનગર, દીવ, વેરાવળ સહિતના જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરી હતી. જે આગાહી મુજબ આજરોજ ભાવનગર શહેર તથા જિલ્લામાં તીવ્ર ગતિએ પવન ફૂંકાવા સાથોસાથ વાદળો ઘેરાયાં હતાં. ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના જાંબાળા કરકોલિયા, ટાણા, બુઢણા સહિત અનેક ગામડાઓમાં વાવાઝોડા જેવા પવન સાથે હળવા છાંટા વરસ્યા હતા. તો ક્યાંક નદીઓ વહેતી થઈ હતી. આ ઉપરાંત ભારે પવન ફૂંકાતા છાપરાનાં નળિયાં પણ ઊડ્યાં હતાં. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકા તેમજ ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. આશ્રમ શાળામાં પણ ભારે નુકસાન સર્જાયું હતુ બપોરે આવેલા પવન સાથે વરસાદે કપરાડા તાલુકાના કેટલાં ગામોમાં ભારે નુકસાન સર્જ્યું છે. નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના વાતાવરણમાં બપોર બાદ અચાનક આવ્યો પલટો આવ્યો હતો.

### રાણપુર પંથકમાં વાવાઝોડાની જોરદાર અસર

રાણપુરમાં ભારે પવનથી વીજ પોલ થયા ધરાશાયી. બરવાળા રોડ પર વીજપોલ થયો ધરાશાયી. વીજપોલ ધરાશાયી થતાં વાહનવ્યવહાર ખોરવાયો. મદની નગર વિસ્તારમાં 4 જેટલા વૃક્ષો થયા ધરાશાયી.

### કલોલમાં ગાજવીજ સાથે વરસાદ

કલોલની વાત કરીએ તો અહીં ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી છે. વીજળીના કડાકા-ભડાકા સાથે કલોલમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. વરસાદથી કલોલના વાતાવરણમાં પ્રસરી ઠંડક.

### બોટાદમાં કમોસમી વરસાદના રોડ પર ભરાયા પાણી

શહેરના ભાવનગર રોડ પર પાણી ભરાતા વાહન ચાલકો મુકાયા મુશ્કેલીમાં. બોટાદમાં સામાન્ય વરસાદમાં પણ ભાવનગર રોડ તેમજ અંડર બ્રિઝમાં પાણી ભરાતા ચાલકોને મુશ્કેલીનો કરવો પડે છે સામનો.

### પ્રાંતિજ તાલુકામાં ભારે ઉકળાટ બાદ વરસાદ

પ્રાંતિજ તાલુકામાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ આવ્યો છે. વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હોવાથી લોકોમાં રાહતનો માહોલ જોવા મળી રહ્યો છે.

### બોટાદ શહેરમાં વાવાઝોડાની થઈ જોરદાર અસર

બોટાદની ડિસ્ટ્રીક્ટ કોર્ટના પાર્કિંગ શેડ જોરદાર પવનમાં ઉડયો. ડિસ્ટ્રીક્ટ કોર્ટનાં પાર્કિંગ શેડ પવનથી ઉડતો કેમેરામાં કેદ. બોટાદના ખસ રોડ પર આવેલ છે ડિસ્ટ્રીકટ કોર્ટ.

### ઊંઝાના વાતાવરણમાં અચાનક પલટો

ઊંઝામાં પવન સાથે ધીમીધારે વરસાદની શરૂઆત થઈ હતી. આ સાથે જ ઊંઝા શહેર સહિત આસપાસના વિસ્તારોમાં વરસાદ જોવા મળી રહ્યો છે.

### મહીસાગર જિલ્લાના વાતાવરણમાં પલટો

મહીસાગરના સંતરામપુર, ખાનપુર, કડાણા તાલુકામાં વરસાદ જોવા મળી રહ્યો છે. વરસાદને લઈ વાતાવરણમાં પ્રસરી ઠંડક હોવાનું પણ જાણવા મળ્યું છે. આ સાથે જ વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા છે.

### પાટણ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો

પાટણમાં તેમજ શંખેશ્વરમાં વરસાદ જોવા મળ્યો. શંખેશ્વરમાં કરા સાથે વરસાદ પડ્યો છે તો સાથે જ નાની ચંદુર, મોટી ચંદુર ગામોમાં વરસાદ જોવા મળ્યો છે. પાડલા સહિતના ગામોમાં પવન સાથે વરસાદ છે.

## ગુજરાતમાં 16 મે સુધી વરસાદની આગાહી

### વરસાદ પછી શેકાવા તૈયાર રહેજો: વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પૂર્ણ થયા પછી તાપમાન 44 ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના

(એજન્સી) અમદાવાદ | તા.13

હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી બાદ આગામી બે દિવસ બાદ રાજ્યભરમાં તાપમાનનો પારો વધવાની શક્યતા વ્યક્ત કરી છે. 16 મે સુધી રાજ્યના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે છૂટા છવાયા વરસાદની સંભાવના છે. અમદાવાદમાં પણ આગામી 24 કલાક બાદ આવતીકાલે કેટલાક વિસ્તારમાં છૂટોછવાયો હળવો વરસાદ વરસી શકે છે. ત્યારબાદ વેસ્ટર્ન ડિસટર્બન્સની અસર પૂર્ણ થયા બાદ ફરી એકવખત તાપમાનનો પારો



બેથી ત્રણ ડિગ્રી જેટલો વધીને 44 ડિગ્રી સેલ્સિયસ પહોંચી શકે છે.

હવામાન વિભાગ દ્વારા આજે 13 મેના રોજ અરવલ્લી, મહિસાગર, દાહોદ, દક્ષિણ ગુજરાતમાં ડાંગ, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલી તથા સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર અને રાજકોટમાં વરસાદની શક્યતા છે. 14 મેના રોજ અમદાવાદ, આણંદ, ભરૂચ, સુરત સહિત સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર અને બોટાદમાં વરસાદની શક્યતા છે. 15 મેના રોજ બનાસકાંઠા અને ગીર સોમનાથમાં તથા 16 મેના રોજ બનાસકાંઠામાં વરસાદની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર 16 તારીખ સુધી વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે.

### 24 કલાકમાં અમદાવાદનું તાપમાન 43 ડિગ્રીએ પહોંચશે

આગામી 24 કલાક દરમિયાન અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સુધી પહોંચે તેવી શક્યતા છે. ગાંધીનગરમાં 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહેશે. ઉલ્લેખનીય છે કે, આજે વહેલી સવારથી જ અમદાવાદ શહેરમાં છૂટું છવાયું વાદળછાયું વાતાવરણ છે. તેને કારણે ગરમ ભેજયુક્ત વાતાવરણ સર્જાયું છે. આથી અમદાવાદીઓને બફારાનો પણ અનુભવ રહેશે. આવતીકાલે હવામાન વિભાગની આગાહી અનુસાર કેટલાક વિસ્તારમાં છૂટો છવાયો ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે

## અમદાવાદમાં પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો : શહેરમાં વાતાવરણ બન્યું ઠંડુગાર

### વડોદરા શહેર સિહત ગ્રામ્ય વિસ્તારમાં કમોસમી વરસાદ ખાબક્યો

(એજન્સી) અમદાવાદ | તા.13

કાળઝાળ ગરમી વચ્ચે રાજ્યમાં વરસાદી માહોલની અસર જોવા મળી રહી છે. અમદાવાદમાં પણ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. શહેરમાં ધૂળની ડમરીઓ ઉડી રહી હતી અને સાથે જ એસ.જી. હાઈવે પર ભારે પવન ફૂંકાયો છે. શહેરના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. આ સિવાય પણ રાજ્યમાં અનેક જગ્યાએ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે.

વડોદરા શહેરમાં પડી રહેલી કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરી હતી. જેના



પગલે આજે વડોદરાના વાતાવરણમાં પલટો આવ્યો હતો. વાતાવરણમાં પલટા બાદ વડોદરા શહેરમાં કમોસમી વરસાદ પડ્યો હતો. વરસાદ પડતા લોકોને ગરમીથી મહદઅંશે રાહત મળી છે.

વડોદરા શહેરમાં આવેલા આજવા, નિમેટા, વડોદરા શહેરી, બાજવા વિસ્તાર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યો હતો. વાતાવરણમાં પલટો આવતા વડોદરા શહેરી વિસ્તારની અંદર કમોસમી વરસાદ પડ્યો હતો.

વડોદરાના માંજલપુર, કારેલીબાગ, રાવપુરા સહિતના વિસ્તારમાં ભારે પવન સાથે વરસાદ ખાબક્યો હતો. સમગ્ર શહેરમાં ભારે પવન સાથે વરસાદ ખાબકતા વાતાવરણ ઠંડુગાર બન્યું હતું.

**ભાજપ- કોંગ્રેસના નેતાના વિસ્તારમાં જ કોલેરા**

## અમદાવાદમાં રોજના ઝાડા ઉલટીના 60થી વધુ દર્દીઓ



(એજન્સી) અમદાવાદ | તા.13

અમદાવાદમાં ઉનાળાની ગરમી હવે 42 ડિગ્રીની આસપાસ પહોંચી ગઈ છે. ગરમી વધવાની સાથે જ રોગચાળો પણ વધી રહ્યો છે. પ્રદૂષિત પાણી અને ગરમીમાં બહારનું ખાવાના કારણે લોકો બીમાર પડી રહ્યા છે. શહેરમાં રોજના 60થી વધુ ઝાડા-ઉલટીના કેસો નોંધાઈ રહ્યા છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા રામોલ, અમરાઈવાડી, વટવા, લાંભા, ભાઈપુરા, દાણીલીમડા અને વસ્ત્રાલ વિસ્તારમાં કોલેરાના 14 કેસો પણ નોંધાયા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસક પક્ષ ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ બંને પક્ષના નેતાના જ વોર્ડમાં કોલેરાના કેસો નોંધાયા છે. શહેરમાં મે મહિનામાં 11 દિવસમાં 52 પાણીના સેમ્પલો ફેઈલ આવ્યા છે. જેથી, ઝાડા-ઉલટી, કમળા, કોલેરા અને ટાઈફોઈડના કેસો વધ્યા છે.

સૌથી વધારે પ્રદૂષિત પાણીના કારણે રોગચાળામાં સતત વધારો થઈ રહ્યો છે. સ્લમ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા જે પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે. ખાસ કરીને પૂર્વ વિસ્તારના બહેરામપુરા, અમરાઈવાડી અને લાંભામાં પાણીની લાઈનો અને ગટરની લાઈનોમાં તકલીફના કારણે હવે કોલેરા પણ વકર્યો છે. ખાસ કરીને કોટ વિસ્તારમાં જ્યાં જૂની પાણીની પાઈપલાઈનમાં બદલાવની જરૂર પડે ત્યાં લાઈન બદલવાની કામગીરી કરવામાં આવશે. પાણીપુરી, આઈસગોલા અને શરબતના સેમ્પલ લેવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં પાણીના સેમ્પલ લઈને ટેસ્ટ કરવામાં આવ્યા છે.

## CBSEનું પરિણામ: ધો.12માં 87.98% પરિણામ જાહેર થયા પછી ધો.10માં 93.60% રિઝલ્ટ જાહેર

(એજન્સી) અમદાવાદ | તા.13

GSEB (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ) ના પરિણામ બાદ આજરોજ 13 મે, 2024ના CBSEનું પરિણામ જાહેર થયું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન બોર્ડનું ધોરણ 10 અને ધોરણ 12ની પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું છે. જેમાં ધો.10નું 93.60% અને ધો. 12માં 87.98% પરિણામ આવ્યું છે. 15 ફેબ્રુઆરીથી 13 માર્ચ સુધી પરીક્ષા યોજાઈ હતી. દેશના અંદાજિત 35 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પરિણામ વિદ્યાર્થીઓ CBSEની વેબસાઈટ પરથી જાણી શકશે.

આ વર્ષે એટલે કે, 2024નું CBSEનું 87.98% પરિણામ આવ્યું છે. ધોરણ 12માં 24,000થી વધુ વિદ્યાર્થીએ 95 ટકા તો 1.16 લાખથી વધુ વિદ્યાર્થીઓ 90 ટકા મેળવ્યા છે. આ પરિણામમાં છોકરીઓએ 6.40 ટકાથી વધુ પોઈન્ટ્સથી છોકરાઓને પાછળ છોડી દીધા છે. 91 ટકાથી વધુ છોકરીઓએ પરીક્ષા પાસ કરી છે.



**91 ટકાથી વધુ છોકરીઓએ પરીક્ષા પાસ કરી :** આ વર્ષે એટલે કે, 2024નું CBSEનું 87.98% પરિણામ આવ્યું છે. ધોરણ 12માં 24 હજારથી વધુ વિદ્યાર્થીઓએ 95 ટકા તો 1.16 લાખથી વધુ વિદ્યાર્થીઓ 90 ટકા મેળવ્યા છે. આ પરિણામમાં છોકરીઓએ 6.40 ટકાથી વધુ પોઈન્ટ્સથી છોકરાઓને પાછળ છોડી દીધા છે. 91 ટકાથી વધુ છોકરીઓએ પરીક્ષા પાસ કરી છે.

## ગુજરાત વિદ્યાપીઠના કુલપતિની નિમણુંકને લઈને વિવાદ સર્જાયો

(એજન્સી) અમદાવાદ | તા.13

ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાપીઠના નવા નિમાયેલા કુલપતિ હર્ષદ પટેલ સામે વિદ્યાપીઠના જ સીનિયર અધ્યાપકે રાજ્યપાલ અને વિદ્યાપીઠના કુલાધિપતિને ફરિયાદ કરી છે કે હર્ષદ પટેલની કુલપતિ તરીકેનો નિમણૂંક ખોટી રીતે થઈ છે. સત્તાને ગેરમાર્ગે દોરી ખોટી રીતે નિમણૂંક પત્ર મેળવ્યો છે. અધ્યાપકે વિદ્યાપીઠના ટ્રસ્ટીઓને અને યુજીસીને તેમજ પીએમ ઓફિસમાં પણ ફરિયાદ મોકલી અધ્યાપકે આ મુદ્દે કોર્ટમાં કેસ દાખલ કરવા માટે પણ મંજૂરી માંગી છે.

**સિનિયર અધ્યાપકે દાખલ કરી PMOમાં ફરિયાદ**

ગુજરાત વિદ્યાપીઠમાં નવું સત્તામંડળ આવ્યા બાદ નવા કુલપતિ કરીકે હર્ષદ પટેલની નિમણૂંક કરવામાં આવી છે. ત્યારે બીજી તરફ એક પ્રોફેસરે ફરિયાદ કરી છે કે હર્ષદ પટેલની નિમણૂંક ખોટી રીતે થઈ છે. ફરિયાદમાં જણાવવામાં આવ્યુ છે કે વાસણા બીએડ કોલેજના એસોસિએટ પ્રોફેસર હર્ષદ પટેલ યુજીસીના નિયમો મુજબ કુલપતિ માટેનો દસ વર્ષનો પ્રોફેસર તરીકેનો અનુભવ ધરાવતા નથી.

## ઉલટી ગંગા!....નિકોલ PI કે.ડી.જાટ સામે આક્ષેપ કરનાર બે PSIની બદલી કરી દેવાઈ

(એજન્સી) અમદાવાદ | તા.13

અમદાવાદ શહેરના નિકોલ પોલીસ સ્ટેશનના PI કે.ડી.જાટ સામે પોલીસ સ્ટેશનના જ બે PSIએ માનસિક ત્રાસ અને અપમાનજનક વર્તનના આક્ષેપ કર્યા હતા. એક PSIએ શહેર પોલીસ કમિશનર તેમજ ગૃહ રાજ્યમંત્રીને પત્ર લખી કહ્યું હતું કે PI કે. ડી.જાટના માનસિક ત્રાસને કારણે આપઘાત કરી લેવાના વિચાર આવે છે. PI કે.ડી.જાટ વિરુદ્ધ ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી હતી. જો કે આ સમગ્ર મામલે PI જાટ સામે પગલાં લેવાના બદલે



અમદાવાદ શહેર પોલીસ કમિશનરે આક્ષેપ કરનાર બે PSIની જ બદલી કરી દેતા ઉલટી ગંગા જેવો ઘાટ ઘડાયો છે. PI કે.ડી.જાટ સામે આક્ષેપ કરનાર નિકોલ પોલીસ સ્ટેશનના PSI જે. બી. શિયાળની સાબરમતી રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટેશન અને PSI આર.ઓ. યાદવની સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન ખાતે બદલી કરી દેવામાં આવી છે.

નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા PSI જે.બી શિયાળે શહેર પોલીસ કમિશનર તથા ગૃહ રાજ્યમંત્રીને લેખિત અરજી કરી હતી. જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે નિકોલ પોલીસ સ્ટેશનના PI કે.ડી. જાટ વારંવાર ચોક્કસ PSIને જ બંદોબસ્ત ફાળવે છે. ઉપરાંત જયારે કોઈપણ વિષયને લઈને રજૂઆત કરવા જાય ત્યારે PI જાટ અપશબ્દોનો પ્રયોગ કરીને અપમાનિત કરીને કાઢી મુકે છે.

## ચૂંટણીના પરિણામ પછી ગુજરાતની રાજનીતિમાં થશે 3 સૌથી મોટા ધડાકા

(એજન્સી) અમદાવાદ | તા.13

ભાજપે લોકસભાની ચૂંટણીઓમાં અબકી બાર 400 પાર...ના ટાર્ગેટ સાથે ચૂંટણી કેમ્પેઈન શરૂ કર્યું હતું. એમાં વળી ભાજપની ગુજરાતની ટીમે તો હાઈકમાન્ડને સારું લગાડવા રાજ્યની 26 માંથી 26 સીટો 5 લાખની લીડથી જીતવાનો દાવો પણ કરી દીધો હતો. જોકે, 7 મી મે ના રોજ મતદાન થયું અને ગરમીની સિઝનમાં નીરસ મતદાન કરીને મતદારોએ ભાજપને 'ગરમી' બતાવી. સમાન્ય રીતે રાજકીય ગણિત એવું રહ્યું છેકે, વધુ મતદાન થાય તો તેનો લાભ ભાજપને મળે છે. પણ આ વખતે મતદાન ઓછું થયું તો એનું નુકસાન પણ ભાજપને જ ભોગવવાનો વારો આવશે. એવામાં ગુજરાતમાં ક્ષત્રિય આંદોલન અને આંતરિક ખેંચતાણ, ટિકિટોની વહેંચણીમાં નારાજગી અને કોંગ્રેસના આયાતી ઉમેદવારોને લ્હાણી સહિતના મુદ્દાઓથી ભાજપમાં અંદરખાને સ્થિતિ ખુબ તંગ રહી છે. વિવિધ વિશમ સ્થિતિઓની વચ્ચે ગુજરાતમાં ચૂંટણી યોજાઈ થઈ અને ધાર્યા કરતા મતદાન ઘણું ઓછું થયું. આ સ્થિતિમાં ગુજરાતની તમામ બેઠકો 5 લાખની લીડથી જીતવાનો ભાજપનો ફૂગ્ગો તો ફૂટી ગયો. પણ હવે ભાજપ એ મામલે મંથન કરી રહ્યું છેકે, આખરે ચૂંટણીમાં વિભીષણની ભૂમિકા કોણે-કોણે ભજવી. ભાજપ હાઈકમાન્ડ એ મામલે પણ તપાસ કરી રહી છેકે, આખરે ચૂંટણીમાં નિરસ મતદાનની પાછળ પક્ષના કયા નેતાઓ અને મંત્રી જવાબદાર છે. પક્ષમાં રહેલાં વિભીષણોને શોધવા માટે ભાજપ ગુજરાત પોલીસ, આઈબી, સ્થાનિક આગેવાનો અને પક્ષના વિશ્વાસુઓની મદદ લઈ રહ્યું છે.